અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૨૬ ઓક્ટોબર ૨૦૨૪, શનિવાર | વર્ષ : ૧૬ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૦, આસો વદ ૧૦ | અંક : ૧૧૭ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

**રોકાણકારોના ૬૦૦૦૦૦ કરોડ રૂપિયા ડૂબ્યા** | સેન્સેક્સ ૬૬૩ પોઈન્ટ ઘટીને ૭૯,૪૦૨ પર અને નેશનલ સ્ટોક એક્સચેન્જનો નિફ્ટી ૨૧૮ પોઈન્ટ ઘટીને ૨૪,૧૮૦ પોઈન્ટની સપાટીએ બંધ રહ્યો હતા

# સતત પાંચમાં દિવસે સ્ટોક માર્કેટમાં કડાકો જોવા મળ્યો

| (એજન્સી) મુંબઈ, તા.૨૫ |

આજનું સેશન ભારતીય શેરબજાર માટે બ્લેક ફ્રાઈડે સાબિત થયું છે. કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ, બેન્કિંગ અને ઓટો સેક્ટરમાં ભારે વેચવાલીને કારણે સપ્તાહના છેલ્લા ટ્રેડિંગ સેશનમાં બજાર ભારે ઘટાડા સાથે બંધ થયું હતું.

સેન્સેક્સ ૮૦૦૦૦ ની નીચે સરકી ગયો છે અને મિડકેપ શેરો અને સ્મોલ કેપ શેરોમાં પણ ઘટાડો થયો છે. આજના સત્રમાં રોકાણકારોને રૂ. ૬ લાખ કરોડથી વધુનું નુકસાન થયું છે. બજાર બંધ થયા બાદ સેન્સેક્સ ૬૬૩ પોઈન્ટ ઘટીને ૭૯,૪૦૨ પર અને નેશનલ સ્ટોક એક્સચેન્જનો નિફ્ટી ૨૧૮ પોઈન્ટ ઘટીને ૨૪,૧૮૦ પોઈન્ટની સપાટીએ બંધ રહ્યો હતો. આજના કારોબારમાં સેન્સેક્સના ૩૦ શેરોમાંથી ૧૦માં તેજી સાથે જ્યારે ૨૦માં ઘટાડો જોવા મળ્યો હતો. ઈન્ડસઈન્ડ બેંકના શેરમાં સૌથી મોટો ઘટાડો જોવા મળ્યો હતો, જે તેના ખરાબ પરિણામોને કારણે ૧૮.૭૯ ટકા ઘટીને બંધ થયો હતો. આ સિવાય મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા ૩.૫૬ ટકા, ન્ર્ ૩.૦૧ ટકા, ઢ્રૂઝ ૨.૭૩ ટકા, અદાણી પોર્ટ્સ ૨.૩૩ ટકા, મારુતિ ૨.૧૪ ટકા ઘટીને બંધ થયા છે. વધતા શેરોમાં ITC ૨.૨૪ ટકાના વધારા સાથે, એક્સિસ બેન્ક ૧.૮૫ ટકાના વધારા સાથે, HUL 0.96 ટકાના વધારા સાથે, સન ફાર્મા ૦.૫૩ ટકાના વધારા સાથે, ICICI બેન્ક



૦.૫૧ ટકાના વધારા સાથે બંધ થયા છે. આજે પણ શેરબજારમાં ભારે વેચવાલીથી રોકાણકારોને ભારે નુકસાન થયું છે. BSE પર લિસ્ટેડ શેરોનું માર્કેટ કેપ રૂ. ૪૩૭.૭૬ લાખ કરોડ પર બંધ થયું હતું, જે છેલ્લા સત્રમાં રૂ. ૪૪૪ લાખ કરોડની નજીક હતું. એટલે કે આજના સત્રમાં રોકાણકારોને રૂ. ૬ લાખ કરોડથી વધુનું નુકસાન થયું છે.

આજે સૌથી વધુ ઘટાડો બેંકિંગ, કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ, ઓટો, ઓઈલ એન્ડ ગેસ એનર્જી, મીડિયા અને મેટલ્સ સેક્ટરના શેરમાં જોવા મળ્યો છે. માત્ર ફાર્મા અને એફએનસીજી સેક્ટરના શેર જ ઉછાળા સાથે બંધ થયા છે. નિફ્ટી મિડકેપ ઈન્ડેક્સ ૧૦૭૧ પોઈન્ટના ઘટાડા સાથે અને સ્મોલ કેપ ઈન્ડેક્સ ૪૦૧ પોઈન્ટના ઘટાડા સાથે બંધ થયા છે. બીએસઈ મીડકેપ સેગમેન્ટમાં કુલ ટ્રેડેડ ૧૩૨ શેર્સ પૈકી ૧૧૯ શેર્સમાં ૨૦ ટકા સુધી કડાકો નોંધાતા ઈન્ડેક્સ ૧૦૦૦ પોઈન્ટથી વધુ તૂટ્યો છે. પીએસયુ શેર્સમાં મોટાપાયે વેચવાલી નોંધાઈ છે. જેના પગલે BHEL, RVNL, SAIL, સેન્ટ્રલ બેંકના શેર્સ ૫ ટકાથી વધુ તૂટ્યા હતા. વૈશ્વિક સ્તરે અનિશ્ચિતતાઓ વચ્ચે વિદેશી રોકાણકારો મોટાપાયે રોકાણ પાછું ખેંચી રહ્યા છે. ઓક્ટોબરમાં ગઈકાલ સુધી એફઆઈઆઈએ કુલ ૯૭૨૦૫.૪૨ કરોડની વેચવાલી નોંધાવી છે. જેની સામે ડીઆઈઆઈએ રૂ. ૯૨૯૩૧.૫૪ કરોડની ખરીદીનો ટેકો શેરબજારને મળ્યો હોવા છતાં માર્કેટમાં કરેક્શનનું જોર વધ્યું હતું.

## ન્યૂઝ બ્રિફ

### દાના વાવાઝોડાએ બાલેશ્વર જિલ્લામાં વ્યાપક નુકસાન કર્યું

|(એજન્સી) ભુવનેશ્વર, તા.૨૫|

ઓડિશાના દરિયાકાંઠે દાના વાવાઝોડું ત્રાટક્યું છે. આ દરમિયાન મુખ્યમંત્રી મોહન ચરણ માઝીએ જણાવ્યું હતું કે, 'રાજ્યમાં ઝીરો કેઝ્યુઅલ્ટી મિશન સફળ થયું છે. કારણ કે ગુરુવારે રાત્રે દરિયાકાંઠે ત્રાટકેલા દાના વાવાઝોડાથી કોઈ માનવ જીવનના નુકસાન અથવા ઈજાઓ પહોંચી નથી.' ઓડિશાના મુખ્યમંત્રી મોહન માંઝીએ શુક્રવારે અસરગ્રસ્ત જિલ્લાઓના જિલ્લા કલેક્ટરોને શક્ય તેટલી વહેલી તકે નુકસાનનું મૂલ્યાંકન કરવા આદેશ આપ્યા છે.

### દિલ્લી એરપોર્ટ પોલીસે નકલી વિઝાના કૌભાંડનો પર્દાફાશ કર્યો

| (એજન્સી) સુરત, તા.૨૫ |

દેશમાં ફરી એક વાર નકલી વિઝાના કૌભાંડનો પર્દાફાશ થયો છે. દિલ્લી એરપોર્ટ પોલીસે નકલી વિઝાના કૌભાંડનો પર્દાફાશ કર્યો છે. પોલીસે ૬ એજન્ટોની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે. નકલી વિઝા કૌભાંડના માસ્ટર માઈન્ડ પ્રતિક શાહની સુરતથી ધરપકડ કરવામાં આવી છે. પોલીસે સર્ચ ઓપરેશન હાથ ધરતા નકલી વિઝા, સ્ટેમ્પ અને પ્રિન્ટીંગના સાધનો જપ્ત કર્યો છે. આરોપી ઓ સોશિયલ મીડિયા પર ગેરન્ટેડ કેનેડિયન વિઝાની જાહેરાત કરી હતી. આરોપી ઓ ગુજરાતના જ નહીં પરંતુ દેશભરના લોકોને લોભામણી લાલચ આપી ફસાવ્યા હતા.

લૉરેન્સના ભાઈ પર રાખ્યું ૧૦ લાખનું ઈનામ

## બિશ્નોઈ ગેંગ વિરુદ્ધ એનઆઈએ દ્વારા મોટી કાર્યવાહી કરવામાં આવી

| (એજન્સી) નવી દિલ્હી, તા.૨૫ |

મુંબઈમાં બાબા સિદ્દીકીની હત્યા અને અભિનેતા સલમાન ખાનના ઘરે ફાયરિંગના કેસમાં લૉરેન્સ બિશ્નોઈ ગેંગ પર સકંજો કસવા રાષ્ટ્રીય તપાસ એજન્સી (NIA)એ મોટી કાર્યવાહી કરી છે. એનઆઈએ લૉરેન્સના ભાઈ અનમોલ બિશ્નોઈ પર ૧૦ લાખ રૂપિયાના ઈનામની જાહેરાત કરી છે. અનમોલ પર બાબા સિદ્દીકીની હત્યા અને સલમાનને ઘરે ફાયરિંગમાં સામેલ હોવાનો આરોપ છે.

મીડિયા રિપોર્ટ મુજબ હત્યા કેસની તપાસ કરી રહેલી સીબીઆઈને આરોપીઓની પૂછપરછમાં માહિતી મળી છે કે, શૂટર અનમોલ બિશ્નોઈના સીધા સંપર્કમાં હતો. રિપોર્ટ મુજબ ત્રણ શંકાસ્પદ શૂટરોએ હત્યાને અંજામ આપતા પહેલા ઈન્ટેન્ટ મેસેજિંગ એપ (સ્નેપચેટ) દ્વારા અનમોલ સાથે વાતચીત કરી હતી. અનમોલ શૂટર અને ષડયંત્રકાર પ્રવિણ લોનકરના સંપર્કમાં હતો. રાષ્ટ્રીય તપાસ એજન્સી વર્ષ ૨૦૨૨માં બે કેસમાં ચાર્જશીટ ફાઈલ કરી હતી અને આ બંને કેસમાં અનમોલ હોવાનો આરોપ છે.

અનમોલ વિરુદ્ધ કુલ ૧૮ ફોજદારી કેસો દાખલ છે. અગાઉ તે જોધપુરની જેલમાં બંધ હતો અને તેને સાતમી ઓક્ટોબર-૨૦૨૧માં જામીન પર મુક્ત કરાયો હતો. તે કથિત રીતે પોતાના ઠેકાણા બદલતો રહે છે. તે ગત વર્ષે કેન્યા અને આ વર્ષે કેનેડામાં જોવા મળ્યો હતો. રિપોર્ટ મુજબ તે નકલી પાસપોર્ટનો ઉપયોગ કરીને ભારતમાંથી ભાગી ગયો હતો. અનમોલ પંજાબી સિંગર સિદ્ધુ મુસેવાલા હત્યાનો પણ આરોપી છે. મુસેવાલાની હત્યા બાદ અનમોલ ભારતમાંથી ફરાર થઈ ગયો હતો. એપ્રિલમાં સલમાન ખાનના ઘરની બહાર આડેધડ ગોળીબાર થયો હતો, ત્યારબાદ મુંબઈ પોલીસે અનમોલ વિરુદ્ધ લુકઆઉટ નોટિસ જારી કરી હતી. આ ઘટના બાદ ફેસબુક પર અનમોલના નામે એક પોસ્ટ સામે આવી હતી, જેમાં ફાયરિંગની જવાબદારી લેવાઈ હતી. જોકે આ ફેસબુક એકાઉન્ટ અનમોલનું હતું કે નહીં, તેની પુષ્ટી થઈ શકી નથી.

### દિલ્હી પોલીસની સ્પેશિયલ સેલને મોટી સફળતા

**લોરેન્સ બિશ્નોઈ ગેંગ સામે પેન ઈન્ડિયા કાર્યવાહીમાં દિલ્હી પોલીસની સ્પેશિયલ સેલને મોટી સફળતા મળી છે. ગેંગસ્ટર લોરેન્સ બિશ્નોઈ ગેંગના ૭ શૂટર્સની ધરપકડ કરવામાં આવી છે. પંજાબ અને અન્ય રાજ્યમાંથી તમામ શૂટર્સની ધરપકડ કરવામાં આવી છે. પોલીસે શૂટર્સ પાસેથી હથિયારો પણ જપ્ત કર્યા છે. ઇન્વેસ્ટિગેશન એજન્સીએ પણ કાર્યવાહી કરી હતી. NIAએ લોરેન્સના ભાઈ અનમોલ બિશ્નોઈ પર ૧૦ લાખ રૂપિયાનું ઈનામ જાહેર કર્યું છે. અનમોલ બિશ્નોઈ ઉર્ફે ભાનુ કુખ્યાત ગેંગસ્ટર લોરેન્સ બિશ્નોઈનો ભાઈ છે. તે સિંગર-રાજનેતા સિદ્ધુ મુસેવાલાની હત્યાનો આરોપી પણ છે. વર્ષ ૨૦૨૩માં તપાસ એજન્સીએ તેની સામે ચાર્જશીટ દાખલ કરી હતી. મળતી માહિતી મુજબ, નકલી પાસપોર્ટ પર તે ભારતથી ભાગી ગયો હતો.**

૧૧ નવેમ્બરે લેશે શપથ

## સંજીવ ખન્ના દેશના આગામી ચીફ જસ્ટિસ તરીકે નિયુક્ત

### કેન્દ્રીય કાયદા મંત્રી અર્જુન રામ મેઘવાલે જાહેરાત કરી

| (એજન્સી)નવી દિલ્હી, તા.૨૫ |

જસ્ટિસ સંજીવ ખન્નાને ભારતના આગામી ચીફ જસ્ટિસ (CJI) તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. કેન્દ્રીય કાયદા મંત્રી અર્જુન રામ મેઘવાલે ગુરુવારે સાંજે આની જાહેરાત કરી હતી. તેઓ ૧૧ નવેમ્બરે પદ અને ગોપનીયતાના શપથ લેશે. જસ્ટિસ સંજીવ ખન્નાની ભારતના આગામી મુખ્ય ન્યાયાધીશ (CJI) તરીકે નિમણૂક કરવામાં આવી છે. કેન્દ્રીય કાયદા મંત્રી અર્જુન રામ મેઘવાલે ગુરુવારે સાંજે આની જાહેરાત કરી હતી. તેઓ ૧૧ નવેમ્બરે પદ અને ગોપનીયતાના શપથ લેશે. X પરની એક પોસ્ટમાં તેની જાહેરાત કરતા કેન્દ્રીય કાયદા મંત્રી અર્જુન રામ મેઘવાલે કહ્યું, "ભારતના



બંધારણ દ્વારા આપવામાં આવેલી સત્તાનો ઉપયોગ કરીને માનનીય રાષ્ટ્રપતિ, માનનીય ચીફ જસ્ટિસ ઑફ ઈન્ડિયા સાથે પરામર્શ કર્યા પછી નિમણૂક કરવામાં ખુશ છે. ન્યાયાધીશ સંજીવ ખન્ના ૧૧મી નવેમ્બર ૨૦૨૪ થી ભારતના મુખ્ય ન્યાયાધીશ તરીકે ભારતની સર્વોચ્ચ અદાલતના ન્યાયાધીશના શપથ લેશે. ૨૦૧૯ માં જસ્ટિસ ખન્નાએ બંધારણીય બેંચ વતી મુખ્ય ચુકાદો લખ્યો હતો જેમાં કહેવામાં આવ્યું હતું કે RTI એક્ટ CJIની ઓફિસ પર લાગુ છે. અમીશ દેવગન વિ. યુનિયન ઓફ ઈન્ડિયામાં ન્યાયમૂર્તિ સંજીવ ખન્નાએ આપેલો ચુકાદો અપ્રિય ભાષણોને નિયંત્રિત કરવાની જરૂરિયાત પર ભાર મૂકવા માટે નોંધપાત્ર છે.

૨૦૨૧ માં જસ્ટિસ સંજીવ ખન્નાએ ૨-જજોની બહુમતીથી અસંમતિ દર્શાવી હતી કે સેન્ટ્રલ વિસ્ટા પ્રોજેક્ટ માટે જરૂરી પ્રક્રિયાઓનું પાલન કરવામાં આવ્યું નથી. જસ્ટિસ ખન્નાએ બંધારણીય બેંચ વતી ચુકાદો લખ્યો હતો, જેમાં કહેવામાં આવ્યું હતું કે, સુપ્રીમ કોર્ટ માટે બંધારણની કલમ ૧૪૨ હેઠળ સત્તાનો ઉપયોગ કરતી લગ્નને તોડી પાડવાનું કારણ બની શકે છે.

## અમિત શાહને લઈ ખાલિસ્તાની આતંકી પન્નુની મોટી જાહેરાત

| (એજન્સી) નવી દિલ્હી, તા.૨૫ |

ખાલિસ્તાની આતંકવાદી ગુરપંતવંત સિંહ પન્નુએ ફરી એકવાર ખતરો ઉભો કર્યો છે. પન્નુએ આ વખતે CRPF શાળાઓ બંધ રાખવાનું આહ્વાન કર્યું છે. આ ઉપરાંત કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહની વિદેશ યાત્રા અંગે ગુપ્ત માહિતી આપનારને ઈનામ આપવાની પણ જાહેરાત કરી છે. ઉલ્લેખનીય છે કે અમિત શાહ સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સના કમાન્ડર છે. પન્નુનું નિવેદન એવા સમયે આવ્યું છે જ્યારે ખાલિસ્તાન ઝિંદાબાદ ફોર્સે દિલ્હીના રોહિણીમાં સ્કૂલમાં થયેલા વિસ્ફોટની જવાબદારી લીધી



છે.ખાલિસ્તાની આતંકવાદી પન્નુએ કહ્યું છે કે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ CRPF ના વડા છે. તે હરદીપ સિંહ નિજ્જરની હત્યા માટે લોકોને હાયર કરવા અને ન્યૂયોર્કમાં તેની હત્યાનું કાવતરું ઘડવા માટે જવાબદાર છે. પન્નુએ ધમકી આપી છે કે જે પણ અમિત શાહના વિદેશ પ્રવાસ અંગે બાતમી આપશે તેને ૧૦ લાખ ડોલરનું ઈનામ આપવામાં આવશે. આ સિવાય પન્નુએ વિદ્યાર્થીઓ અને વાલીઓને CRPF શાળાઓનો બહિષ્કાર કરવાની અપીલ કરી છે. તેમનું કહેવું છે કે અમૃતસરના સુવર્ણ મંદિર પર થયેલા હુમલા માટે CRPF જવાબદાર છે. તેમનું કહેવું છે કે ૧૯૮૪માં થયેલા શીખ રમખાણો માટે પણ CRPF જવાબદાર છે.ખાલિસ્તાની આતંકવાદી પન્નુએ દાવો કર્યો છે કે પંજાબના ટોચના અધિકારી કેપીએસ ગિલ અને પૂર્વ RAW અધિકારી વિકાસ યાદવ ઘણા રમખાણો માટે જવાબદાર છે. જેમાં પંજાબ અને વિદેશમાં શીખોની હત્યાની ઘટનાઓ પણ સામેલ છે. ઉલ્લેખનીય છે કે કેપીએસ ગિલનું ૨૦૧૭માં નિધન થયું હતું. નોંધનીય છે કે ખાલિસ્તાની પન્નુ અવારનવાર ભારતને લઈને અવાજ ઉઠાવતા રહ્યા છે. તાજેતરમાં તેણે લોકોને એર ઈન્ડિયાની ફ્લાઈટમાં મુસાફરી ન કરવાનું કહ્યું હતું. આ સિવાય તે અગાઉ પણ આવી જ ધમકીઓ આપી ચૂક્યો છે.ઉલ્લેખનીય છે કે અમેરિકાએ ભારત સરકારના ભૂતપૂર્વ અધિકારી વિકાસ યાદવ પર ગયા વર્ષે અમેરિકન ધરતી પર પન્નુની હત્યાના કથિત નિષ્ફળ કાવતરામાં સામેલ હોવાનો આરોપ લગાવ્યો હતો.

અમેરિકાની ચૂંટણીનું કાઉન્ટડાઉન શરૂ

## એડવાન્સ વોટિંગમાં ૨.૮ કરોડ લોકોએ આપ્યો મત

| (એજન્સી) વોશિંગ્ટન, તા.૨૫ |

અમેરિકાએ તેના નવા રાષ્ટ્રપતિને ચૂંટવાની તૈયારી કરી લીધી છે. ૫ નવેમ્બરે દેશ તેના નવા રાષ્ટ્રપતિને ચૂંટશે. પરંતુ આ પહેલા એડવાન્સ મતદાન થઈ રહ્યું છે, જેના કારણે મૂંઝવણની સ્થિતિ સર્જાઈ છે કારણ કે બે ઉમેદવારો ડોનાલ્ડ ટ્રમ્પ અને કમલા હેરિસ વચ્ચે જોરદાર ટક્કર જોવા મળી રહી છે. યુનિવર્સિટી ઓફ ફ્લોરિડા ઈલેક્શન લેબના ડેટા અનુસાર અમેરિકામાં અત્યાર સુધીમાં ૨૮ મિલિયન લોકોએ એડવાન્સ વોટિંગ કર્યું છે. આમાં મોટા ભાગનું મતદાન મેલ મારફતે થયું છે. અમેરિકામાં રાષ્ટ્રપતિની ચૂંટણી પહેલા હાથ ધરવામાં આવેલા પ્રી-પોલ દરમિયાન અત્યાર સુધીમાં લગભગ ૨.૮ કરોડ લોકોએ મતદાન કર્યું છે. અમેરિકામાં સામાન્ય ચૂંટણીની જેમ મતદાન કેન્દ્ર પર પોસ્ટ દ્વારા અથવા રૂબરૂ મતદાન પણ કરવામાં આવે છે.આ એડવાન્સ વોટિંગ ઘણા રાજ્યોમાં કરવામાં આવ્યું છે.

સમગ્ર વિસ્તારમાં BNSSની ધારા ૧૬૩ લાગુ

## ઉત્તરકાશીમાં મસ્જિદ વિવાદઃ ભારે બબાલ બાદ પોલીસનો લાઠીચાર્જ

### સંયુક્ત સનાતન ધર્મ રક્ષક દળ દ્વારા યોજવામાં આવેલી રેલી દરમિયાન પોલીસ અને દેખાવકારોઓ વચ્ચે ઘર્ષણ થયું

| (એજન્સી) ઉત્તરકાશી, તા.૨૫ |

ઉત્તરકાશીમાં ગુરૂવારે મસ્જિદ વિવાદે હિંસકે રૂપ લઈ લીધું છે, જેનાથી શહેરમાં તણાવપૂર્ણ માહોલ પેદા થઈ ગયો છે. જ્યારે સંયુક્ત સનાતન ધર્મ રક્ષક દળ દ્વારા યોજવામાં આવેલી રેલી દરમિયાન પોલીસ અને દેખાવકારોઓ વચ્ચે ઘર્ષણ થયું હતું. આ દરમિયાન પથ્થરમારો અને લાઠીચાર્જની ઘટનામાં આઠ પોલીસકર્મી સહિત ૨૭ લોકો ઘાયલ થયાં છે. તણાવને જોતા બીએનએસની ધારા ૧૬૩ લગાવવામાં આવી છે. આ વિશે માહિતી આપતા ઉત્તરકાશી SP અમિત શ્રીવાસ્તવે કહ્યું કે, ગુરૂવારે સંયુક્ત સનાતન ધર્મ રક્ષક દળની રેલીને પ્રશાસન દ્વારા મંજૂરી આપવામાં આવી હતી. તેમનો રૂટ અને સમય પણ નક્કી હતો. પરંતુ, તે આપવામાં આવેલા



રૂટની બદલે બીજા રૂટથી જવાની જીદ કરી રહ્યા હતાં. પોલીસે તેમને રોકવાનો પ્રયાસ કર્યો તો અમુક દેખાવકારોએ પથ્થરમારો શરૂ કરી દીધો, ત્યારબાદ પોલીસે હળવો બળ પ્રયોગ કરી ભીડને વિખેરી. આ ઘર્ષણ દરમિયાન ૮ પોલીસકર્મીને ઈજા થઈ છે, જેમાંથી બે પોલીસકર્મીને ગંભીર ઈજા થઈ છે. ગુરૂવારે (૨૪ ઓક્ટોબર) હિન્દુ સંગઠનો દ્વારા મસ્જિદના વિરોધમાં મોટી રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું.

ASI સર્વેની અરજી ફગાવી

## જ્ઞાનવાપી મામલામાં હિન્દુ પક્ષને કોર્ટનો મોટો ઝટકો

### હિન્દુ પક્ષની અરજીનો મુસ્લિમ પક્ષે વિરોધ કરતા કહ્યું કે ખોદકામથી મસ્જિદને નુકસાન પહોંચાડી શકાય છે

| (એજન્સી) વારાણસી, તા.૨૫ |

જ્ઞાનવાપી મામલામાં હિન્દુ પક્ષને મોટો ઝટકો લાગ્યો છે. હિન્દુ પક્ષની સંપૂર્ણ જ્ઞાનવાપી પરિસરના વધારાના સર્વેની અપીલ પર કોર્ટે પોતાનો ચુકાદો આપી દીધો છે. કોર્ટે હિન્દુ પક્ષની વધારાના સર્વેની માંગને નકારી દીધી છે. કોર્ટે કહ્યું કે જ્ઞાનવાપી મસ્જિદમાં ન તો સર્વે થશે ન ખોદકામ થશે.

જ્ઞાનવાપી મસ્જિદના સર્વેને લઈને વારાણસીના સિવિલ જજ સીનિયર ડિવિઝન ફાસ્ટ ટ્રેક કોર્ટમાં સુનાવણી ચાલી રહી હતી. એએસઆઈ સર્વે થયા બાદ વધારાના સર્વેની જરૂરીયાત પર કોર્ટે સવાલ કર્યો હતો. ૮ મહિના સુધી આ મામલાની સુનાવણી ચાલી હતી, હવે આજે ચુકાદો આવ્યો છે. હિન્દુ પક્ષ કોર્ટના નિર્ણયથી સંતુષ્ટ નથી અને આ મામલાને લઈને હાઈકોર્ટમાં જવાની તૈયારીમાં છે. હિન્દુ પક્ષકાર વિજય શંકર રસ્તોગીએ પોતાની અરજીમાં દાવો કર્યો કે મસ્જિદના મુખ્ય ગુંબજની નીચે ભગવાન આદિ વિશ્વેશ્વરનું ૧૦૦ ફૂટનું વિશાળ શિવલિંગ અને અરઘા સ્થિત છે, જેનો પેનીટ્રેટિંગ રડારની મદદથી સર્વે કરવો જોઈએ. આ સિવાય વજુખાના અને ભોંયરાના સર્વેની પણ માંગ કરવામાં આવી હતી. મુસ્લિમ પક્ષે આ માંગનો વિરોધ કર્યો હતો. હિન્દુ પક્ષે દાવો કર્યો હતો કે મુખ્ય ગુંબજની નીચે ૧૦૦ ફૂટનું શિવલિંગ છે અને પરિષરના બાકી સ્થળનું ખોદકામ કરાવી એએસઆઈ સર્વે કરાવવો જોઈએ. આ કેસ સોમનાથ વ્યાસ દ્વારા ૧૯૯૧માં દાખલ કરાયેલા દાવા સાથે સંબંધિત છે.

૨૦મી નવેમ્બરે એક જ તબક્કામાં મતદાન યોજાશે

## બાબા સિદ્દીકીના પુત્ર નવાબ મલિકની પુત્રીને NCP અજીત જૂથે આપી ટિકિટ

### NCP અજીત જૂથે નાંદેડની લોહા બેઠક પરથી ભાજપના નેતા અને પૂર્વ સાંસદ પ્રતાપ ચિખલીકરને ટિકિટ આપી

| (એજન્સી) મુંબઈ, તા.૨૫ |

મહારાષ્ટ્રમાં, રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (દ્રઝ્રૅ) અજિત પવાર જૂથે તેના ઉમેદવારોની બીજી યાદી જાહેર કરી છે. બીજી યાદીમાં જેલાવાસ ભોગવી ચૂકેલા નેતા નવાબ મલિકની પુત્રી સના મલિકને ટિકિટ આપવામાં આવી છે. દ્રઝ્રૅએ મહારાષ્ટ્રના અનુશક્તિ નગરથી સનાને મેદાનમાં ઉતાર્યા છે. જ્યારે બાંદ્રા ઈસ્ટ સીટ પરથી બાબા સિદ્દીકીના પુત્ર ઝીશાનને ટિકિટ આપવામાં આવી છે. બીજી યાદીમાં ૭ ઉમેદવારોના નામ સામેલ છે. એનસીપીએ ભાજપ છોડનારા ત્રણ નેતાઓ અને કોંગ્રેસના પૂર્વ નેતાને ટિકિટ આપી છે. દ્રઝ્રૅ અજીત જૂથની બીજી યાદીમાં ૭ ઉમેદવારોના નામ સામેલ છે. બીજી યાદીમાં પણ નવાબ મલિકને ટિકિટ આપ વામાં આવી નથી. આવી સ્થિતિમાં શું નવાબ



મલિક રાજકારણમાં સક્રિય રહેશે, શું પાર્ટી તેમને કુર્લા પૂર્વ બેઠક પરથી ઉમેદવાર બનાવશે કારણ કે તેમની પુત્રી સનાને અનુશક્તિ નગરથી ઉમેદવાર બનાવવામાં આવી છે.

નવાબ મલિક પર અંડરવર્લ્ડ અને મની લોન્ડરિંગ સાથે સંબંધ હોવાનો આરોપ છે, આ કારણે ભાજપ નવાબ મલિકથી અંતર બનાવી રહ્યું છે. આ જ કારણ છે કે એનસીપીએ તેમને હજુ સુધી ટિકિટ આપી નથી. અજિત પણ ભાજપ સાથે નારાજગી અને તણાવ ઈચ્છતા

CMYK

## જામનગર જિલ્લામાં પહેલીવાર મોબાઈલ એપથી પશુધનની વસતી ગણતરી કરાશે

। (એજન્સી) જામનગર, તા.૨૫ ।

કેન્દ્ર સરકારના પશુપાલન વિભાગ દ્વારા દર પાંચ વર્ષે કરવામાં આવતી પશુધન વસ્તી ગણતરી અંતર્ગત આ વર્ષે પણ પશુઓની ગણતરી કરી તેનો ડેટા સંગ્રહ કરવામાં આવનાર છે. ૨૫મી ઓક્ટોબરના રોજ જામનગર જિલ્લામાં સૌ પ્રથમવાર મોબાઈલ એપથી પ્રારંભ કરવામાં આવનાર આ ૨૧ મી પશુધન વસ્તી ગણતરી ને લઈને જિલ્લા પશુપાલન વિભાગ દ્વારા જરૂરી તમામ તૈયારીઓને આખરી ઓપ અપ ાઈ ચુક્યો છે. પશુધન વસ્તી ગણતરી માટે કેન્દ્ર સરકાર દ્વારા સમગ્ર ભારત દેશના ચાર રાજ્યોમાં ગત જુલાઈ માસમાં પાયલોટ સર્વેનું આયોજન કરવામાં આવ્યું હતું. જે અંતર્ગત ગુજરાત રાજ્યમાં એકમાત્ર જામનગર જિલ્લાની પસંદગી થઈ હતી. આ પાયલોટ સર્વેમાં શહેરી વિસ્તાર તરીકે કાલાવડ નગરપાલિકા વોર્ડ નં.૩ અને ગ્રામ્ય વિસ્તાર તરીકે જોડિયા ગામમાં પ્રાયોગિક ધોરણે પશુધન વસ્તી ગણતરી હાથ ધરવામાં આવી હતી. હવે ૨૫ મી ઓક્ટોબરથી શરુ થનાર ૨૧ મી પશુધન વસ્તી ગણતરીને અદ્યતન ડેટાના આધારે પશુધનની વિવિધ જાતોની સંખ્યા નક્કી થવાથી ચારાની આવશ્યકતા,રસીકરણ, કૃમિ નાશક કામગીરી તેમજ નીતિ વિષયક બાબતો નો નિર્ણય લેવામાં ઉપયોગી થશે.

## ગુજરાત મેડીકલ કાઉન્સિલમાંથી લાયસન્સ લેવું ફરજીયાત કરાયું

। (એજન્સી) અમદાવાદ, તા.૨૫ ।

ગુજરાત મેડિકલ કાઉન્સિલ દ્વારા એક મહત્વની માહિતી જાહેર કરવામાં આવી છે. હવેથી વિદેશમાંથી MBBS કરનારા ડોક્ટરોને M.D ડિગ્રી મળશે. તે ફરજિયાત MBBS તરીકે લખવું જોઈએ અને 'ફિઝિશિયન' અથવા ડૉક્ટર ઑફ મેડિસિન નહીં. જો નિયમનું પાલન નહીં થાય તો તેની સામે લાયસન્સ સસ્પેન્ડ કરવા સુધીની કાર્યવાહી કરવામાં આવશે. ભારત બહારથી આવતા કેટલાક ડોકટરો (ફોરેન મેડિકલ ગ્રેજ્યુએટ (FMGS)) જેમણે MBBS પાસ કર્યું છે, જેમની પાસે દેશની MBBS લાયકાતની સમકક્ષ ડિગ્રી છે, તેઓ પોતે MD છે. આવા તમામ ફોરેન મેડિકલ ગ્રેજ્યુએટ્સ (FMGS) લાયકાત ધારક તરીકે "ફિઝિશિયન" અથવા ડોક્ટર ઓફ મેડિસિન લખીને લોકોને ગેરમાર્ગે દોરે છે, તો આવા તમામ ફોરેન મેડિકલ ગ્રેજ્યુએટ્સ (FMGS) એ માત્ર MBBS લખવાનું રહેશે અન્યથા નેશનલ મેડિકલ કમિશન મુજબ તેમનું લાઈસન્સ સસ્પેન્ડ કરવામાં આવશે. . ગુજરાત મેડિકલ કાઉન્સિલની નીતિ હેઠળ જરૂરી પગલાં લેવામાં આવશે. ગુજરાતમાં પ્રેક્ટિસ કરતા તમામ એલોપેથિક ડોકટરોએ તેમના પ્રિસ્ક્રિપ્શન, લેટર પેડ/રબર સ્ટેમ્પ, ફી રસીદો, તબીબી પ્રમાણપત્રો વગેરે પર ગુજરાત મેડિકલ કાઉન્સિલ દ્વારા જારી કરાયેલ લાઈસન્સ નંબરનો ફરજિયાત ઉલ્લેખ કરવો આવશ્યક છે.ગુજરાતમાં પ્રેક્ટિસ કરવા માટે તમામ એલોપેથિક ડોક્ટરોએ ગુજરાત મેડિકલ કાઉન્સિલ પાસેથી લાયસન્સ મેળવવું જરૂરી છે.

### "પ્રૂફ ઓફ કન્સેપ્ટ" રાઉન્ડમાં લેશે ભાગ

## જામનગર પોલિટેકનિક કોલેજના વિદ્યાર્થીઓનું ગુજરાત રોબોફેસ્ટ ૪.૦ માં ઉત્કૃષ્ટ પ્રદર્શન

### હાથના કાંડા અને આંગળિઓના હલનચલનથી સંચાલન કરી શકાય એવા રોબોટનું મોડલ વિદ્યાર્થીઓએ તૈયાર કર્યું

। (એજન્સી) જામનગર, તા.૨૫ ।

જામનગરની સરકારી પોલીટેકનીક કૉલેજના ઈલેક્ટ્રોનિક્સ એન્જિનિયરિંગ વિભાગના વિદ્યાર્થીઓએરાષ્ટ્રીયકક્ષાનીગૌરવવંતીરોબોટિક્સ સ્પર્ધા ગુજરાત રોબોફેસ્ટ ૪.૦ ના પ્રથમ રાઉન્ડમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી પોતાની સંસ્થાને ગૌરવ અપાવ્યું છે.

આ ટીમ સ્પર્ધાના આગળના રાઉન્ડમાં જવા માટે પસંદગી પામેલ છે, અને સાથે સાથે તેમને આ નવીન રોબોટિક પ્રોજેક્ટ માટે ૫૦,૦૦૦ રૂપિયાનું રોકડ ઈનામ પણ મળેલ છે. આ ટીમમાં સામેલ વિદ્યાર્થીઓ સંજીવ કશ્યપ (ટીમ લીડર), કુશાંત કુંભારાણા, જીગર ભેડા અને યશ મહેતાએ સખત મહેનત કરી ટીમના મેંટર ઇ.સી. વિભાગના વડા આશુતોષ ભટ્ટના માર્ગદર્શન હેઠળ એક તદ્દન નવીન પ્રકાર હાથના કાંડા અને આંગળિઓના હલનચલનથી સંચાલન કરી શકાય એવા "જેસ્ચર-કન્ટ્રોલ્ડ રોબોટિક આર્મ વિથ ઓમ્નિડિરેક્શનલ મૂવિંગ બેઝ" રોબોટનું એક મોડેલ તૈયાર કરેલ છે. આ પ્રકારના રોબોટનો ઉપયોગ ઈન્ડસ્ટ્રીમાં, મોટા ગોડાઉનમાં વસ્તુઓની હેર-ફેર માટે તેમજ બીજે અન્ય જગ્યાઓએ મોટા પ્રમાણમાં થાય છે. આ રોબોટની લાક્ષણિકતા અને કાર્યક્ષમતાએ ન્યાયાધીશોને પ્રભાવિત કર્યા છે.

વિદ્યાર્થીઓ હવે આગામી તબક્કા "પ્રૂફ ઓફ કન્સેપ્ટ" રાઉન્ડ માટે તૈયારી કરી રહ્યા છે, જે ૨૭ ઓક્ટોબર ૨૦૨૪ના રોજ સાયન્સ સિટી, અમદાવાદ ખાતે યોજાશે. આ રાઉન્ડ તેમના રોબોટિક સોલ્યુશનની વ્યવહારિકતા અને અસરકારકતાનું વધુ પરીક્ષણ કરશે. ત્યારબાદ આગામી તબક્કામાં આ રોબોટનું ૩'ટ૨.૫'ટ૩.૫'નું સંપૂર્ણ રીતે કાર્ય કરતું મોડેલ તૈયાર કરવામાં આવશે.

### સંતો દ્વારા કરવામાં આવી વિશેષ માંગ

## ગીરનારની પવિત્ર લીલી પરિક્રમા ૧૧ થી ૧૫ નવેમ્બરે યોજાશે

। (એજન્સી) જૂનાગઢ, તા.૨૫ ।

ગિરનારમાં લીલી પરિક્રમા કરવા માટે દર વર્ષે લાખોની સંખ્યામાં શ્રદ્ધાળુઓ આવતા હોય છે. ત્યારે ફરી એકવાર આ વખતે પણ શ્રદ્ધાળુઓ દ્વારા લીલી પરિક્રમાને લઈને છેલ્લા કેટલાય સમયથી રાહ જોવામાં આવી રહી છે. પરિક્રમા ક્યારે યોજાશે તે નક્કી થઈ ગયું છે. જેમાં ૧૨ નવેમ્બરથી લઈને ૧૫ નવેમ્બર સુધી આ પરિક્રમા યોજાવાની છે. લાખોની સંખ્યામાં શ્રદ્ધાળુઓ ગિરનારના જંગલમાં યાત્રા કરવાના છે. ત્યારે આ વખતે યાત્રાળુઓને કોઈ તકલીફ ન પડે તેને લઈને ગિરનાર મંડળ તેમજ સંતો દ્વારા ખાસ પ્રકારની વ્યવસ્થાઓ કરવામાં આવી છે. સાથે જ ઉતારા મંડળ અને તીર્થ ગોર દ્વારા લીલી પરિક્રમાને લઈને કલેક્ટરને આવેદનપત્ર પણ આપવામાં આવ્યું છે. સંતો દ્વારા પોતાની અમુક ખાસ માંગ રજૂ કરવામાં આવી છે. જેમાં ખાસ કરીને કોઈ પણ વિધર્મીનો પ્રવેશ લીલી પરિક્રમામાં ન થાય તેને લઈને માંગ કરવામાં આવી છે. સાથે જ પીવાના પાણી, ટોઈલેટ બ્લોકની સમસ્યા યાત્રાળુઓને ન નડે તેને લઈને પણ માંગણી કરવામાં આવી છે.

### તા.૨૬થી ૩૦ દરમિયાન મુસાફરી માટે એડવાન્સ બુકિંગ શરૂ

## દિવાળીના તહેવાર નિમિત્તે ગાંધીનગર એસટી ડેપોથી એક્સ્ટ્રા બસો દોડાવાશે

### દાહોદ-ગોધરા સહિત મધ્ય ગુજરાત, કચ્છ-સૌરાષ્ટ્ર જવા અમદાવાદ ડેપોથી પણ એક હજાર બસ મળશે

। (એજન્સી) ગાંધીનગર, તા.૨૫ ।

દિવાળીના તહેવારોમાં વતન તરફ જતા પરિવારોનો ભારે ધસારો થતો હોય છે. તેને અનુલક્ષી ગાંધીનગર એસ.ટી ડેપોથી એક્સ્ટ્રા બસો દોડાવવાનું આયોજન કરાયું છે. તા.૨૬થી ૩૦ દરમિયાન એક્સ્ટ્રા બસોમાં આરામદાયક મુસાફરી કરી શકાય તે માટે એડવાન્સ રિઝર્વેશન શરૂ કરાયું છે.

ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ દ્વારા પ્રતિ વર્ષની જેમ આ વખતે પણ દિવાળીના તહેવારોને અનુલક્ષી ખાસ એક્સ્ટ્રા બસો દોડાવવા આયોજન કરવામાં આવ્યુ છે. ગાંધીનગર એસ.ટી ડેપો મેનેજર હાર્દિક રાવલે જણાવ્યુ કે ગાંધીનગર એ રાજ્યનું પાટનગર હોવાથી અનેક સરકારી કચેરીઓમાં ફરજ બજાવતા રાજ્યભરના કર્મચારીઓ પરિવાર સાથે રહેતા હોય છે અને દિવાળીના તહેવારમાં વતનમાં અચૂક જતા હોય છે. જેથી ગાંધીનગર ડેપોમાંથી પોરબંદર, સોમનાથ અને ઉના તરફ જવા માટે એક્સ્ટ્રા



બસો મુકવામાં આવી છે. આ ઉપરાંત દિવાળી નિમિત્તે અમદાવાદ સેન્ટ્રલ એસ.ટી ડોપોમાંથી પણ એક હજાર એક્સ્ટ્રા બસો ફાળવવામાં આવી છે. તેમાં દાહોદ, ગોધરા,ઝાલોદ, ફતેપુરા, બારિયા, અમરેલી, કચ્છ-સૌરાષ્ટ્ર તરફની બસોનો સમાવેશ થાય છે. આ ઉપરાંત બેસતા વર્ષથી લાભપાંચમ સુધી અંબાજી, પાવાગઢ, સોમનાથ, દ્વારકા, સારંગપુર અને બગદાણા જેવા ધાર્મિક સ્થળો પર જવા માટે પણ એક્સ્ટ્રા બસો મુકવામાં આવશે.

### ભારે વરસાદને કારણે ખેડૂતોનો પાક નાશ પામ્યો છે

## જયેશ રાદડિયાએ સૌરાષ્ટ્રના ખેડૂતોને નુકસાનીનું વળતર ચૂકવવા કરી માંગ

### ભારે વરસાદને કારણે મગફળી, કપાસ, સોયાબીન, તુવેર, તલ, મરચા જેવા પાકો સંપૂર્ણપણે નાશ પામ્યા છે

। (એજન્સી) અમદાવાદ, તા.૨૫ ।

ગુજરાતમાં પડેલા ભારે વરસાદને કારણે ખેડૂતોનો પાક નાશ પામ્યો છે, ધારાસભ્ય જયેશ રાદડિયાએ મુખ્યમંત્રી અને કૃષિ મંત્રીને પત્ર લખીને વળતરની માંગ કરી છે, સૌથી વધુ નુકસાન સૌરાષ્ટ્રના ખેડૂતોને થયું છે અને વળતરની માંગ કરી છે.

ધારાસભ્ય જયેશ રાદડિયા ખેડૂતો વચ્ચે પહોંચ્યા છે. ભારે વરસાદને કારણે મગફળી, કપાસ, સોયાબીન, તુવેર, તલ, મરચા જેવા પાકો સંપૂર્ણપણે નાશ પામ્યા છે, જેના કારણે ખેડૂતોને રોકડ રકમ ઉપરાંત તૈયાર પાક પણ ગુમાવવો પડ્યો છે. પૂર આવ્યું છે જેના કારણે પાક નાશ પામ્યો છે, આ પાકની સહાયની રકમ વહેલી તકે ચૂકવવામાં આવે તેવી માંગણી કરવામાં આવી છે. સૌરાષ્ટ્ર, દક્ષિણ ગુજરાત અને મધ્ય ગુજરાત સહિતના કેટલાક વિસ્તારોમાં ભારે વરસાદને કારણે ખેડૂતોના પાક અને જમીનો ધોવાઈ ગયા હતા. જેના કારણે ખેડૂતોને ભારે નુકસાન થયું છે. ત્યારે રાજ્ય સરકાર ભારે વરસાદને કારણે રાહત પેકેજ જાહેર કરશે. રાજ્ય સરકાર ખેડૂતોને આર્થિક મદદ કરે છે અને પાકનો સર્વે કરીને ખેડૂતોને મદદ કરે છે. પરંતુ ભારે વરસાદ અને પૂરની સમસ્યાનો સામનો કરી રહેલા ગુજરાતના ખેડૂતોને સરકારી મદદના નામે એક પૈસો પણ મળી શક્યો નથી.

૩૫૦ કરોડની રાહત રકમની જાહેરાત કરવામાં આવી હતી. જુલાઈના અંતમાં અતિવૃષ્ટિથી થયેલા નુકસાનની ભરપાઈ કરવામાં આવી રહી છે. ઓગસ્ટ મહિનામાં ભારે વરસાદને કારણે ખેડૂતોના પાકને થયેલા નુકસાન અને ખેતીની જમીનના ધોવાણના સર્વેની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે.

સરકાર ટૂંક સમયમાં રાહતની જાહેરાત કરશે. આ તમામ સર્વેની ચૂકવણી કરવાની રહેશે. આટલા મોટા રાજ્યમાં સર્વે કરાવવો મુશ્કેલ કામ છે. અઠવાડિયાના વરસાદ બાદ ખેતરોમાં પાણી ભરાઈ ગયા હતા. તેથી, સર્વેમાં થોડો વિલંબ થયો છે. પરિણામે, આ પ્રક્રિયા ઓછા સમયમાં પૂર્ણ થશે.

### પેકેજમાં કચ્છ, સોમનાથ અને દ્વારકા ફરવાની પણ તક

## આઈઆરસીટીસીના કચ્છના ટુર પેકેજમાં તમને ટ્રેનમાં બેસીને મુસાફરી કરવાની તક મળશે

। (એજન્સી) અમદાવાદ, તા.૨૫ ।

આઈઆરસીટીસી પ્રવાસીઓ માટે દેશ વિદેશના ટુર પેકેજ લોન્ચ કરે છે. આ ટુર પેકેજ દ્વારા પ્રવાસીઓ સસ્તામાં વધુ સુવિધા સાથે પ્રવાસ કરી શકે છે, જેનાથી ટુરિઝમને પણ પ્રોત્સાહન મળે છે. આ ટુર પેકેજનો લાભ તમે દરરોજ લઈ શકો છો. આઈઆરસીટીસી અવાર નવાર પ્રવાસીઓ માટે ટુર પેકેજ લોન્ચ કરે છે. હાલમાં કચ્છ માટે ટુર પેકેજ લોન્ચ કર્યું છે. આ ટુર પેકેજ અમદાવાદથી શરુ થશે અને કુલ ૫ દિવસના આ પેકેજમાં કચ્છ, સોમનાથ અને દ્વારકા ફરવાની પણ તક મળશે. આ ટુર પેકેજ ૫ રાત અને ૬ દિવસનું છે. જો તમે આ ટુર પેકેજમાં એકલા જવા માંગો છો તો તમારે પ્રતિ વ્યક્તિ ૭૩,૭૦૦ રુપિયા ચૂકવવા પડશે. જો તમે ૨ લોકો આ ટુર પેકેજનો લાભ લેવા માંગો છો તો તમારે પ્રતિ વ્યક્તિ ૩૭૯૦૦ રુપિયા આપવા પડશે. આમ અલગ અલગ ચાર્જ ચૂકવવાનો રહેશે. આ ટુર પેકેજમાં ૨ રાત્ર દ્વારકા, ૧ રાત્રિ સોમનાથ અને ૨ રાત્રિ કચ્છમાં રહેવાનું રહેશે. આ પેકેજ અમદાવાદથી તમને ટેન્ટ સિટી ધોરડો જવાનું રહેશે. ત્યારબાદ કચ્છથી દ્વારકા અને દ્વારકાથી નાગેશ્વર, બેટ દ્વારકા થઈ પોરબંદર અને સોમનાથ મહાદેવના દર્શન કરી શકશો. સોમનાથમાં નાસ્તા પાણી કર્યા પછી હોટેલમાંથી ચેક-આઉટ કરી અને ભાલકા તીર્થ, ત્રિવેણી સંગમની મુલાકાત લેવામાં આવશે. ત્યારબાદ બાદ પરત ફરવાનું રહેશે.

### મંદિરે જતાં પહેલા જાણી લો સમય

## દિવાળીના તહેવારોમાં દ્વારકાધીશના દર્શનના સમયમાં થયેલો ફેરફાર

। (એજન્સી) દેવભૂમિ દ્વારકા, તા.૨૫ ।

યાત્રાધામ દેવભૂમિ દ્વારકામાં દર વર્ષે હજારો યાત્રિકો જગત મંદિર દ્વારકાધીશના દર્શને આવતા હોય છે, ત્યારે દિવાળીના તહેવારને અનુલક્ષીને દ્વારકાના જગત મંદિરમાં દર્શનના સમયમાં કેટલાક ફેરફારો કરવામાં આવ્યા છે. દ્વારકાધીશ મંદિરમાં ૩૦મી ઑક્ટોબરથી ત્રીજી નવેમ્બર સુધી દિવાળીની ધામધૂમથી ઉજવણી કરવામાં આવશે. આ દરમિયાનના દર્શનના સમયમાં ફેરફાર કરાયો છે.

**દ્વારકા મંદિર દર્શન સમયમાં ફેરફાર**

● બુધવારે (૩૦મી ઑક્ટોબર) ધનતેરસના દિવસે સવારે ૬:૩૦ વાગ્યે મંગળા આરતી થશે. જ્યારે બપોરે ૦૧:૦૦થી ૦૫:૦૦ સુધી મંદિર બંધ રહેશે. ઉત્થાપન દર્શન સાંજે ૦૫:૦૦થી રાત્રે ૦૯:૪૫ વાગ્યા સુધી મંદિર ખુલ્લું રહેશે.

● ગુરૂવારે (૩૧મી ઑક્ટેબર) રૂપ ચૌદસ અને દિવાળીના દિવસે સવારે ૫:૩૦ કલાકે મંગલા આરતી અને ૧:૦૦ અનુસાર બંધ થશે. ઉત્થાપન દર્શન સાંજે ૦૫:૦૦ ખુલશે. હાટડી દર્શન સાંજે ૦૮:૦૦ વાગ્યે અને રાત્રે ૦૯:૪૫ વાગ્યા સુધી મંદિર ખુલ્લું રહેશે.

● શુક્રવાર (પહેલી નવેમ્બર) અન્નકુટ ઉત્સવના દિવસે સવારે ૬:૩૦ વાગ્યે મંગળા આરતી થશે. જ્યારે બપોરે ૦૧:૦૦થી ૦૫:૦૦ સુધી મંદિર બંધ રહેશે. અન્નકુટ દર્શન ૫:૦૦થી ૦૭:૦૦ વાગ્યા સુધી અને રાત્રે ૦૯:૪૫ વાગ્યા સુધી મંદિર ખુલ્લું રહેશે.

● શનિવાર (બીજી નવેમ્બર) નૂતન વર્ષના દિવસે સવારે ૬:૩૦ વાગ્યે મંગળા આરતી થશે. જ્યારે બપોરે ૦૧:૦૦થી ૦૫:૦૦ સુધી મંદિર બંધ રહેશે. ઉત્થાપન દર્શન સાંજે ૦૫:૦૦થી રાત્રે ૦૯:૪૫ વાગ્યા સુધી મંદિર ખુલ્લું રહેશે.

● રવિવાર (ત્રીજી નવેમ્બર) ભાઈ બીજ ઉત્સવના દિવસે સવારે ૬:૩૦ વાગ્યે મંગળા આરતી થશે. જ્યારે બપોરે ૦૧:૦૦થી ૦૫:૦૦ સુધી મંદિર બંધ રહેશે. ઉત્થાપન દર્શન સાંજે ૦૫:૦૦થી રાત્રે ૦૯:૪૫ વાગ્યા સુધી મંદિર ખુલ્લું રહેશે.

### રેકી કરનારો પણ ઝડપાયો

## અમદાવાદમાં મહિલાના વેશમાં ૨૬ કિલો ચાંદી લૂંટનારાની ધરપકડ

। (એજન્સી) અમદાવાદ, તા.૨૫ ।

અમદાવાદના કૃષ્ણનગર વિસ્તારમાં મહિલાના વેશમાં ચિલઝડપ કરનાર ગેંગના બે આરોપીની ક્રાઈમ બ્રાન્ચે ધરપકડ કરી છે. જવેલર્સની દુકાન બહારથી મહિલાના કપડામાં આરોપીઓ ૨૬ કિલો ચાંદીની ચિલઝડપ કરી હતી. પોલીસથી બચવા મહિલાનો સ્વાંગ આરોપી એ ધારણ કર્યો હોવાનું સામે આવ્યું છે .

ક્રાઈમ બ્રાન્ચની ગીરફતમાં ઉભેલા આરોપી નામ નીતિન છારા અને રાકેશ છારા છે. આ બંને આરોપીની ચાંદીની ચિલઝડપ કેસમા ધરપકડ કરવામાં આવી છે. અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચ દ્વાર આ બન્ને આરોપી રીઢા ગુનેગાર છે અને ગુનો કરી પોલીસના હાથે પકડાય નહિ એ માટેથી આરોપીએ ચિલઝડપ કરવા માટે મહિલાનો વેશ ધારણ કરી ચિલઝડપના ગુનાને અંજામ આપ્યો હતો. ક્રાઈમ બ્રાન્ચની બાતમીના આધારે બન્ને આરોપી ઝડપી લઈ ૧૮ કિલો ચાંદીના દાગીના કબ્જે કર્યા છે. ગત ૯ ઓક્ટોમ્બર નાં રોજ કૃષ્ણનગરનાં સરદાર ચોકમાં આવેલા લાલભાઈ જવેલર્સની દુકાન આગળ એક્ટિવાની આગળનાં ભાગે રાખેલ ચાંદીનાં દાગીના ભરેલ બેગની ચિલઝડપ કરીને ફરાર થાય ગયા હતા સેકંડો માં જ...એક્ટિવામાં રહેલા ૨૩ લાખથી વધુની કિંમતના ૨૬ કિલો ચાંદીના દાગીના ચિલઝડપ કરવામાં આવી હતી અને આરોપીઓ રફુચક્કર થઈ ગયા હતા. પકડાયેલ આરોપીની પૂછપરછ અને પોલીસની પ્રાથમિક તપાસમાં સામે આવ્યું કે બે પકડાયેલા આરોપી સાથે એક વોન્ટેડ આરોપી દિવ્યાંગ રાઠોડ ચિલઝડપ કરવા ગયો હતો.

**વિશેષ**

### ૭૦૫ કરોડના ખર્ચે પાણી પુરવઠાના વિવિધ વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહુર્ત કરવામાં આવશે

# વડાપ્રધાન નરેન્દ્ર મોદી આગામી ૨૮ ઓક્ટોબરના રોજ અમરેલી ખાતે ૪૮૦૦ કરોડથી વધુના વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહુર્ત કરશે

। (માહિતી) ગાંધીનગર ।

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આગામી ૨૮ ઓક્ટોબરના રોજ ગુજરાત આવી રહ્યા છે. તેમના આગામી ગુજરાત પ્રવાસ દરમિયાન તેઓ અમરેલી જિલ્લા ખાતે ૪૮૦૦ કરોડથી વધુના વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહુર્ત કરશે, જેમાં અમરેલી,જામનગર, મોરબી, દેવભૂમિ દ્વારકા, જૂનાગઢ, પોરબંદર, કચ્છ અને બોટાદ જિલ્લાના લગભગ ૧૬૦૦ જેટલા વિકાસકાર્યોનો સમાવેશ થાય છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી ૭૦૫ કરોડના પાણી પુરવઠા વિભાગના વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહુર્ત કરશે. તેઓ અમરેલી જિલ્લાની ગાગડિયો નદી પર ૩૫ કરોડના ખર્ચે નિર્મિત ભારતમાતા સરોવરનું લોકાર્પણ કરશે. આ સાથે જ તેઓ, જળસંચય વિભાગ હેઠળ ૨૦ કરોડના પિટ રિચાર્જ, બોર રિચાર્જ અને કૂવા રિચાર્જના ૧૦૦૦ કામોનું ખાતમુહુર્ત અને ૫૯૦ કામોનું લોકાર્પણ પણ કરશે. વડાપ્રધાનશ્રી ૨૮૦૦ કરોડથી વધુના નેશનલ હાઈવે ઓથોરિટી ઑફ ઈન્ડિયા (NHAI) ના વિવિધ કાર્યોનું લોકાર્પણ અને ખાતમુહુર્ત કરશે. વધુમાં, ૧૦૯૪ કરોડના ખર્ચે રેલવે વિભાગ હેઠળ ભુજ-નલિયા ગેજ કન્વર્ઝન પ્રોજેક્ટનું પણ લોકાર્પણ કરશે.

**પાણી પુરવઠા વિભાગના વિવિધ વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહુર્ત**

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી આગામી ૨૮ ઓક્ટોબરે અમરેલી જિલ્લા ખાતેથી ૭૦૫ કરોડના પાણી પુરવઠા વિભાગના વિવિધ વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહુર્ત કરશે, જેમાં ૧૧૨ કરોડના કાર્યોનું ખાતમુહુર્ત અને ૬૪૪ કરોડના વિકાસકાર્યોનું લોકાર્પણ કરવામાં આવશે. આ વિકાસકાર્યોમાં બોટાદ જિલ્લા માટે નાવડાથી ચાવંડ બલ્ક પાઈપલાઈનનું લોકાર્પણ તેમજ ભાવનગર જિલ્લામાં પીવાના પાણી માટેની પસવી જૂથ ઓગમેન્ટેશન પાણી પુરવઠા યોજના ભાગ-૨ના કામોના ખાતમુહુર્તનો સમાવેશ થાય છે. નાવડાથી ચાવંડ બલ્ક પાઈપલાઈન પ્રોજેક્ટના પૂર્ણ થવાથી બોટાદ, અમરેલી, જૂનાગઢ, રાજકોટ અને પોરબંદર જિલ્લાના ૧૨૯૮ ગામો અને ૩૬ શહેરોના લગભગ ૬૭ લાખ લાભાર્થીઓને વધારાનું ૨૮ કરોડ લીટર પાણી પૂરું પાડવામાં આવી રહ્યું છે. જ્યારે, ભાવનગર જિલ્લામાં પીવાના પાણી માટેની સ્કીમો હેઠળ જિલ્લાના મહુવા, તળાજા અને પાલીતાણા તાલુકાના ૯૫ ગામોને આવરી લેવામાં આવ્યા છે, જેની વસ્તી લગભગ ૨.૭૫ લાખ લોકોની છે.

**૩૫ કરોડના ખર્ચે નિર્મિત ભારતમાતા સરોવરનું લોકાર્પણ**

પબ્લિક પ્રાઈવેટ પાર્ટનરશીપ (PPP) મોડલ અન્વયે ગુજરાત સરકાર અને ધોળકિયા ફાઉન્ડેશન દ્વારા ૩૫ કરોડના ખર્ચે લાઠીના દુધાળા ખાતે હેતની હવેલી પાસે ભારતમાતા સરોવરનું નિર્માણ કરવામાં આવ્યું છે. વોટરશેડ ડિપાર્ટમેન્ટ હસ્તકના ૪.૫૦ કરોડ લીટર પાણીની સંગ્રહશક્તિ ધરાવતા ચેકડેમને ધોળકિયા ફાઉન્ડેશન દ્વારા ઊંડો કરવામાં આવ્યો છે, તેની પહોળાઈ પણ વધારવામાં આવી છે, અને ચેકડેમની બંને બાજુએ માટી નાખીને તેની મજબૂતાઈમાં વધારો કરવામાં આવ્યો છે. તેના પરિણામે ચેકડેમની પાણીની સંગ્રહશક્તિમાં ૨૦ કરોડ લીટરનો વધારો થયો છે. આ ચેકડેમને ભારતમાતા સરોવર નામ આપવામાં આવ્યું છે, અને હાલ ભારતમાતા સરોવરમાં અંદાજે ૨૪.૫૦ કરોડ લીટર પાણીનો સંગ્રહ થયો છે. તેના કારણે આજુબાજુના ખેતરમાં આવેલા બોર તેમજ કૂવાના પાણીના સ્તરમાં વધારો થયો છે, જેના લીધે આસપાસના ગામોમાં પાણીની સગવડ થઈ છે, અને ગામના ખેડૂતોને સિંચાઈ માટે પરોક્ષ રીતે લાભ મળ્યો છે.

**૨૮૦૦ કરોડથી વધુના NHAIના વિવિધ કામોનું લોકાર્પણ અને ખાતમુહુર્ત**

વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીઆગામી ૨૮ ઓક્ટોબરના રોજ અમરેલી ખાતે ૨૮૧૧ કરોડના નેશનલ હાઈવે ઓથોરિટી ઑફ ઈન્ડિયા (NHAI)ના વિવિધ વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહુર્ત કરશે, જેમાં ૨૧૮૫ કરોડના ૪ વિકાસકાર્યોનું લોકાર્પણ અને ૬૨૬ કરોડના એક વિકાસકાર્યનું ખાતમુહુર્ત કરવામાં આવશે. NHAIના લોકાર્પણના ૪ વિકાસકાર્યોમાં ૭૬૮ કરોડના ખર્ચે NH 151Aના ધ્રોળ-ભાદરા-પાટિયા સેક્શન અને ભાદરા પાટિયા – પિપળિયા સેક્શનનું ચારમાર્ગીયકરણ, ૧૦૨૫ કરોડના ખર્ચે NH 151Aના દ્વારકા-ખંભાળિયા-દેવરિયા સેક્શન- ૨૦૩ કિમીથી ૧૭૬ કિમી અને ૧૭૧ કિમીથી ૧૨૫ કિમી સેક્શનનું ચારમાર્ગીયકરણ, ૧૩૬ કરોડના ખર્ચે NH 51ના માધવપુરથી પોરબંદર સેક્શન (૩૩૮ કિમીથી ૩૭૯ કિમી)નું ચારમાર્ગીયકરણ અને ૨૫૬ કરોડના ખર્ચે NH 151 ના જેતપુર-સોમનાથ સેક્શનના ચારમાર્ગીયકરણ પર જૂનાગઢ બાયપાસ સહિતના બાકી કામોના બાંધકામનો સમાવેશ થાય છે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨



નવી દિલ્હીમાં લોક કલ્યાણ માર્ગ ખાતે વડાપ્રધાન નરેન્દ્ર મોદી જર્મનીના ચાન્સેલર ઓલાફ સ્કોલ્ઝ સાથે મુલાકાત કરી.


### સીબીઆઈ પર ભડકી સુપ્રીમ કોર્ટ

# અમે ચેતવણી આપી રહ્યાં છીએ; રિયા ચક્રવર્તીને મળી મોટી રાહત

## કોર્ટે સીબીઆઈના લુકઆઉટ સર્ક્યુલરને રદ કરવાના બોમ્બે હાઈકોર્ટના નિર્ણયને યથાવત્ રાખ્યો છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૫ ।

સુશાંત સિંહ રાજપૂતના રહસ્યમય મૃત્યુ સંબંધીત કેસમાં અભિનેત્રી રિયા ચક્રવર્તીને સુપ્રીમ કોર્ટે મોટી રાહત આપી છે. કોર્ટે CBIના લુકઆઉટ સર્ક્યુલરને રદ કરવાના બોમ્બે હાઈકોર્ટના નિર્ણયને યથાવત્ રાખ્યો છે. સુપ્રીમ કોર્ટની બેન્ચે સીબીઆઈ અને મહારાષ્ટ્ર રાજ્ય પર બોમ્બે હાઈકોર્ટના નિર્ણયને માત્ર એટલા માટે પડકારવાનો આરોપ મૂક્યો કે, રિયા અને તેનો પરિવાર હાઈ-પ્રોફાઈલ બેકગ્રાઉન્ડથી છે. સુપ્રીમ કોર્ટે બોમ્બે હાઈકોર્ટના લુક આઉટ સર્ક્યુલર રદ કરવાના નિર્ણયને યથાવત્ રાખવા ઉપરાંત સીબીઆઈની અપીલ પણ નામંજૂર કરી દીધી છે. સીબીઆઈએ ૨૦૨૦માં રિયા, તેના ભાઈ શૌક, પિતા લેફ્ટનન્ટ કર્નલ ઈન્દ્રજીત ચક્રવર્તી અને તેની માતા સંધ્યા ચક્રવર્તી વિરુદ્ધ લુકઆઉટ સર્ક્યુલર બહાર પાડ્યો હતો. સુપ્રીમ કોર્ટે સુનાવણી દરમિયાન સીબીઆઈની આકરી ઝાટકણી કાઢી છે. ન્યાયાધીશ બી.આર.ગવઈએ કહ્યું કે, 'અમે તમને



ચેતવણી આપી રહ્યા છે. તમે આ વ્યર્થ પિટિશન એટલા માટે દાખલ કરી રહ્યા છો કારણ કે આરોપીમાંથી એક હાઈ-પ્રોફાઈલ વ્યક્તિ છે. ચોક્કસપણે તમારે મોટી કિંમત ચુકવવી પડશે. તેઓ સમાજમાં મોટું નામ ધરાવે છે. જો સીબીઆઈ દંડ અને કડક ટિપ્પણી લેવા માંગે છે તો આ મુદ્દે ચર્ચા કરે.' સીબીઆઈ આ તમામ વિરુદ્ધ LOC એલઓસી જારી કર્યું હોવા મામલે ન્યાયાધીશ કે.વી.વિશ્વનાથને આશ્ચર્ય વ્યક્ત કર્યું છે. બોમ્બે હાઈકોર્ટે ફેબ્રુઆરીમાં રિયા ચક્રવર્તી, તેના ભાઈ અને પિતાની અરજી પર સીબીઆઈના લુક આઉટ સર્ક્યુલરને રદ કર્યો હતો.

## ન્યૂઝ બ્રિફ

### સ્કૂલ લિવિંગ સર્ટિફિકેટના આધારે ઉંમર નક્કી કરવી જોઈએઃ સુપ્રીમ કોર્ટ



। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૫ ।

સુપ્રીમ કોર્ટે ગુરુવારે પંજાબ અને હરિયાણા હાઈકોર્ટના નિર્ણયને રદ કર્યો હતો. આ નિર્ણયમાં પીડિતાની ઉંમર નિર્ધારિત કરવા માટે આધાર કાર્ડમાં લખેલી જન્મતારીખને સ્વીકારવાનું કહેવામાં આવ્યું હતું. જસ્ટિસ સંજય કરોલ અને જસ્ટિસ ઉજ્જલ ભુયાનની બેન્ચે ઉંમરના પુરાવા તરીકે આધાર કાર્ડનો ઉપયોગ અયોગ્ય ગણાવ્યો હતો. તેમણે નોંધ્યું કે, મૃતકની ઉંમર નક્કી કરવા માટે આધાર કાર્ડમાં નોંધાયેલી જન્મતારીખનો ઉલ્લેખ કરવાને બદલે મૃતકની ઉંમર જુવેનાઈલ જસ્ટિસ અધિનિયમ ૨૦૧૫ ની કલમ ૯૪ હેઠળ સ્કૂલ લિવિંગ સર્ટિફિકેટના આધારે નક્કી કરી શકાય છે. આ કેસમાં મોટર એક્સિડેન્ટ્સ ક્લેમ ટ્રિબ્યુનલ દ્વારા નક્કી કરવામાં આવેલા રૂ.૧૯,૩૫,૪૦૦ ના વળતરને હાઈકોર્ટે ઘટાડીને રૂ. ૯,૨૨,૩૩૬ કર્યું હતું કારણકે, મૃતકના આધાર કાર્ડમાં નોંધવામાં આવેલી જન્મ તારીખ પર આધાર રાખીને તેની ઉંમર ૪૭ વર્ષની ગણીને ૧૩ નો ગુણાંક લાગુ કરવામાં આવ્યો હતો. અપીલકર્તાએ હાઈકોર્ટના નિર્ણયને સર્વોચ્ચ અદાલતમાં પડકાર્યો હતો. તેમણે અરજીમાં કહ્યું કે, મૃતકની ઉંમરની ગણતરી કરવા માટે આધાર કાર્ડનો ઉલ્લેખ કરવામાં ભૂલ થઈહતી. તેમની દલીલ હતી કે, મૃતકના સ્કૂલ લિવિંગ સર્ટિફિકેટ મુજબ તેની ઉંમર ૪૫ વર્ષની હતી અને તે મુજબ ૧૪ નો ગુણાંક લાગુ થવો જોઈએ.

### કેનેડામાં ભારતીય વિદ્યાર્થીઓને ખાલિસ્તાની આતંકીઓ કરી રહ્યા છે ટાર્ગેટ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૫ ।

કેનેડામાં ભારતીય વિદ્યાર્થીઓને ખાલિસ્તાની આતંકીઓ કરી રહ્યા છે ટાર્ગેટ, હાઈ કમિશ્નર સંજય વર્માએ કહી આ વાતકેનેડાથી ભારત પરત આવેલા હાઈ-કમિશનર સંજય વર્માએ ગુરુવારે જણાવ્યું હતું કે, કેનેડામાં અભ્યાસ કરવા જતા ભારતીય વિદ્યાર્થીઓએ તેમની આજુબાજુના વાતાવરણનું ધ્યાન રાખવું જોઈએ, કારણ કે ખાલિસ્તાની આતંકીઓ અને કટ્ટરવાદીઓ વિદ્યાર્થીઓને નિશાન બનાવી તેમને કટ્ટરવાદી બનાવવાનો પ્રયત્ન કરી રહ્યા છે. સંજય વર્માએ કેનેડામાં અભ્યાસ કરતા ભારતીય વિદ્યાર્થીઓના માતા-પિતાએ તેમના સંતાનો સાથે નિયમિત પણે વાત-ચીત કરવી જોઈએ અને તેમની પરિસ્થિતિ સમજવા પ્રયત્ન કરવો જોઈએ અને તેમને પ્રતિકૂળ વાતાવરણથી દૂર રહેવા સમજાવવું જોઈએ. કેનેડામાં અભ્યાસ કરતા ૩.૧૯ લાખથી વધુ ભારતીય વિદ્યાર્થીઓ સહિત ભારતીય કોમ્યુનિટીને ખાલિસ્તાની આતંકીઓ અને કટ્ટરવાદીઓથી મોટું જોખમ છે.કેનેડામાં રહેતા ખાલિસ્તાની આતંકીઓ ભારતીય નહીં પરંતુ કેનેડિયન નાગરિકો છે. તેઓ કેનેડાની ધરતી પરથી ભારત વિરુદ્ધ કામ કરે છે. અમે માત્ર એટલું ઈચ્છીએ છીએ કે કેનેડા તેમના વિરુદ્ધ પગલાં લે. તેઓ ભારતની સંપ્રભુતા અને અખંડતાને પડકારી રહ્યા છે. તેમણે ઉમેર્યુ કે, કેનેડા સાથે ભારતના સંબંધો હંમેશા સારા હતા. પરંતુ થોડાક સમયથી વિવાદ થયો છે, જેનું કારણ જસ્ટિન ટ્રુડો અને તેમની ટીમ છે.

# સોમનાથમાં બુલડોઝરની કાર્યવાહી સામે મુસ્લિમ પક્ષને કોઈ રાહત નહીંઃ સુપ્રીમ કોર્ટ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૫ ।

ગુજરાતના ગીર સોમનાથ જિલ્લામાં આવેલ સુપ્રસિદ્ધ સોમનાથ ખાતે ગેરકાયદે બાંધકામ, દબાણો ઉપર હાથ ધરાયેલ બુલડોઝર એક્શન કેસમાં, આજે શુક્રવારે સુપ્રીમ કોર્ટમાં સુનાવણી હાથ ધરાઈ હતી. આ સુનાવણી દરમિયાન અરજદારની ધારદાર દલીલો છતા, સર્વોચ્ચ અદાલતે અરજદાર તરફે કોઈપણ આદેશ આપવાનો ઈક્રાર કર્યો હતો. સુપ્રીમ કોર્ટે કહ્યું કે, આ સરકારી જમીન છે. જસ્ટિસ બીઆર ગવઈ અને જસ્ટિસ કે.વી. વિશ્વનાથનની બેન્ચે કહ્યું કે, જમીનનો કબજો આગામી આદેશ સુધી સરકાર પાસે જ રહેશે અને તે કોઈ ત્રીજા પક્ષને ફાળવવામાં આવશે નહીં. મુસ્લિમ પક્ષ વતી દલીલો રજૂ કરતાં કપિલ સિબ્બલે કહ્યું કે, આ સંરક્ષિત સ્મારકો છે. કોઈપણ તૃતીય પક્ષના અધિકારો નથી. તેના પર જસ્ટિસ ગવઈએ કહ્યું કે તૃતીય પક્ષના અધિકારો શું છે? આ સરકારી જમીન છે. હાઈકોર્ટ આ બાબતથી વાકેફ છે. સિબ્બલે કહ્યું કે આ તમારા આદેશનું અપમાન



છે. સિબ્બલે કહ્યું કે તોડી પાડવાનું કારણ એ છે કે તે સ્મારકો અરબી સમુદ્રની નજીક છે અને જળાશયની નજીક હોઈ શકે નહીં. સંરક્ષિત સ્મારકો તોડી પાડવામાં આવ્યા હતા. શું તમે તમારા આદેશ છતાં આની કલ્પના કરી શકો છો? સિબ્બલની આ દલીલ પર સોલિસિટર જનરલ તુષાર મહેતાએ કહ્યું કે, ત્યાં કોઈ સંરક્ષિત સ્મારક નથી. જસ્ટિસ ગવઈએ કહ્યું કે હાઈકોર્ટનો આ આદેશ ૨૦૧૫માં પસાર કરવામાં આવ્યો હતો. તમે જણાવેલ હેતુઓ માટે જ જમીનનો ઉપયોગ કરી શકો છો. ગુજરાત હાઈકોર્ટે પણ યથાસ્થિતિ જાળવવા આદેશ આપવાનો ઈક્રાર કર્યો હતો. એસજીનું કહેવું છે કે આગળના આદેશ સુધી જમીનનો કબજો સરકાર પાસે રહેશે અને કોઈ ત્રીજા પક્ષને ફાળવવામાં આવશે નહીં. આવી સ્થિતિમાં અમને કોઈ વચગાળાનો આદેશ પસાર કરવો જરૂરી લાગતો નથી. ૨૮ સપ્ટેમ્બરના રોજ, ગીર સોમનાથ પ્રશાસને મુસ્લિમોના કેટલાક ધાર્મિક સ્થાનો, ઘરો અને કબરો ઉફર બુલડોઝર ફેરવી દીધા હતા. તેની સામે સુપ્રીમ કોર્ટમાં તિરસ્કારની અરજી દાખલ કરવામાં આવી હતી. એવું કહેવાય છે કે બુલડોઝરની કાર્યવાહી રોકવા માટે સુપ્રીમ કોર્ટના આદેશ છતાં મોટા પાયે ડિમોલિશનનું કામ કરવામાં આવ્યું છે. ગીર સોમનાથના કલેક્ટર અને અન્ય અધિકારીઓ સામે તિરસ્કારની કાર્યવાહીની માંગ કરવામાં આવી છે. સમગ્ર પટણી મુસ્લિમ જમાતે વહીવટીતંત્રની કાર્યવાહી સામે અરજી કરી છે. તેમની અરજીમાં તેમણે સુપ્રીમ કોર્ટના ૧૭ સપ્ટેમ્બર ૨૦૨૪ના આદેશના ઉલ્લંઘન સામે કાર્યવાહી કરવાની માંગ કરી છે.

### હાલમાં આ અંગે પક્ષમાં ચર્ચાઓ અને મંથન

# આદિત્ય ઠાકરેને ટક્કર આપવા માટે એકનાથ શિંદેનો ખાસ પ્લાન

। (એજન્સી) મુંબઈ, તા.૨૫ ।

મહારાષ્ટ્રમાં યોજાનારી આગામી વિધાનસભા ચૂંટણી ૨૦૨૪ને લઈને શિવસેના(ઉદ્ધવ) અને શિવસેના(શિંદે) વચ્ચે રસપ્રદ મુકાબલો જોવા મળી શકે છે. હવે ચૂંટણીને લઈને એવા સમાચાર સામે આવી રહ્યા છે કે, મુંબઈની વરલી બેઠક પરથી શિવસેના(ઉદ્ધવ)ના આદિત્ય ઠાકરે સામે શિવસેના(શિંદે) પોતાના ઉમેદવાર તરીકે મિલિંદ દેવરાને મેદાનમાં ઉતારી શકે છે. હાલમાં આ અંગે પક્ષમાં ચર્ચાઓ અને મંથન ચાલી રહ્યું છે. એકનાથ શિંદેએ મિલિંદ દેવરા સહિત પક્ષના તમામ મોટા નેતાઓ સાથે વાત કરી છે. જો કે હજુ આ અંગે કોઈ અંતિમ નિર્ણય લેવામાં આવ્યો નથી. મુંબઈની વરલી બેઠક પર ઉમેદવારીને લઈને મિલિંદ દેવરા નજીકના સુત્રોએ જણાવ્યું હતું કે, આ અંગે પક્ષની અંદર ચર્ચા અને વિચાર-વિમર્શ કરવામાં



આવી રહ્યો છે. જો કે અંતિમ નિર્ણય પક્ષ જ લેશે. અહીં તમને જણાવી દઈએ કે, લોકસભાની ચૂંટણી પહેલા મિલિંદ દેવરા કોંગેસ છોડીને શિવસેના(શિંદે) માં સામેલ થયા હતા. મિલિંદ બે વખત મુંબઈ દક્ષિણથી સાંસદ રહી ચૂક્યા છે. અને હાલમાં તે રાજ્યસભાના સાંસદ છે. તેમના પિતા મુરલી દેવરા મુંબઈના મેયર અને કેન્દ્રીય મંત્રી રહી ચૂક્યા છે. આદિત્ય ઠાકરેએ પહેલી વખત વર્ષ ૨૦૧૯માં વરલી બેઠક પરથી વિધાનસભાની ચૂંટણી લડી હતી.

### ૧૦ વર્ષ પૂર્વે દલિતો વિરુદ્ધ થઈ હતી હિંસા

# કોર્ટે એક સાથે ૯૮ લોકોને આજીવન કેદની સજા ફટકારી

। (એજન્સી) કર્ણાટક, તા.૨૫ ।

દેશમાં પહેલીવાર એવું બન્યું છે કે, અદાલતે દલિતો પર અત્યાચારના કેસમાં સામૂહિક રીતે લોકોને આજીવન કેદની સજા સંભળાવી હોય. કર્ણાટકની સેશન્સ કોર્ટે ૯૮ લોકોને એક સાથે આજીવન કેદની સજા ફટકારી છે. ભેદભાવ અને જાતિ હિંસાના ૨૦૧૪ના આ કેસમાં કોર્ટે અન્ય ત્રણને પાંચ-પાંચ વર્ષની જેલની સજા ફટકારી છે. ગંગાવતી તાલુકાના મારાકુંબી ગામમાં દલિતોને નિશાન બનાવવા અને ભેદભાવ કરવા મામલે આ સજા સંભળાવવામાં આવી છે. જજ ચંદ્રશેખર સીએ આ કેસમાં ૧૦૧ લોકોને દોષિત ઠેરવ્યા હતા. તેમાંથી ત્રણને ઓછી સજા આપવામાં આવી હતી કારણ કે તેમની સામે એસસી-એસટી એક્ટ ૧૯૮૯ લાગુ કરાયો નહોતો. કારણ કે તેઓ પણ દલિત સમુદાયના છે. સૂત્રોનું



કહેવું છે કે દલિતો પર અત્યાચારના મામલામાં આટલા લોકોને સામૂહિક રીતે સજા સંભળાવવાની આ પહેલી ઘટના છે.સરકારી વકીલ અપર્ણા બંડીએ કહ્યું કે, આ કેસમાં ૧૧૭ લોકો સામે કાર્યવાહી કરવામાં આવી હતી. ૨૯ ઓગસ્ટ ૨૦૧૪ના રોજ દલિતો પર અત્યાચાર ગુજારાયો હતો. ઘરોને આગ ચાંપી દેવામાં આવી હોવાની ફરિયાદ કરવામાં આવી હતી. મારાકુંબી ગામમાં દલિતોને વાળંદની દુકાને જવા પર પણ પ્રતિબંધ મુકવામાં આવ્યો હતો.

### એક યુવતીને સળગતી કારમાંથી ખેંચી લેવાતા બચી ગઈ

# ટોરંટોમાં ટેસ્લામાં આગ લાગતા ચાર ગુજરાતીઓના કમકમાટીભર્યા મોત



। (એજન્સી) ટોરંટો, તા.૨૫ ।

ટોરંટોમાં ગુરુવારે વહેલી સવારે ટેસ્લાનો ભયાનક અકસ્માત થતાં કારમાં સવાર પાંચ લોકોમાંથી ચારના મોત થયા છે, જ્યારે એક માત્ર બચી ગયેલા વ્યક્તિને સળગતી કારમાંથી એક રાહદારીએ ખેંચી લીધો હોવાનું જાણવા મળી રહ્યું છે. ટોરંટોની પોલીસે આ અકસ્માતમાં મોતને ભેટેલા લોકોના નામ જાહેર નથી કર્યા, પરંતુ આ તમામ લોકો ગુજરાતીઓ હોવાનું જાણવા મળી રહ્યું છે અને તમામ મૃતકો એક જ પરિવારના હોવાનું તેમજ બે મૃતકો સગાભાઈ બહેન હોવાની જાણકારી પણ સામે આવી છે. કેનેડિયન મીડિયાના રિપોર્ટ અનુસાર ડાઉનટાઉન ટોરંટોમાં આ અકસ્માત ચેરી સ્ટ્રીટ નજીક લેક શોર બુલેવર્ડમાં રાત્રે ૧૨.૧૦ કલાકે થયો હતો. આ કારમાં ત્રણ પુરુષો અને બે મહિલા સવાર હતા, જેના ડ્રાઈવરે સ્ટિયરિંગ પરથી કાબૂ ગુમાવતા ગાડી ગાર્ડ્રીલ સાથે અથડાઈને આગની જ્વાળામાં લપેટાઈ ગઈ હતી. ટોરંટો પોલીસના ડેપ્યુટી ઈન્સપેક્ટર ફિલિપ સિનક્લેરના જણાવ્યા અનુસાર ગાર્ડ્રીલ સાથે અથડાયેલી કાર ત્યારબાદ એક કોંક્રિટ પીલરમાં ઘૂસી જતાં તેના ફુરચેફુરચા ઉડી ગયા હતા. કારમાં અકસ્માત બાદ આગ લાગી હોવાનો મેસેજ મળતાં ફાયરબ્રિગેડ સ્પોટ પર પહોંચી તો હતી પરંતુ ત્યાં સુધીમાં કાર લગભગ બળીને ખાક થઈ ગઈ હતી અને તેની અંદર સવાર પાંચ લોકોમાંથી માત્ર એક જ વ્યક્તિને બચાવી શકાયો હતો. અકસ્મતમાં મોતને ભેટેલા તમામ ગુજરાતીઓ ૨૦-૩૦ વર્ષના હોવાનું કેનેડાની પોલીસે જણાવ્યું હતું પરંતુ તેમના વિશે બીજી કોઈ માહિતી હાલ જાહેર કરવામાં નથી આવી. જોકે, કેનેડામાં રહેતા ગુજરાતીઓનું માનીએ તો તમામ મૃતકો ચરોતરના વતની હતા અને તેમના ફેમિલી મેમ્બર્સ આજે પણ ગુજરાતમાં જ રહે છે. આ અકસ્માતમાં જે એકમાત્ર વ્યક્તિનો બચાવ થયો છે તેની ઓળખ પોલીસે માત્ર ૨૦ વર્ષની યુવતી તરીકે કર્યો છે, જેની હાલત હાલ ગંભીર ગણાવાઈ રહી છે પરંતુ તેને જીવનું જોખમ નથી.





છત્તીસગઢમાં ઓલ ઈન્ડિયા ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સ (AIIMS) રાયપુરના બીજા દીક્ષાંત સમારોહમાં રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ હાજર રહ્યા હતા.

### સલમાન ખાને બિશ્નોઈ સમુદાય સામે રાખી હતી ચેકબુક

# ગેંગસ્ટર લોરેન્સના પિતરાઈએ કહ્યું અમારું લોહી ઉકળતું હતું

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૫ ।

બોલીવુડ એક્ટ્ર સલમાન ખાન હાલ લોરેન્સ બિશ્નોઈ ગેંગના નિશાના પર છે. સલામનન ખાનને અગાઉ ઘણી વાર જાનથી મારી નાખવાની ધમકીઓ આપવામાં આવી હે ત્યારે ફરી એક વાર ભાઈજાનને ટાર્ગેટ કરવામાં આવતા તેની સિક્યોરિટી પણ વધારી દેવામાં આવી છે. આવામાં લોરેન્સ બિશ્નોઈના કઝીન ભાઈ રમેશ બિશ્નોઈનું કહેવું છે કે બોલિવૂડ સ્ટાર સલમાન ખાનના કાળિયારને મારવાના કેસ સામે જેલમાં બંધ ગેંગસ્ટરની સાથે સમગ્ર બિશ્નોઈ સમુદાય ઊભો છે. રમેશે આરોપ લગાવ્યો હતો કે સલમાન ખાને



બિશ્નોઈ સમુદાયને પૈસાની ઓફર કરી હતી, પરંતુ તેઓએ તેનો સ્વીકાર કરવાનો ઈનકાર કર્યો હતો. લોરેન્સ બિશ્નોઈ એક ગેંગસ્ટર છે જેના પર ઘણા આરોપો છે અને હાલમાં તે ગુજરાતની સાબરમતી જેલમાં બંધ છે. કાળિયાર શિકાર કેસ બાદ સલમાન ખાનને લોરેન્સ બિશ્નોઈ અને તેની ગેંગ તરફથી અનેકવાર જાનથી મારી નાખવાની ધમકીઓ મળી છે.

## તંત્રી લેખ...

# ચીનનો વિકલ્પ શોધવાના પ્રયાસ


જર્મન ચાન્સેલર ઓલાફ સ્કોલ્ઝ ભારતની મુલાકાતે છે, તેઓ ૭મી 'ઈન્ટર-ગવર્નમેન્ટલ કન્સલ્ટેશન્સ'માં ભાગ લેવા ગઈકાલ ગુરુવારે સાંજે નવી દિલ્હી પહોંચ્યા હતા. છેલ્લા બે વર્ષમાં સ્કોલ્ઝની આ ત્રીજીવારની ભારત મુલાકાત છે. એવું માનવામાં આવે છે કે, જર્મની ચીન પર તેની નિર્ભરતા ઘટાડવા માટે ભારતને મજબૂત વિકલ્પ તરીકે જોઈ રહ્યું છે. જર્મન ચાન્સેલર ઓલાફ સ્કોલ્ઝ ગયા વર્ષે બે વખત ભારત આવ્યા હતા, ફેબ્રુઆરી ૨૦૨૩માં તેઓ ભારતની દ્વિપક્ષીય મુલાકાતે હતા અને સપ્ટેમ્બરમાં તેમણે ભારતની અધ્યક્ષતામાં યોજાયેલી ૪૨૦ કોન્ફરન્સમાં ભાગ લીધો હતો. ભારત અને જર્મની વચ્ચેના રાજદ્વારી સંબંધો લગભગ ૭ દાયકા જૂના છે. બીજા વિશ્વયુદ્ધ પછી જર્મની સાથે રાજદ્વારી સંબંધો સ્થાપિત કરનાર ભારત પ્રથમ દેશોમાંનો એક હતો. બંને દેશો વચ્ચે વ્યૂહાત્મક ભાગીદારી, મે ૨૦૦૦માં શરૂ થઈ હતી, જે ૨૦૧૧માં 'ઈન્ટર-ગવર્નમેન્ટલ કન્સલ્ટેશન્સ'ની શરૂઆતથી મજબૂત બની હતી. ભારત એવા કેટલાક દેશોમાંનો એક છે જેની સાથે જર્મનીએ સંવાદ યંત્રણા સ્થાપી છે. જર્મન ચાન્સેલર ઓલાફ સ્કોલ્ઝની ભારત મુલાકાતથી બંને દેશો વચ્ચેના સંબંધોમાં એક નવો અધ્યાય શરૂ થવા જઈ રહ્યો છે. વડાપ્રધાન મોદીએ ૨૦૨૨માં ૨૬ થી ૨૮ જૂન વચ્ચે જર્મનીની મુલાકાત લીધી હતી. તેમણે બર્લિનમાં આયોજિત છઠ્ઠા 'આંતર-સરકારી પરામર્શ'માં ભાગ લીધો હતો અનેઁસ્એ જર્મનીની અધ્યક્ષતામાં યોજાયેલી ૪૭ સમિટમાં પણ ભાગ લીધો હતો. આ સિવાય પીએમ નરેન્દ્ર મોદીએ નવેમ્બર ૨૦૨૨માં બાલીમાં આયોજિત ૪૨૦ શિખર સંમેલન દરમિયાન જર્મન ચાન્સેલર સાથે દ્વિપક્ષીય વાતચીત કરી હતી. વેપાર સંબંધોની વાત કરીએ તો, જર્મની ૨૦૨૨-૨૩માં ભારતનું ૧૨મું વેપારી ભાગીદાર હતું. આ સમયગાળા દરમિયાન જર્મનીના કુલ વિદેશી વેપારમાં ભારતનો હિસ્સો એક ટકા હતો. જ્યારે ભારતના કુલ વિદેશી વેપારમાં જર્મનીનું યોગદાન ૨.૨૪ ટકા છે.

## ભારત-ચીન વચ્ચે છેલ્લા ચાર વર્ષથી ચાલી રહેલા સૈન્ય તણાવનો અંત આવી રહ્યો છે

ભારત અને ચીન વચ્ચે છેલ્લા ચાર વર્ષથી ચાલી રહેલા સૈન્ય તણાવનો અંત આવવા જઈ રહ્યો છે. સોમવારે ભારતીય પક્ષ અને મંગળવારે ચીની પક્ષના નિવેદનોથીખબર પડે છે કે લદ્દાખના દેપસાંગ અને ડેમચોકની સ્થિતિને લઈને વણઉકલ્યા વિવાદ પર પણ ભારત અને ચીન વચ્ચે સહમતિ સધાઈ છે. વિદેશ મંત્રી એસ.જયશંકરે પણ સંકેત આપ્યા કે આ બંને ક્ષેત્રોમાં પણ બંને પક્ષ પોતપોતાની સેનાઓને એપ્રિલ ૨૦૨૦ પહેલાંની સ્થિતિ પર લઈ જવા અને ચીનના નિયંત્રણવાળા વિવાદાસ્પદ વિસ્તારોમાં ભારતીય સેનાની પેટ્રોલિંગ પર સહમત થઈ ગયા છે. તેમણે આશા વ્યક્ત કરી છે કે આવનાર થોડા દિવસોમાં આ ક્ષેત્રોમાંથી ચીની સેનાની વાપસીનું કામ પૂરું થઈ જશે. અસલમાં આ વિવાદ જૂન ૨૦૨૦માં ગલવાનમાં ચીની સૈનિકો દ્વારા પરસ્પર સહમતિના નિયમોને તોડીને નિઃશસ્ત્ર ભારતીય સૈનિકો પર દગાબાજીથી કરવામાં આવેલા હુમલાથી શરૂ થયો હતો. અચાનક થયેલા આ શરમજનક ચીની હુમલામાં ભારતના ૨૦ જવાનો બલિદાન થઈ ગયા હતા. જોકે ભારતીય સેનાની ત્વરિત અને જડબાતોડ જવાબી કાર્યવાહીથી તેનાથી ક્યાંય મોટી સંખ્યામાં ચીની સૈનિકો પણ માર્યા ગયા હતા, પરંતુ ચીની સેના અને ના તેની સરકારે આજ સુધી પોતાના મૃતક સૈનિકોની સંખ્યા જાહેર નથી કરી. ગલવાનમાં હિંસક અથડામણ બાદ બંને દેશોએ જેટલા મોટા પાયે આખા લદ્દાખમાં સેનાઓ અને યુદ્ધ સામગ્રીની તૈનાતી કરી, તેણે કોઈ મોટા યુદ્ધની આશંકાને ઉત્તેજન આપ્યું હતું. યુદ્ધના આ ખતરાને ટાળવા માટે છેલ્લા ચાર વર્ષોમાં બંને પક્ષોના વરિષ્ઠ સૈન્ય અધિકારીઓ, કૂટનીતિજ્ઞો અને વિદેશ મંત્રી સુધીના સ્તર પર વિચાર-વિમર્શ ચાલી રહ્યો હતો. કેટલાંક ક્ષેત્રોમાં સહમતિ પણ બની ચૂકી હતી, પરંતુ દેપસાંગ અને ડેમચોક પર ચીનના અડિયલ વલણને કારણે કોઈ ઠોસ હલ નહોતું નીકળી શકતું. એ સાચું કે છેલ્લા બે દિવસની ઘોષણાઓએ એશિયાની બે મોટી શક્તિઓમાં વધી રહેલા તણાવ અને વિવાદ ઠંડો પડવાની આશા વધારી છે, પરંતુ પરસ્પર સંધિઓ અને સહમતિઓ પ્રત્યે ચીનના જૂના ઈતિહાસને જોતાં ભારતમાં વિશ્લેષકોનો એક મોટો વર્ગ એમ માને છેકે ચીન સાથે બનેલ સહમતિનું સ્વાગત તો કરવું જોઈએ, પરંતુ સતર્કતામાં કોઈ ઢીલ ન રાખવી જોઈએ. આ ચેતવણી એટલા માટે પણ અર્થપૂર્ણ છે કે ચીન સરકાર કેટલીય વાર કંઈક તાત્કાલિક લ-યોને હાંસલ કરવા માટે કેટલાક મોટા વિવાદો પર પોતાની સહમતિ તો વ્યક્ત કરી દે છે, પરંતુ એ લ-યો પૂરાં થતાં જ તે પોતાના જૂના ચીલે ચાલવા લાગે છે. સીમા પર નિરીક્ષણને લઈને સહમતિ બનવા સંબંધી ઘોષણાને શંકાની દૃષ્ટિએ જોવાનું એક કારણ એ પણ છે કે આ અઠવાડિયે ચીની સરકારની નજર રશિયામાં થઈ રહેલ બ્રિક્સ સંમેલનની સફળતા અને તેમાં ભારતીય વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે ચીની રાષ્ટ્રપતિ જિનપિંગની સીધી વાતચીત પર પણ છે. ભારત અને ચીન વચ્ચે બનેલ હાલની સહમતિના કેટલાક એવા અર્થ પણ છે, જે બંને દેશોના સંબંધોમાં કોઈ નવાં સમીકરણો અને નવા નિયમોને રેખાંકિત કરે છે. ૧૯૬૨ના ભારત-ચીન યુદ્ધ બાદ આ પહેલો પ્રસંગ રહ્યો, જ્યારે ચીન સરકારને નવી દિલ્હીમાં એક નવા પ્રકારની સરકારનો મુકાબલો કરવો પડ્યો. છ દાયકાની આ અવધિમાં પહેલા પાંચ દાયકામાં ચીનને નવી દિલ્હીમાં પોચટ સરકારો અને કમજોર નેતાઓ પર ધમકીઓ ચલાવવાની આદત પડી ગઈ હતી. કૂટનીતિની મેજ પર અર્થહીન વાર્તાઓમાં વિરોધીને ગૂંચવી રાખીને તેને થકવી દેવા અને પોતાની મરજીની સમજૂતિઓ પર તેનો અંગૂઠો લેવા પર મજબૂર કરી દેવાની તેની જૂની ચાલ મોદી સરકારે આ વખતે નિષ્ફળ કરી દીધી. વારંવાર ભારતીય સીમાઓમાં છેડછાડ કરવા ટેવાયેલી ચીનની હાલની સરકારને એ જોઈને બહુ આઘાત લાગ્યો કે ભારત સરકાર અને તેની સેના તેની પોકળ ધમકીઓથી ડરવાને બદલે છાતી ઠોકીને તેની હેકડીનો જવાબ આપી રહી છે. ૨૦૧૭માં ડોકલામમાં ભારતીય સેનાએ ચીનની પીપલ્સ રિપબ્લિક આર્મીને ૭૨ દિવસ સુધી રોકી રાખ્યા બાદ જે રીતે પાછા ફરવા મજબૂર કરી દીધી હતી, તે રાષ્ટ્રપતિ જિનપિંગ, ચીની કમ્યુનિસ્ટ પાર્ટી અને ચીની સેના માટે કોઈ આઘાતથી ઓછું ન હતું. ગલવાનના જવાબી હુમલા અને ત્યારબાદ જે રીતે ભારતની સ્પેશ્યલ ફ્રંટિયર ફોર્સે ચીની સેના પર પૂરતી આક્રમકતા સાથે કૈલાસ પહાડીઓ પર તોપો તાણી દીધી અને ચીની કમાંડરોને મંત્રણાના ટેબલ પર આવવા મજબૂર કરી દીધા, તે બેજિંગના આકાઓ માટે એક નવા ભારત સાથે પરિચય હતો.

**સવાર સાંજ જમવાનું મેનુ પણ નક્કી થઈ ગયું હતું, સવારે ટ્રેડીશનલ અને સાંજે રોજ બધાની પસંદ મુજબ ફ્યુઝન રેસિપી નક્કી કરી હતી**

# સ્વજન દિવાળીએ આવે ત્યારે છેલ્લી ઘડીએ નાની મોટી કોઈ ખરીદીને મહત્વ આપવું નહીં



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

**આજનો છેલ્લો દિવસ હતો, આવતીકાલથી તો પરિવારના સભ્યો આવવાનાં શરૂ થઈ જશે, શ્રેયા આજે સવારથી જ બધા જ રૂમમાં છેલ્લીવારનું અવલોકન કરી રહી હતી, અને બાથરૂમમાંથી બહાર નીકળતા જ પગ લૂછણીયા પર પગ આવતાં, તેને લાગ્યું કે આ પગ લૂછણીયા ચાલે તેવા નથી, અને કદાચ મમ્મી કે પપ્પા સ્લીપ થઈ જાય તો ડોક્ટર પણ માંડ મળે.**

શશાંક અને શ્રેયા વળી પાછા આજે બજારમાં ઉપાડ્યા, કોણ જાણે કેટલુંય આજ સુધીમાં ખરીદી લીધું હતું, પરંતુ આ વખતે આખું કુટુંબ એમના ઘરે દિવાળી કરવાં આવવાનું હોવાથી, કોઈને અગવડ ન પડે એવી રીતે બધી જ તૈયારી કરવા માંગતા હતાં. આમ પણ એમના લગ્ન પછી બધાં પહેલીવાર આ રીતે આવતા હતાં. શશાંકને એ લોકો ચાર ભાઈઓ અને એક બહેન, એટલે એમ ગણોને કે ઓછામાં ઓછા ૧૫+૨ =૧૭ જણા ભેગા થવાના હતાં. ત્રણ મહિના પહેલા જ શશાંકે નવું ઘર લીધું હતું, અને એ પણ ખાસ્સું સ્પેશ્યસ હોવાથી, આખા કુટુંબનો તો એમાં સમાવેશ થઈ જાય એમ હતું. પાંચ બેડરૂમ હતાં અને મોટો હોલ, એટલે એ રીતે કંઈ પ્રશ્ન હતો તો સિનિયર સિટીઝનમાં પણ મમ્મી પપ્પા બે જ હતાં, બાકી બધાં જ યંગ હતાં. પરંતુ આજકાલ બધાં જ પોતાના ઘરે ખૂબ જ સગવડતા ભર્યું જીવન જીવતા હોવાથી કોઈને અગવડ ન પડે એ પણ વિચારવું પડે. દરેકના રૂમમાં શેમ્પુ, સાબુ, બેસ્ટ હેર ઓઈલ, બોડી લોશન અને શેવિંગ ક્રીમ શ્રેયાએ ગોઠવી દીધા હતાં, તો ફેસ પાવડર, વોશિંગ પાવડર, અને બ્રશ પણ રાખી દીધાં હતાં. આ ઉપરાંત દરેક માટે ટુવાલ અને નેપકીન પણ એક્સ્ટ્રા રાખ્યા હતાં. દરેક રૂમ તથા વોશરૂમની લાઈટ પંખા એ.સી બધું જ ચેક કરી લીધું હતું, અને નાઈટ લેમ્પ પણ નખાવી દીધા હતાં. પાણીના નળ સાવર વગેરે પણ ચેક કરાવી લીધાં હતાં, કે છેલ્લી ઘડીએ કોઈ તકલીફ ઊભી થાય નહીં. કારણકે તહેવારમાં માણસો કામ કરવા આવે નહીં તો બધાના રંગમાં ભંગ પડે. કોઈને ઠંડી લાગે, એવું વિચારીને બ્લેંકેટ પણ ગોઠવી દીધા હતાં. તો પ્રાથમિક મેડિકલ સુવિધા માટે વીક્સ બામ, આયોડેક્સ સોફ્રામાઈસીન બર્નોલ પેરાસીટામોલ અને ડીસપ્રીન સુદર્શન ઘનવટી ત્રિશૂન રાખ્યું, થર્મોમીટર બીપીનું મશીન પણ મમ્મી પપ્પાની તબિયતને અનુલક્ષીને લઈ રાખ્યું હતું. બે ચાર ડોક્ટરના કોન્ટેક્ટ નંબર પણ લઈ રાખ્યા હતાં. નાસ્તા અને જમવા માટે પણ બધી જ સગવડ તથા થઈ ગઈ હતી, બે ડિનર સેટ અને ૧૨ થાળી-વાટકા ચમચી ડીશ વગેરે કપ-રકાબી, કોફી મગ, અને નાસ્તાની ડીશ વગેરે મેડેથી ઉતરાવી સાફ કરાવી લીધાં હતાં, તો ડિસ્પોઝેબલ ડીશ વગેરેની પણ વ્યવસ્થા રાખી હતી. કદાચ એક દિવસ બાઈ ન આવે તો એ પણ મેનેજ થઈ જાય, અને બે-ત્રણ પાર્સલ સર્વિસનાં એડ્રેસ લઈ રાખ્યા હતાં. આ ઉપરાંત કોરો નાસ્તો ચેવડો, ચવાણું, મઠીયા, ફાફડા, ચકી, ફરસી પૂરી, ગળી પૂરી, મેથીની પૂરી, અને જાતજાતની મીઠાઈ અને કુકીઝ વગેરે પણ મેનેજ થઈ ગયું હતું. સવાર સાંજ જમવાનું મેનુ પણ નક્કી થઈ ગયું હતું, અને સવારે ટ્રેડીશનલ અને સાંજે રોજ બધાની પસંદ મુજબ ફ્યુઝન રેસિપી નક્કી કરી હતી, અને એની માટે જરૂરી શાકભાજી ફ્રુટ ડ્રાય ફ્રુટ, ઘી ઓલીવ ઓઈલ બટર, ચીઝ, વગેરે,અને બધીજ પ્રકારના દાળ ચોખા વગેરે પણ લઈ રાખ્યું હતું. તહેવારમાં કામ કરવા માટે પણ બધાજ સાથે સ્પષ્ટ વાત કરી લીધી હતી અને કોઈ એ રજા પાડવાની નથી, અને એની માટે એક દિવસનાં દરેકને રુપિયા ૫૦૦ એક્સ્ટ્રા પણ આપવાનાં હતા. આજનો છેલ્લો દિવસ હતો,આવતીકાલથી તો પરિવારના સભ્યો આવવાનાં શરૂ થઈ જશે. શ્રેયા આજે સવારથી જ બધા જ રૂમમાં છેલ્લીવારનું અવલોકન કરી રહી હતી, અને બાથરૂમમાંથી બહાર નીકળતા જ પગલૂછણીયા પર પગ આવતાં, તેને લાગ્યું કે આ પગલૂછણીયા ચાલે તેવા નથી, અને કદાચ મમ્મી કે પપ્પા સ્લીપ થઈ જાય તો ડોક્ટર પણ માંડ મળે. એટલે એને તાત્કાલિક શશાંકને કહ્યું કે આજે આપણે હજી એક વાર બજાર જવું પડશે, અને જાડાં ડોરમેટ તો લાવવા જ પડશે.દરેકને દેવાની ગિફ્ટ શ્રેયાએ ઓનલાઈન ખરીદી લીધી હતી, પણ આવું નાનું નાનું બધું યાદ આવતું જાય તેમ શ્રેયા એકલી પણ બજાર ગઈ હતી. પણ આજે તેણે કહ્યું કે આજે આપણે બંને જઈને ઝડપથી લઈ આવીએ. કારણ કે રીક્ષામાં બહુ વાર લાગશે, અને મારે ઘરે પણ હજી થોડી તૈયારી બાકી છે. શશાંકે પણ હા પાડી, કારણ કે આમ પણ એને પણ દારૂખાનું લેવાનું હતું. બંને જણા સાંકડી ગલીમાં જવાનું હોવાથી બાઈક પર નીકળ્યાં હતાં. નામ પગલૂછણીયાનું હતું પણ બીજું નાનું નાનું પણ કઈક ખરીદાય, એટલે એક થેલો એનો અને એક થેલો દારુખાનાનો, એમ બબ્બે થેલા બાઈક પર મેનેજ કરતો કરતો શશાંક બાઇક ચલાવી રહ્યો હતો, અને પોતે બિલકુલ સેઈફસાઈટ પર હતો. છતાં સામેથી આવતાં વાહનનો ટ્રાફિક,અને લાઈટ બધું જ એકસાથે થઈ જતાં બાઈક થોડી સ્લીપ થઈ ગઈ, અને બંને જણા પડી ગયાં. તાત્કાલિક માણસોનું ટોળું ભેગું થઈ ગયું, શ્રેયાને તો થોડું વધારે વાગ્યું હતું, એના ચશ્મા પણ તૂટી ગયાં અને શશાંકને એક હાથ પર વધુ વજન આવી ગયું હોવાથી, એક હાથે કદાચ ફ્રેક્ચરની શક્યતા હતી. તાત્કાલિક ૧૦૮ આવી, અને બંનેને હોસ્પિટલમાં લઈ જવાયા, તાકડે ડોક્ટર પણ રજા ઉપર જવાના હતાં, એટલે ઉતાવળમાં હતાં. પરંતુ સમયસર આવી ગયા માટે બંનેની તપાસ થઈ ગઈ, અને ઈશ્વર કૃપા તેમજ વડીલોના આશિર્વાદને કારણે બંનેમાંથી કોઈને ફ્રેક્ચર જેવી ગંભીર ઈજા થઈ નહોતી, કે માથામાં પણ વાગ્યું નહી, અને ચશ્મા ફૂટ્યા હોવા છતાં આંખ પણ બચી ગઈ. ગઈકાલે બપોરનાં તો પરિવારના લોકો પણ આવવાનાં શરૂ થઈ જશે, શ્રેયાને તો ખૂબ જ ચિંતા થતી હતી, પણ ફ્રેક્ચર થયું નહોતું, પરંતુ પાટાપિંડી તો થોડી આવી જ. ત્રણ કલાકને અંતે બંને જણા એમ્બ્યુલન્સમાં ઘરે આવ્યાં, આડોશી પાડોશીને પણ ચિંતા થવા લાગી, શશાંક અને શ્રેયાનો સ્વભાવ ખૂબ જ સારો હોવાથી, તાત્કાલિક બધાં પાડોશી વારાફરતી આવી ગયા, અને મિત્રોએ પણ ફોન કરી, રૂબરૂ આવી ખબર અંતર પૂછ્યા. શશાંકે એરપોર્ટ પર લેવા જવા માટે, બે-ત્રણ ભાઈબંધોને સૂચનાઓ આપી દીધી, અને બધા એ હા પણ પાડી દીધી. શ્રેયાને ગોઠણ છોલાઈ ગયો હતો, બાકી નોર્મલ હતું. જ્યારે શશાંકને કોણી એ વાગ્યું હોવાથી ત્યાં મુઢ મારને કારણે સખત પેઈન હતું, એટલે એમ એકંદરે બચી ગયા એમ જ કહી શકાય. બધા સ્નેહીજનો આવી ગયાં, અને પ્રશાંત અને શ્રેયાને આ છેલ્લી ખરીદી પર સારી એવી ડાંટ પણ પડી, આમ રંગમાં ભંગ પડતાં પડતાં રહી ગયો. મિત્રો તહેવારની ખુશી કોને ન હોય, અને સૌ કોઈ પોતપોતાની રીતે એને સ્પેશિયલ બનાવવાં માંગતા હોય, અને એમાં પણ જ્યારે ખાસ કરીને કોઈ બજારમાં પણ અત્યારે સખત ટ્રાફિક હોવાથી, ટ્રાફિકના નિયમો મુજબ સ્કૂટર, ગાડીઓ ચાલતી ન્હોય, ત્યારે ગમે ત્યારે એક્સીડન્ટ થવાની શક્યતા રહે, અને આ ખરીદી કદાચ છેલ્લી જ ખરીદી બની જાય, એવું પણ બને. એટલે સાવચેતી અને સાવધાની માટે આ એક પ્રસંગ અહી રજુ કર્યો છે.

**ચંચળ લક્ષ્મીજી ઠાકોરજીના ચરણમાં સ્થિર થાય છે, તુલસીજી રાધાજીનું સ્વરૂપ છે, જીવાત્મા પરમાત્માનું લગ્ન એ તુલસીવિવાહનું તાત્પર્ય છે**

# કામ કર્મનો નાશ કરે છે, તેથી કામ, ક્રોધ અને લોભને ગીતા જીમાં નરકનાં દ્વારો કહ્યાં છે અને એ ત્રણને ત્યજવાનું કહ્યું છે



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા (દરબાર ગઢ, થરા)

**કર્મમાર્ગમાં વિઘ્ન કરનારો કામ છે, કશ્યપ-દિતિ એનો દાખલો છે, કામથી કર્મનો નાશ થાય છે, ભક્તિમાર્ગમાં વિઘ્ન કરનાર લોભ છે, લોભથી ભક્તિનો નાશ થાય છે, કામ, ક્રોધ, લોભ આ ત્રણથી પુણ્યનો નાશ થાય છે, વિવેકથી કામનો નાશ થાય છે, પણ ક્રોધનો નાશ મુશ્કેલ છે, એકનાથજી મહા રાજે ભાવાર્થ રામાયણમાં લખ્યું છે કે કામીને,લોભીને તત્કાળ થોડો લાભ થાય છે, પણ ક્રોધ કરનારને કાંઈ લાભ થતો નથી, ઊલટું તેના પુણ્ય નો ક્ષય થાય છે.**

ભગવદ્ ગીતા જ્ઞાનમાં ચિંતન મનન થકી કંઈક સારા વિચારો પ્રાપ્ત કરી જીવનની રાહને સુખદ બનાવવા પ્રયત્ન કરી રહ્યા છીએ ત્યારે આજે દિવાળી નૂતન વર્ષ ૨૦૮૧ની પરિવાર સાથે શાંતિમય વાતાવરણમાં ઉજવવા બધી જ તૈયારીઓ પૂરી કરી છે.બાળકોને આજથી એકવીસ દિવસનું વેકેશન એટલે શહેરમાં રહેતા હોય તો ગામડે જવાની તાલાવેલી છે. આજે ભગવદ્ ગીતા જ્ઞાનમાં જોઈએ તો ભક્તિમાર્ગમાં લોભ કેવી રીતે વિઘ્ન કરે છે? માણસ ભગવાનને માટે અગર દાન માટે હલકામાં હલકી ચીજવસ્તુઓનો ઉપયોગ કરે છે. બાબાનો શુટ બનાવવો હોય તો સાત રૂપિયે વારનું કાપડ અને ઠાકોરજીના વાઘા સિવડાવવા હોય તો ચાર આને ગજનું કાપડ! ઠાકોરજીના માટે ફૂલ લેવા ગયા અને ગુલાબ ના ફૂલના ચાર આના પડે,તો કહેશે કે કરણનાં ફૂલ આપ.મારા ઠાકોરજી તો ભાવના ભૂખ્યા છે પણ ઘર વાળી માટે ગમે તેટલા રૂપિયા ખર્ચીને સારી વેણી લઈ આવે. કર્મમાર્ગમાં વિઘ્ન કરનારો કામ છે. કશ્યપ-દિતિ એનો દાખલો છે. કામથી કર્મનો નાશ થાય છે. ભક્તિમાર્ગમાં વિઘ્ન કરનાર લોભ છે. લોભથી ભક્તિનો નાશ થાય છે. કામ, ક્રોધ, લોભ આ ત્રણથી પુણ્યનો નાશ થાય છે. વિવેકથી કામનો નાશ થાય છે, પણ ક્રોધનો નાશ મુશ્કેલ છે.એકનાથજી મહા રાજે ભાવાર્થ રામાયણમાં લખ્યું છે કે કામીને, લોભીને તત્કાળ થોડો લાભ થાય છે, પણ ક્રોધ કરનારને કાંઈ લાભ થતો નથી. ઊલટું તેના પુણ્ય નો ક્ષય થાય છે. વલ્લભાચાર્યજીએ આ વિશે કહ્યું છે કે, કામ કર્મનો નાશ કરે છે. તેથી કામ, ક્રોધ, લોભને ગીતા જીમાં નરકનાં દ્વારો કહ્યાં છે અને એ ત્રણ ત્યજવાનું કહ્યું છે. સત્યનારાયણની કથામાં બેસવાનું હોય, તો ભાઈ રૂપિયા બસોનું પીતાંબર પહેરીને બેસે અને જ્યારે ઠાકોરજીને વસ્ત્રપરિધાન કરાવવાનો પ્રસંગ આવે ત્યારે કહેશે, પેલું નાડું લાવેલા તે ક્યાં ગયું!ભગવાન કહે છે, હમ સબ સમજતે હૈ. મેં પણ તારા માટે લંગોટી પહેરવાના કંદોરાનું નાડું તૈયાર રાખ્યું છે. આવું ન કરો. ભગવાનને સારામાં સારી વસ્તુ અર્પણ કરો. બસો બાવન વૈષ્ણવો ની વાર્તાઓમાં જમનાદાસ ભક્ત નું એક દૃષ્ટાંત આવે છે. જમનાદાસ ભક્ત એક વખત ઠાકોરજીને માટે બજારમાં ફૂલ લેવા નીકળ્યા. ફૂલવાળાની દુકાને એક સારું કમળ જોયું. જમનાદાસજીએ વિચાર્યું કે, આજ તો મારા ઠાકોર જીને માટે હું આ સુંદર કમળ લઈ જઈશ. તે જ વખતે તે દુકાને એક યવન રાજા ફૂલ લેવા આવી પહોંચે છે. યવનરાજાને પોતાની રખાત વેશ્યા માટે ફૂલ જોઈતું હતું. જમનાદાસ ભક્ત માળીને કમળ ના ફૂલની કિંમત પૂછે છે. માળી પાંચ રૂપિયા કિંમત જણાવે છે, તેજ વખતે યવનરાજા વચમાં કૂદી પડે છે કે, એ ફૂલના હું દસ રૂપિયા આપવા તૈયાર છું. બંને વચ્ચે ફૂલ લેવા હરીફાઈ ચાલે છે. યવનરાજા તે ફૂલની કિંમત દસ હજાર રૂપિયા બોલે છે. જમનાદાસ ભક્ત કહે,મારા એક લાખ! યવનરાજાને વેશ્યા તરફ સાચો પ્રેમ ન હતો, મોહ હતો.તે વિચારે છે કે, એક લાખ હશે તો બીજી સ્ત્રી મળશે ત્યારે જમના દાસજી ભક્તને મન તેના ઠાકોર જી સર્વસ્વ હતા. તેનો સાચો શુદ્ધ પ્રેમ હતો. જમનાદાસ પોતાની સર્વ મિલકત વેચીને એક લાખ રૂપિયા કિંમત આપી ફૂલ ખરીદી લાવે છે અને શ્રીનાથજીની સેવામાં અર્પણ કરે છે. શ્રીનાથજીના માથા ઉપર થી મુગટ આજે નીચે પડી જાય છે. ભગવાન તે દ્વારા બતાવે છે, જમનાદાસ ભક્તના કમળનું વજન મારાથી સહન થતું નથી. સનતકુમારોને ક્રોધ આવ્યો એટલે પતન થયું. પ્રભુના દ્વારે ગયેલા પાછા આવ્યા. કામ, ક્રોધ અંદરના વિકાર છે. તક મળતાં એ બહાર આવે છે. તેથી મન ઉપર સત્સંગ નો ભક્તિનો અંકુશ રાખો. ઈશ્વરનું સતત ચિંતન કરે તેના અંદરના વિકારો શાંત થાય છે. સનતકુમારોનો ક્રોધ હજી શમ્યો નથી. તેમણે ક્રોધમાં જય-વિજય ને શ્રાપ આપ્યો કે, રાક્ષસોમાં વિષમતા હોય છે. તમે એવી વિષમતા દેખાડી માટે તમે રાક્ષસો થાઓ! મંદિરમાં થોડું પાપ કરે એ મહાપાપ છે. સનતકુમારોએ વૈકુંઠ માં ક્રોધ કર્યો. તેથી ભગવાને વિચાર્યું કે,મારા દ્વારે પાપ કર્યું એટલે મારા ઘરમાં આવવા હવે એ લાયક નથી. આ લોકોએ ક્રોધ ઉપર હજુ વિજય મેળવ્યો નથી. સનકાદિકને અંદર પ્રવેશ મળ્યો નહીં.અંદર ગયા હોત પછી બહાર આવવા પણું ન હતું. કારણ ભગવાન નું પરમધામ તો એવું છે, જ્યાં ગયા પછી આવવાપણું હોતું નથી. એટલે નારાયણ લક્ષ્મીજી બહાર આવે છે.ઠાકોરજી સનતકુમારોની સામે જોતા નથી. આજે નજર ધરતી ઉપર છે. જીવનેકરેલાં પાપ માટે હૃદયથી પસ્તાવો ન થાય ત્યાં સુધી ઠાકોર જી દર્શન આપતાં નથી. સ્વદોષ દર્શન એ ઈશ્વર દર્શનનું ફળ છે. સનતકુમારો વંદન કરે છે. પણ ઠાકોરજી સામું જોતા નથી. સનકાદિક ઋષિઓ ભગવાન પાસે ક્ષમા માગે છે. બ્રાહ્મણો ભગવાનને વહાલા છે. ભગવાન સનતકુમારોને કહે છે કે, તમે મારી ભક્તિ અને જ્ઞાનનો પ્રચાર કર્યો છે. મને મારા ભક્તો અતિ પ્રિય છે. અનન્ય ભક્તિ ન હોય તો મને લક્ષ્મીજી પણ પ્રિય નથી. નિષ્કામભક્તિ મને અતિશય પ્રિય છે. લક્ષ્મીજીમાં પણ નિષ્કામ ભક્તિ ન હોય તો લક્ષ્મીજી પણ પ્રિય લાગતી નથી. ચંચળ લક્ષ્મીજી ઠાકોરજીના ચરણમાં સ્થિર થાય છે. તુલસીજી રાધાજીનું સ્વરૂપ છે.જીવાત્મા પરમાત્માનું લગ્ન એ તુલસીવિવાહનું તાત્પર્ય છે. સનકાદિક વિચારે છે કે, અમારાં વખાણ કરે છે, પણ ધામમાં તો બોલાવતા નથી કે લઈ જતા નથી માટે અમારે હજુ તપશ્ચર્યા કરવાની જરૂર છે. હજુ ક્રોધ અમારામાંથી ગયો નથી, એટલે સનકાદિક બ્રહ્મલોકમાં પધારે છે. પછી જય-વિજયને સાંત્વના આપી નારાયણ ભગવાને કહ્યું, તમારા ત્રણ અવતારો થશે પણ તમારો ઉદ્ધાર કરવા હું ચાર અવતારો ધારણ કરીશ! સનકાદિકના શાપથી જય અને વિજય અનુક્રમે હિરણ્યાક્ષ અને હિરણ્યકશિપુ તરીકે અવતર્યા છે. એજ દિતિના બે પુત્રો. મહાપ્રભુજીએ આ ચરિત્રની સમાપ્તિ કરતાં કશ્યપ ઉપર ત્રણ દોષો નાખેલા છે:કર્મત્યાગ, મૌન ત્યાગ અને સ્થાનત્યાગ. હિરણ્યાક્ષ અને હિરણ્યકશિપુના રોજ ચાર-ચાર હાથ વધતા. જો આમ ખરેખર બને તો માતાપિતા ની શું સ્થિતિ થાય તે કલ્પી શકો છો! બીજી મુશ્કેલી એક બાજુ મૂકીએ, તો પણ એક દિવસનાં કપડાં બીજે દિવસે ટૂંકા પડે. પણ ભાગવતની આ સમાધિભાષા છે. ભાગવતમાં સમાધિભાષા મુખ્ય છે. લૌકિકભાષા ગૌણ છે. આમ કહીને લોભનું સ્વરૂપ બતાવ્યું છે. ચાર-ચાર હાથ રોજ વધતા એટલે કે લોભ રોજને રોજ વધતો જાય છે. લાભથી લોભ વધે છે.લોભનો અંત પ્રભુકૃપા વગર થતો જ નથી. શરીર જીર્ણ થવાથી કામ મરે છે, પણ લોભનો નાશ થતો નથી. લાભથી લોભ વધે એટલે પાપ વધે.પાપ વધે એટલે ધરતી રસા તળમાં જાય છે.ધરતી એટલે માનવસમાજ દુઃખરૂપી રસાતળ માં ડૂબે છે. હિરણ્યાક્ષે ખૂબ ભેગું કર્યું છે. હિરણ્યકશિપુએ ખૂબ ભોગવ્યું છે. લોભ વધે એટલે ભોગ વધે, ભોગ વધે એટલે પાપ વધે. જ્યારથી લોકો માનવા લાગ્યા કે, પૈસાથી જ સુખ મળે છે ત્યારથી જગતમાં પાપ બહુ વધી ગયું છે. હિરણ્યાક્ષને મારવા વરાહ અવતાર થયો. હિરણ્યકશિપુને મારવા નૃસિંહ અવતાર થયો. હિરણ્યાક્ષ ભોગના લોભનો અને હિરણ્યકશિપુએ લોભના ભોગનો અવતાર છે. કામને મારવા એક જ અવતાર લીધો છે, રાવણ-કુંભકર્ણને મારવા રામચંદ્રજીનો અવતાર. ક્રોધને મારવા પણ એક જ અવતાર શિશુપાળને મારવા શ્રીકૃષ્ણાવતાર. પરંતુ લોભને મારવા માટે બે અવતાર લેવા પડ્યાછે. વરાહાવતાર અનેનૃસિંહા વતાર.તે બતાવે છે કે લોભને જીતવો બહુ જ મુશ્કેલ છે. વૃદ્ધાવસ્થામાં ડહાપણ ઘણાને આવે છે, પણ જુવાનીમાં જે ડાહ્યો થયો તે સાચો ડાહ્યો થયો કહેવાય. શક્તિ ક્ષીણ થાય ત્યારે કામ જાય તેમાં શું ગઢ જીત્યો? કોઈ ગણકારે નહીં ત્યારે ડોસાનો ક્રોધ જાય તેમાં શું નવાઈ? પણ આ લોભ છેવટે વૃદ્ધાવસ્થામાં પણ છૂટતો નથી. લોભ વગેરેના ફેલાવાથી પૃથ્વી દુઃખરૂપી સાગર માં ડૂબી હતી. સત્કર્મમાં વિઘ્ન કરનાર લોભ છે,માટે લોભને સંતોષથી મારજો. લોભ સંતોષથી મરે, માટે સંતોષ કેળવો. વરાહભગવાન એ સંતોષનો અવતાર છે. વરાહાવતાર એ યજ્ઞાવતાર છે.વર અહ એટલે શ્રેષ્ઠ દિવસ.શ્રેષ્ઠ દિવસ કયો?જે દિવસે તમારા હાથે સત્કર્મ થાય તે.શ્રેષ્ઠ કર્મ કરો એટલે દિવસ શ્રેષ્ઠ બનશે.જે કાર્ય થી પ્રભુ પ્રસન્ન થાય એ સત્કર્મ છે. સત્કર્મને યજ્ઞ કહે છે. સત્કર્મમાં વિઘ્ન કરનારો હિરણ્યાક્ષ છે એટલે કે લોભ છે.વરાહ ભગવાને પૃથ્વી જે સમુદ્રમાં ડૂબેલી હતી તેને સમુદ્રમાંથી બહાર કાઢી પરંતુ પૃથ્વીને પોતાની પાસે રાખી નથી. પૃથ્વી મનુને એટલે મનુષ્યોનેસોંપી જે પોતાની પાસે આવ્યુંતે બીજાને આપી દીધું આ સંતોષ છે. વાચક ચાહક મિત્રો સૌને જય માતાજી આજે દિવાળીની તૈયારીઓ પૂરી થઈ ગઈ હશે બસ હવે અવઢવ વચ્ચે દીવાળી મનાવવા પરિવાર તરફ સૌ સારી રીતે દીપોત્સવી પર્વ ઉજવો તેવી શુભકામના સાથે અસ્તુ.

# મહેશ બાબુ સાથેની ફિલ્મમાં રાજામૌલી સૌથી વધુ જંગલી પ્રાણીઓ બતાવશે

## વાળ વધારવાની અને આ ફિલ્મ માટે ચોક્કસ પ્રકારનું બોડી બનાવવાની શરૂઆત કરી

રાજામૌલીનો પ્રાણીપ્રેમ જગજાહેર છે. બાહુબલિ અને RRR જેવી ફિલ્મોમાં તેમણે જંગલી પ્રાણીઓ સાથે અદભૂત દૃશ્યો રજૂ કર્યા છે. મહેશ બાબુ સાથેની આગામી ફિલ્મમાં સૌથી વધુ જંગલી પ્રાણીઓ બતાવવાની રાજામૌલિની ઈચ્છા છે. ઈઈઈમાં પ્રાણીઓ સાથે ઘણા મહત્વના સીન શૂટ થયા છે, જેમાંથી એક સીનમાં જુનિયર એનટીઆર એક વાહનમાંથી જંગલી પ્રાણીઓના ઝૂંડ વચ્ચે કૂદકો મારે છે, ત્યારે ત્યાં વાઘ, શ્વાન અને શિયાળ જેવાં પ્રાણીઓ જોવા મળે છે. એ ઉપરાંત આ ફિલ્મમાં જુનિયર એનટીઆરની વાઘ સાથેની લડાઈની એક સીકવન્સ પણ ખૂબ જાણીતી છે. આમ રાજામૌલીને પ્રાણીઓ સાથે કામ લેવામાં બહુ મજા પડે છે. તેમને પ્રાણીઓમાં રહેલી અનિશ્ચિતતાઓ સાથેની થ્રિલ અને મજાની ક્ષણો ફિલ્મમાં ઉમેરવી ગમે છે. તાજેતરમાં એક ઈન્ટરવ્યૂમાં તેમણે પોતાની આગામી ફિલ્મ વિશે કેટલીક વાતો કરી હતી, જેમાં તેમણે જણાવ્યું કે હવે પછીની ફિલ્મો પહેલાંની ફિલ્મો કરતાં સૌથી વધુ પ્રાણીઓ જોવા મળશે. રાજામૌલીએ આ ઈન્ટરવ્યુમાં કહ્યું કે તેઓ હવે મહેશ બાબુ સાથે એક ફિલ્મ કરી રહ્યા છે, જેમાં પ્રાણીઓ સાથે ઘણા રસપ્રદ દૃશ્યો જોવા મળશે. આ ફિલ્મની સ્ટોરી વિલ્બર સ્મિથની આળિકા થીમની નવલકથાઓ પર આધારીત છે જેમાં એડવેન્ચર, થ્રિલ અને ઘણા જંગલી પ્રાણીઓ સાથેના દૃશ્યો હશે. જોકે, આ ફિલ્મનું નામ હજુ નક્કી કરવામાં આવ્યું નથી અને આ ફિલ્મનું શૂટ જાન્યુઆરી ૨૦૨૫માં શરૂ થશે, કેએલ નારાયણા દ્વારા તે પ્રોડ્યુસ કરવામાં આવશે. મહેશ બાબુએ વાળ વધારવાની અને આ ફિલ્મ માટે ચોક્કસ પ્રકારનું બૉડી બનાવવાની શરૂઆત કરી દીધી છે.



### નાગા ચૈતન્ય, અરશદ અને અભિષેક પણ કમેન્ટ્સ ડિસેબલ કરી ચૂક્યા છે

# સેલેબ્રિટીઝ પોતાના સોશિયલ મીડિયા પોસ્ટ પર કમેન્ટ્સ કેમ અટકાવી દે છે?

## પેરિસ ઓલિમ્પિકમાં વિવિધ રમતો જોવા ગયો ત્યારે તેણે વિવિધ રમતોની મેમરીની એક રીલ શેર કરી હતી

નાગા ચૈતન્યએ શોભિતા ધુલિપાલા સાથે અચાનક સગી કરી લીધાં બાદ થોડાં વખત પહેલાં જ શોભિતા સાથે પહેલી સેલ્ફી પોસ્ટ કરી હતી. નાગા ચૈતન્યએ આ સેલ્ફી પોતાના ઈન્સ્ટાગ્રામ પોસ્ટ કર્યા પછી તેના પર કમેન્ટ્સ ડિસેબલ કરી દીધી હતી. આ બાબતે ઘણી ચર્ચા પણ થઈ હતી, પરંતુ તે આવું કરનાર પહેલો સેલેબ્રિટી નથી. ઘણા કલાકારો આ ઓપ્શનનો સારો લાભ ઉઠાવી ચૂક્યા છે. જેમકે, અરશદ વારસીએ જ્યારે 'કલકી ૨૮૯૮ એડી'માં પ્રભાસને જોકર કહ્યો ત્યારે વિવાદ ટાળવા થોડા વખત માટે તેણે કમેન્ટ ડિસેબલ કરી દીધી હતી. પ્રભાસના ફૅન્સ દ્વારા અરશદ વારસીની ખૂબ ટિકા કરવામાં આવી હતી. આ જ રીતે સંજય લીલા ભણસાલીની વૅબ સિરીઝ 'હીરામંડી- ધ ડાયમંડ બાઝાર'માં કામ કરી ચૂકેલી સંજયની ભત્રિજી શરમિન સેહગલે પણ પોતાના ઈન્સ્ટાગ્રામ પર થોડાં વખત માટે કમેન્ટ ડિસેબલ કરી હતી, કારણ કે આ સિરીઝમાં આલમ ઝેબના તેના રોલ માટે તેને ઘણા નકારાત્મક પ્રતિસાદનો સામનો કરવો પડ્યો હતો. આ જ રીતે સોનાક્ષી સિંહા અને ઝહીર ઈકબાલે પણ તેમના લગ્નના ફોટો ઈન્સ્ટાગ્રામ પર શેર કરીને પછી તેમાં કમેન્ટ્સ અટકાવી દીધી હતી. કારણ કે તેમના પરિવાર અને મિત્રો સિવાયના લોકોએ તેમના આ લગ્નને લઈને ઘણી નકારાત્મક બાબતો કહી હતી. તેથી ટ્રોલિંગ ટાળવા તેમણે આ વિકલ્પ અપનાવ્યો હતો. અભિષેક બચ્ચન પેરિસ ઓલિમ્પિકમાં વિવિધ રમતો જોવા ગયો ત્યારે તેણે વિવિધ રમતોની મેમરીની એક રીલ શેર કરી હતી.



### લોકોએ શાહરૂખ, અક્ષય, અજય અને ટાઇગર માટે પ્રેરણા ગણાવ્યો

# હું પાન-મસાલા નહીં વેચું, અનિલ કપૂરે ૧૦ કરોડ જતા કર્યા



## અનિલ કપૂર છેલ્લા બે ત્રણ દિવસથી સોશિયલ મીડિયા પર છવાઈ ગયા છે, તે પણ હકારાત્મક કારણોસરના લીધે

અનિલ કપૂર છેલ્લા બે ત્રણ દિવસથી સોશિયલ મીડિયા પર છવાઈ ગયા છે, તે પણ હકારાત્મક કારણોસર. તાજેતરમાં જ અનિલ કપૂરે એક પાન મસાલાની જાહેરાત માટે ૧૦ કરોડની ઓફર ઠુકરાવી છે. અનિલ પોતાની વિશ્વસનીયતા તેમજ સામાજિક જવાબદારી માટે જાણીતો છે. એણે એ સ્પષ્ટ કરી દીધું છે કે એક જાહેર જીવનની વ્યક્તિ અને એક કલાકાર તરીકે એ પોતાના મૂલ્યો સાથે વિરોધાભાસ ઊભો કરે તેવી કોઈ પણ વસ્તુને પ્રોત્સાહન આપશે નહીં. સૂત્રોના જણાવ્યા અનુસાર, ''એક પાન મસાલાની જાણીતી કંપની દ્વારા આકર્ષક ઓફર સાથે તેમનો સંપર્ક કરવામાં આવ્યો હતો પરંતુ તેમણે આ ઓફર ઠુકરાવી દીધી હતી. તે પોતાના ફૅન્સ બાબતે બહુ જવાબદાર છે અને જાહેર આરોગ્યને નુકસાન થાય એવી કોઈ જ વસ્તુને તે પ્રોત્સાહન આપતા નથી, પછી તેના માટે ભલે ગમે તેવું વળતર આપવામાં આવે.'' આ પ્રકારના ઉત્પાદનોની જાહેરાત માટે અજય દેવગન હવે મીમ માટેનો લોકપ્રિય ચહેરો બની ગયો છે.થોડાં વખત પહેલાં જ ''બોલો ઝૂબાં કેસરી'' ટૅગલાઈન સાથેની આ એડમાં અજય દેવગન, અક્ષય કુમાર અને શાહરૂખ ખાન એમ ત્રણ સુપર સ્ટારને એક સાથે લઈને ઘણી ચર્ચા જગાવી હતી. પરંતુ તેના કારણે અક્ષય કુમારના ફૅન્સ તેનાથી નારાજ થઈ ગયા હતા અને તેથી અક્ષયે ફરી ક્યારેય આ પ્રકારના ઉત્પાદનો માટે કામ ન કરવાનો નિર્ણય લીધો હતો. આ ઉપરાંત કાર્તિક આર્યન, અલ્લુ અર્જુન, યશ અને સ્મૃતિ ઈરાની જેવા સેલેબ્રિટિઝ પણ આ પ્રકારના ઉત્પાદનોને પ્રોત્સાહન આપવાનો ઈનકાર કરી ચૂક્યા છે. જોહન અબ્રાહમ, એમી વિર્ક જેવા કલાકારો પણ જાહેરમાં કહી ચૂક્યા છે કે તેઓ આ પ્રકારની જાહેરાત કરશે નહીં. અનિલ કપૂરના આ નિર્ણયથી સોશિયલ મીડિયા પર લોકોએ તેમના

# સલમાન ખાનને ધમકી આપનારો તો શાકવાળો નીકળ્યો

## થોડા સમય પહેલા એક યુવકે સલમાનને ગેંગસ્ટર લોરેન્સ બિશ્નોઈના નામે ધમકી આપી હતી, ૫ કરોડની ખંડણી માંગી હતી

સુપરસ્ટાર સલમાન ખાનને ધમકી આપવાના કેસમાં મુંબઈની વર્લી પોલીસે એકની ધરપકડ કરી છે. થોડા સમય પહેલા એક યુવકે સલમાનને ગેંગસ્ટર લોરેન્સ બિશ્નોઈના નામે ધમકી આપી હતી. ૫ કરોડની ખંડણી માંગી હતી. હવે તે યુવકની જમશેદપુરથી અટકાયત કરવામાં આવી છે. પોલીસ પાસેથી મળતી માહિતી મુજબ ધમકી આપનાર વ્યક્તિ શાકભાજી વેચવાનું કામ કરે છે. તેણે તાજેતરમાં ટીવી પર લોરેન્સ બિશ્નોઈને સલમાન ખાનને મારી નાખવાની ધમકી આપતા સમાચાર જોયા હતા. આ પછી તેને પણ ખંડણીની માંગ કરવાનો વિચાર આવ્યો. વ્યક્તિએ મુંબઈ ટ્રાફિક પોલીસના વોટ્સએપ નંબર પર ધમકીભર્યો મેસેજ મોકલ્યો અને પછી તેનો મોબાઈલ સ્વીચ ઓફ કરી દીધો.પકડાયેલ વ્યક્તિનું નામ શેખ છે અને તેની ઉંમર ૨૪ વર્ષ છે. શેખે પોલીસને આપેલી માહિતી મુજબ, તે પહેલા શાકભાજી વેચતો હતો, પરંતુ હાલમાં તે કંઈ કરતો નથી. મેસેજ કર્યા પછી શેખે માફી માંગતો મેસેજ મોકલ્યો.



મુંબઈ ટ્રાફિક પોલીસને ધમકીભર્યો મેસેજ મળ્યા બાદ પોલીસે અજાણ્યા વ્યક્તિ વિરુદ્ધ કેસ નોંધીને તપાસ શરૂ કરી હતી. પોલીસે આરોપીના મોબાઈલ નંબરને ટ્રેસ કરવાનો પ્રયાસ કર્યો હતો. પરંતુ નંબર સ્વીચ ઓફ હતો. મુંબઈ પોલીસ એ જાણવાનો પ્રયાસ કરી રહી છે કે આ મેસેજ ક્યાંથી મોકલવામાં આવ્યો હતો. તેને ખબર પડી કે જમશેદપુરથી મેસેજ આવ્યો છે. જમશેદપુરમાં સ્થાનિક પોલીસની મદદથી તપાસ કરવામાં આવી હતી અને હવે મેસેજ મોકલનાર વ્યક્તિને કસ્ટડીમાં લેવામાં આવ્યો છે. આ વ્યક્તિએ તેના ધમકીભર્યા મેસેજમાં લોરેન્સ બિશ્નોઈ ગેંગનું નામ લીધું હતું અને સલમાન ખાન પાસેથી ૫ કરોડ રૂપિયાની ખંડણી માંગી હતી. થોડા સમય પહેલા એક યુવકે સલમાનને ગેંગસ્ટર લોરેન્સ બિશ્નોઈના નામે ધમકી આપી હતી, ૫ કરોડની ખંડણી માંગી હતી, મેસેજમાં લખ્યું હતું, 'આને હળવાશથી ન લો. જો સલમાન ખાને જીવિત રહેવું હોય અને લોરેન્સ બિશ્નોઈ સાથેની દુશ્મની ખતમ કરવી હોય તો તેણે ૫ કરોડ રૂપિયા ચૂકવવા પડશે. જો પૈસા નહીં આપવામાં આવે તો સલમાન ખાનની હાલત બાબા સિદ્દીકી કરતા પણ ખરાબ થઈ જશે. મુંબઈ પોલીસે આ મેસેજને ખૂબ જ ગંભીરતાથી લીધો અને મામલાની તપાસ શરૂ કરી. ધમકી આપ્યા બાદ વ્યક્તિએ માફી માંગી હતી. મેસેજ મોકલનારનું કહેવું હતું કે તેણે આ મેસેજ ભૂલથી મોકલ્યો હતો અને તેના માટે તે દિલગીર છે.

### બાળકો મને ટાઇગર દીદી કહેતાં હતાં: ક્રિતિ સેનન

# 'ટાઇગરની હિરોઇન'ના લેબલમાંથી બહાર આવતા વર્ષો લાગ્યાં : ક્રિતિ સેનન

## એક્ટર ક્રિતિ સેનન માટે વર્ષ ભલે ખાસ ન રહ્યું હોય, પરંતુ વર્ષ ૨૦૨૪ તેના માટે મહત્વનું વર્ષ રહ્યું છે

એક્ટર ક્રિતિ સેનન માટે વર્ષ ભલે ખાસ ન રહ્યું હોય, પરંતુ વર્ષ ૨૦૨૪ તેના માટે મહત્વનું વર્ષ રહ્યું છે. તેની બે ફિલ્મો આવી ચૂકી છે, 'તેરી બાતોં મેં ઐસા ઉલઝા જિયા' અને બીજી 'ક્રૂ'. આ બંને ફિલ્મો સફળ રહી છે. 'ક્રૂ'માં તેણે તબુ અને કરીના કપૂર સાથે કામ કર્યું, હવે તેની ડબલ રોલ વાળી ફિલ્મ 'દો પત્તી' રિલીઝ થવાની તૈયારીમાં છે, જેમાં તે પ્રોડ્યુસર તરીકે પણ ડેબ્યુ કરી રહી છે. તેમાં તેની સાથે કાજોલ પણ મહત્વના રોલમાં જોવા મળશે. તેની આગામી ફિલ્મ સંદર્ભે ક્રિતિ છેલ્લાં કેટલાંક સમયથી વિવિધ ઈન્ટરવ્યૂમાં દેખાતી રહી છે. તાજેતરમાં એક ઈન્ટરવ્યૂમાં ક્રિતિએ પોતાની ફિલ્મોની સફર વિશે તેમજ ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં પોતાના કોઈ સંબંધી ન હોય ત્યારે પોતાનું સ્થાન બનાવવામાં કેટલી મુશ્કેલી પડે છે તે અંગે વાત કરી હતી. ક્રિતિએ પોતાની કૅરિઅરની શરૂઆત ટાઈગર શ્રોફ સાથે ૨૦૧૪માં 'હિરોપંતી'થી કરી હતી. આ પહેલાં તેણે એક તેલુગુ ફિલ્મ 'નેનોક્કડાઈન'માં કામ કર્યું હતું. ક્રિતિએ શરૂઆતના સમય અંગે કહ્યું,''મને પહેલો બ્રેક મળતાં બહુ સમય ન લાગ્યો. હીરોપંતી વખતે લોકો ટાઈગરને પહેલાંથી જ ઓળખતાં હતાં છતાં આ તેની ડેબ્યુ ફિલ્મ ગણાતી હતી. આ ઉપરાંત ડિરેક્ટર અને પ્રોડ્યુસર પણ આ ફિલ્મને બે ન્યુકમરની લૉંચ મુવી તરીકે જ ઓળખાવતા હતા. મને પણ ગીતો અને મસાલા ફિલ્મમાં એક બોલિવૂડની હિરોઈનની ચોક્કસ એન્ટ્રી મળી હતી.''આગળ ક્રિતિએ કહ્યું, ''પરંતુ થોડાં સમયમાં એવું થવા લાગ્યું કે લોકો મને એ ફિલ્મ પછી ''એ હિરોઈન જેણે ટાઈગર શ્રોફ સાથે ફિલ્મ કરી'' એવી રીતે ઓળખવા લાગ્યા હતા. જ્યારે તમે ઈન્ડસ્ટ્રીની બહારના હોય ત્યારે તમારે તમારી જગ્યા બનાવવી અને લોકોના મનમાં તમારો ચહેરો જાણીતો બનાવવા માટે બહુ મહેનત કરવી પડે છે. જેણે મારી બરેલી કી બરફી ફિલ્મ બનાવી તે ડિરેક્ટર અશ્વિની ઐય્યરના બાળકો મને ટાઈગર દીદી કહીને બોલાવતા હતા. ત્યારે મને ખાસ લાગ્યું કે હવે મારે લોકોના મનમાં જગ્યા બનાવવા માટે ડબલ મહેનત કરવી પડશે.'' પછી ક્રિતિએ બરેલી કી બર્ફી અને મિમી જેવી ફિલ્મો કરી, જેના માટે તેને નેશનલ એવૉર્ડ પણ મળ્યો.



### ૨૦૨૫ની શરૂઆતમાં રિલીઝ પૂર્વે મામી ફિલ્મ ફેસ્ટિવલમાં 'ઘમાસાન'નું પ્રીમિયર

# 'ઘમાસાન'માં અરશદ વારસીના ડરનો સામનો કરશે પ્રતીક ગાંધી



## પ્રતિકએ તિગ્માંશુના વેબ શોમાં એક ભ્રષ્ટ અધિકારીની ભૂમિકા બાદ હવે એક ઇમાનદાર પોલિસ ઓફિસરની ભૂમિકા વિશે વાત કરી

સામાન્ય રીતે અરશદ વારસી તેના કોમેડી રોલ માટે ઓળખાય છે, પરંતુ રવિવારે મુંબઈ ખાતે ચાલી રહેલા મામી ફિલ્મ ફેસ્ટિવલમાં આ ફિલ્મના સ્ક્રિનિંગમાં હાજર રહેલાં લોકો અરશદથી ડરી ગયાં હતાં. તેમની ફિલ્મ 'ઘમાસાન'ને ફેસ્ટિવલમાં ખૂબ સારો પ્રતિસાદ મળ્યો છે. આ સ્ક્રિનિંગ વખતે લીડ એક્ટર્સ અરશદ વારસી, પ્રતિક ગાંધી, ઈશિતા દત્તા તેમજ ફિલ્મના ડિરેક્ટર તિગ્માંશુ ધુલિયા પણ હાજર રહ્યાં હતાં. આ સ્ક્રિનિંગ પછી દર્શકોએ સ્ટાર કાસ્ટ સાથે પ્રશ્નોત્તરી પણ કરી હતી. અરશદે આ ફિલ્મ માટે વજન વધાર્યુ છે, તે અંગેના સવાલના જવાબમાં અરશદે કહ્યું, ''શરૂઆતમાં આપણે પણ આમિર ખાન બનવાની કોશિશ કરીએ છીએ પણ પછી પાછળથી એ ભારે પડી જાય છે. આ ઉંમરે એક વખત વધી ગયેલું વજન ઘટાડવું અઘરું પડે છે. હવે પછીથી એક્ટિંગથી જ કામ ચલાવી લઈશ.''બાયોપિક બનાવવા અંગે તિગ્માંશુ ધુલિઆએ કહ્યું,''સમાજમાં ખરા હિરો મળતા નથી. યુવાનો નિરર્થક બાબતો પર સમય વેડફે છે. તેમના માટે બસ - મારી કોફી, મારી બરીસ્તા, જ બધું છે. તેથી આપણે સમાજના ખરા હિરોને જોઈ શકતાં નથી. તેથી બાયોપિક્સ બનાવવી પડે છે.'' જ્યારે પ્રતિક ગાંધીએ તિગ્માંશુના વૅબ શોમાં એક ભ્રષ્ટ અધિકારીની ભૂમિકા બાદ હવે એક ઈમાનદાર પોલિસ ઓફિસરની ભૂમિકા વિશે વાત કરી હતી. તો કોઈએ તેની સાથે ગુજરાતી હોવા વિશે પ્રશ્નો પૂછ્યા હતા. ત્યારે આ લોકો પર કટાક્ષ કરતા અરશદે કહ્યું, ''કોઈ આની એક્ટિંગ ટેલેન્ટની પણ વાત કરી શકો છો.'' આ ફિલ્મ ૨૦૨૫ની શરૂઆતમાં થિએટરમાં રિલીઝ થશે.

# પુષ્પા ૨: ધ રૂલની ફિલ્મ રિલીઝની તારીખ ફરીથી બદલાઈ

## પોસ્ટના કેપ્શનમાં, અભિનેતાએ હેશટેગના ઉપયોગ સાથે લખ્યું છે, ''પુષ્પા ૨ ધ રૂલ ૫ ડિસેમ્બરે આવી રહ્યું છે''




પુષ્પા ૨ ફિલ્મ રિલીઝની તારીખ ફરીથી બદલાઈ, અલ્લુ અર્જુને પોતે કરી નવી તારીખની જાહેરાતઅલ્લુ અર્જુનની બહુપ્રતિક્ષિત ફિલ્મ 'પુષ્પા ૨: ધ રૂલ'ની નવી રિલીઝ ડેટ જાહેર કરવામાં આવી છે. આ ફિલ્મ અગાઉ ૬ ડિસેમ્બરે રિલીઝ થવાની હતી, પરંતુ અલ્લુ અર્જુને પોતે ઈન્સ્ટાગ્રામ પર પોસ્ટ કરીને નવી રિલીઝ ડેટ જાહેર કરી છે. અલ્લુ અર્જુને થોડા સમય પહેલા પુષ્પા ૨નું પોસ્ટર શેર કરીને નવી તારીખનો ખુલાસો કર્યો છે. આ પોસ્ટરમાં અલ્લુ અર્જુન મોંમાં સિગાર અને હાથમાં પિસ્તોલ લઈને ઉભો જોવા મળી રહ્યો છે. પોસ્ટના કેપ્શનમાં, અભિનેતાએ હેશટેગના ઉપયોગ સાથે લખ્યું છે, ''પુષ્પા ૨ ધ રૂલ ૫ ડિસેમ્બરે આવી રહ્યું છે''. તમને જણાવી દઈએ કે વર્ષ ૨૦૨૧માં આવેલી પુષ્પા ફ્રેન્ચાઈઝીનો બીજો ભાગ અગાઉ ૬ ડિસેમ્બર ૨૦૨૪ના રોજ રિલીઝ થવાનો હતો. જો કે, હવે તેમાં ફેરફાર કરવામાં આવ્યા છે અને તે નિર્ધારિત રિલીઝ તારીખના ૧ દિવસ પહેલા એટલે કે ૫મી ડિસેમ્બરે રિલીઝ થશે. નિર્માતાઓના આ નિર્ણયથી ફિલ્મને ફાયદો થઈ શકે છે કારણ કે જો ફિલ્મ ૬ તારીખે રિલીઝ થઈ હોત તો તેને વીકએન્ડના એક દિવસ પહેલા જ મળી હોત, પરંતુ ફિલ્મ શુક્રવારને બદલે ૫ ડિસેમ્બરે ગુરુવારે રિલીઝ થશે. જેના કારણે ફિલ્મને વીકએન્ડના ૨ દિવસ પહેલા એટલે કે વીકેન્ડ સુનામીના ૨ દિવસ પહેલા તોફાન શરૂ થઈ ગયું હશે.પુષ્પા ૨ ધ રૂલની વાર્તા ત્યાંથી શરૂ થશે જ્યાં પાછલી ફિલ્મની વાર્તા સમાપ્ત થઈ હતી. ફિલ્મનું ટ્રેલર આવ્યું ત્યારથી જ દર્શકોમાં આ ફિલ્મનો ક્રેઝ છે. આ ફિલ્મ એક સામાન્ય માણસની બ્રાન્ડ બનવાની વાર્તા કહે છે.ફિલ્મમાં અલ્લુ અર્જુન-રશ્મિકા મંદન્ના લીડ રોલમાં જોવા મળશે. આ સિવાય ફહદ ફાસીલ પણ ફિલ્મમાં મહત્વની ભૂમિકામાં જોવા મળશે. પ્રિયમણી, શ્રીતેજ અને અનુસૂયા ભારદ્વાજ પણ ફિલ્મનો એક ભાગ છે. જ્યાં ૨૦૨૧ માં રીલિઝ થયેલી ફિલ્મ પુષ્પાએ ઘણી બધી ચલણી નોટો સાથે ઘણા એવોર્ડ મેળવ્યા હતા. જ્યારે પુષ્પા ૨ ધ રૂલ રિલીઝ પહેલા જ સો કરોડનો બિઝનેસ કરી ચૂકી છે. તમને જણાવી દઈએ કે એકલા ફિલ્મના મ્યુઝિક રાઈટ્સ ૬૫ કરોડ રૂપિયામાં વેચાયા છે. નિર્માતાઓએ સેટેલાઈટ રાઈટ્સમાંથી ૮૫ કરોડ રૂપિયાની કમાણી પણ કરી છે. તમને જણાવી દઈએ કે ફિલ્મના નોન થિયેટ્રિકલ રાઈટ્સથી કમાણી ૪૨૫ કરોડ રૂપિયા સુધી પહોંચી ગઈ છે. પુષ્પા (૨૦૨૧) એ બોક્સ ઓફિસ પર ૩૦૦ કરોડ રૂપિયાની કમાણી કરી હતી. પુષ્પા ૨ ના બોક્સ ઓફિસ આંકડા, જે તેની રિલીઝ પહેલા આવી રહ્યા છે, તે દર્શાવે છે કે ફિલ્મ સુનામી લાવવા જઈ રહી છે.ફિલ્મે રિલીઝ પહેલા આંધ્ર પ્રદેશ અને તેલંગાણામાં પ્રી-બિઝનેસમાં રૂ. ૨૨૦ કરોડની કમાણી કરી લીધી છે. તેણે ઉત્તર ભારતમાં ૨૦૦ કરોડ રૂપિયા, કર્ણાટકમાં ૩૦ કરોડ રૂપિયા, કેરળમાં ૨૦ કરોડ રૂપિયા, તમિલનાડુમાં ૫૦ કરોડ રૂપિયા અને આંતરરાષ્ટ્રીય બજારમાં લગભગ ૧૫૦ કરોડ રૂપિયાની કમાણી કરી છે.

### પ્રાકૃતિક ખેતી એટલે ખેડૂતોની ઉન્નતિ

# ધરતીપુત્રો માટે વાવણીથી વેચાણ સુધીનું વ્યવસ્થિત વ્યવસ્થાતંત્ર ગુજરાત સરકારે તૈયાર કર્યું છે

## રાજ્યમાં દેશી ગાયના નિભાવ ખર્ચ, મોડલ ફાર્મ, માળખાકીય સુવિધા માટે આર્થિક સહાય આપવા અનેકવિધ યોજનાઓ અમલી

। (માહિતી) અમદાવાદ, તા.૨૫ ।

કૃષિપ્રધાન દેશ ભારતમાં ખેતી અને ખેત પદ્ધતિના મૂળ ઋગ્વેદ અને અથર્વવેદથી માંડીને પુરાણો સુધી, કૃષિ-પારાશરથી માંડીને કાશ્યપિય કૃષિ સુક્ત જેવા પ્રાચીન ગ્રંથો સુધી વિસ્તરેલા છે. વિશ્વની સૌથી પુરાતન સભ્યતાઓ પૈકીની સિંધુ ઘાટીની સભ્યતામાં મળેલા ખેતીવાડીના અવશેષોથી લઈ વિશ્વની સૌ પ્રથમ ઓર્ગેનિક એગ્રિકલ્ચરલ યુનિવર્સિટી સુધી ભારત સંતુલિત કૃષિવિકાસનું પથદર્શક બની રહ્યું છે. ત્યારે દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી અને રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીની પ્રેરણાથી તથા ગુજરાતના મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળ ગુજરાત સરકાર દ્વારા પ્રાકૃતિક ખેતીનો વ્યાપ વધે, તે દિશામાં પરિણામલક્ષી પ્રયાસો થઈ રહ્યા છે. સાથેસાથે કૃષિકારોને પ્રોત્સાહનરૂપે આર્થિક સહાય આપવામાં આવી રહી છે, જેના વિષે વિગતવાર જાણીએ.

પ્રાકૃતિક ખેતી સંપૂર્ણ દેશી ગાય આધારિત ખેતી છે. બીજામૃત અને ઘનામૃત જેવા ઘટકોમાં દેશી ગાયના ગોબર અને ગૌમૂત્રનો ઉપયોગ પાયાની બાબત છે, ત્યારે ગુજરાત સરકાર દ્વારા દેશી ગાયના નિભાવ ખર્ચ પેટે દરેક ખેડૂતને વાર્ષિક રૂ. ૧૦,૮૦૦ની સહાય આપવામાં આવે છે. પ્રાકૃતિક ખેતી માટે ગૌસંવર્ધનને પણ આ યોજના થકી પ્રોત્સાહન પૂરું પાડવામાં આવી રહ્યું છે. ચાલુ નાણાકીય વર્ષ માટે આ યોજના અંતર્ગત અંદાજપત્રમાં રૂ. ૧૯૮.૭૨ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

દેશી ગાય ન હોય અથવા ન રાખી શકે તેવા ખેડૂતો પણ અસરકારક રીતે પ્રાકૃતિક ખેતી કરી શકે, તે માટે પણ ગુજરાત સરકાર પ્રયત્નશીલ છે. રાજ્ય સરકારે ''પ્રાકૃતિક કૃષિ માટે જીવામૃત-ઘનજીવામૃત બનાવવા તથા વિતરણ માટે માળખાકીય સુવિધા માટે સહાય'' યોજના શરૂ કરીને વર્ષ ૨૦૨૪-'૨૫ના અંદાજપત્રમાં રૂ. ૪.૨૦ કરોડની જોગવાઈ કરી છે. જેમાં ગૌશાળા, પાંજરાપોળ, સહકારી સંસ્થાઓ અને ફાર્મર પ્રોડ્યુસર્સ ઓર્ગેનાઈઝેશન્સને આ માળખાકીય સુવિધા ઉભી કરવા રૂ. ૧.૨૦ લાખ તેમજ સખી મંડળો તથા ખેડૂત ગ્રૂપોને રૂ. ૬૦ હજારની આર્થિક સહાય આપવામાં આવશે.

કૃષિ વિભાગ આયોજિત પ્રેરણા પ્રવાસ દરમિયાન ખેડૂતોને પ્રાકૃતિક ખેતીના આદર્શ નમૂનારૂપ ફાર્મની મુલાકાતે લઈ જવામાં આવે છે. રાજ્ય સરકાર દ્વારા પ્રત્યેક ગામમાં પ્રાકૃતિક કૃષિના મોડલ ફાર્મ તૈયાર કરવાના લક્ષ્યાંક સાથે રૂ. ૧૮ હજાર પ્રતિ મોડલ ફાર્મ સુધીની સહાય ચૂકવવામાં આવે છે. વર્ષ ૨૦૨૩-'૨૪ માં રાજ્યમાં ૩,૧૦૭ મોડલ ફાર્મ બનાવવામાં આવ્યા હતા. ચાલુ વર્ષમાં ૩,૨૪૫ મોડલ ફાર્મ બનાવવાનું આયોજન કૃષિ વિભાગ દ્વારા કરવામાં આવ્યું છે.

કૃષિ વિભાગ દ્વારા પ્રાકૃતિક ખેતપેદાશની વેચાણ વ્યવસ્થા માટે ફાર્મર પ્રોડ્યુસર્સ ઓર્ગેનાઈઝેશન્સ, સહકારી મંડળી કે માર્કેટયાર્ડ જેવી સુવિધા તૈયાર કરવા રૂ. ૨ લાખ તથા દુકાન ભાડે રાખવા, દુકાનનાં ફર્નિચર અને પેકિંગ યુનિટ સહિતની માળખાગત સુવિધા માટે પણ આર્થિક સહાય ચૂકવવામાં આવે છે. પ્રાકૃતિક ખેતપેદાશોના વેચાણ માટે વ્યવસ્થા પણ કરવામાં આવે છે. આમ, દેશી ગાય આધારિત પ્રાકૃતિક કૃષિને પ્રોત્સાહન માટે વાવણીથી વેચાણ સુધીનું વ્યવસ્થિત વ્યવસ્થાતંત્ર તૈયાર કરવામાં આવ્યું છે. અસરદાર આયોજનની સાથેસાથે માત્ર જાણકારી કે માર્ગદર્શન જ નહીં પરંતુ વિસ્તૃત તાલીમો, આર્થિક અને તકનીકી સહાય, વેચાણ વ્યવસ્થાઓ સહિતની આખી ઈકોસિસ્ટિમ તૈયાર થઈ છે. જે પ્રાકૃતિક ખેતીનો વ્યાપ વધારવા અને વધુને વધુ કૃષકોને તેનો લાભ પહોંચાડવા સક્ષમ બની રહી છે. ત્યારે ચાલો આપણે પણ કૃષિ ક્ષેત્રે 'બેક ટુ બેઝિક'ના મંત્રને યાદ રાખી આપણાં મૂળ સાથે જોડાઈએ, પ્રાકૃતિક કૃષિ અપનાવીએ.

# પૂજ્ય મોરારી બાપૂ સદ્ભાવના વૃદ્ધાશ્રમના લાભાર્થે રાજકોટમાં રામકથા કરશે



। રાજકોટ, તા.૨૫ ।

પ્રસિદ્ધ આધ્યાત્મિક ગુરુ પૂજ્ય મોરારી બાપૂ સદ્ભાવના વૃદ્ધાશ્રમના લાભાર્થે રાજકોટમાં રામકથા યોજશે. આ કથાનો ઉદ્દેશ્ય વૃદ્ધોના કલ્યાણ તથા રાજ્યમાં પર્યાવરણ સંરક્ષણના કાર્યોમાં સહયોગ કરવાનો છે. રાજકોટ સ્થિત સદ્ભાવના વૃદ્ધાશ્રમ વૃદ્ધોની સેવામાં તેના સમર્પણ માટે ઓળખાય છે. સંસ્થાની પ્રવૃત્તિઓમાં ભક્તિ, દાન અને સામાજિક કલ્યાણનો સંગમ છે. આ રામકથા રાજકોટના રેસકોર્સ મેદાનમાં ૨૩ નવેમ્બરથી ૦૧ ડિસેમ્બર સુધી યોજાશે તથા તેની તમામ આવક વૃદ્ધોની સહાયતા અને વૃક્ષારોપણ અભિયાન માટે ખર્ચ કરાશે.

પૂજ્ય મોરારી બાપૂએ તેમનું જીવન પ્રભુ શ્રીરામ અને રામાયણના સંદેશના પ્રસાર માટે સમર્પિત કર્યું છે. તેમનો ઉપદેશ પ્રેમ, કરુણા અને માનવતા ઉપર આધારિત છે તેમજ તેઓ વિશ્વભરમાં કરોડો લોકોને પ્રેરિત કરે છે. રાજકોટમાં યોજાનારી આ રામકથા તેમની ૯૪૭મી કથા હશે. સામાજિક કાર્યો પ્રત્યે પૂજ્ય બાપૂની કટીબદ્ધતા વ્યાપકરૂપે જાણીતી છે અને તેઓ નિયમિતરૂપે વિવિધ પહેલોનું સમર્થન કરે છે. સદ્ભાવના વૃદ્ધાશ્રમ પરિવાર સૌને આ રામકથામાં ભાગ લેવા અને એક ઉમદા હેતુમાં યોગદાન આપવા આગ્રહ કરે છે.

# પેન્શનધારકો માટે ખુશખબર, ડાકઘર દ્વારા ઘરે બેઠા બનશેજીવન પ્રમાણપત્ર : પોસ્ટ માસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવ

## ડાક વિભાગની પહેલ: પેન્શનધારકોને જીવન પ્રમાણપત્ર માટે ધક્કા ખાવામાંથી મુક્તિ, ઘરે બેઠા પોસ્ટમેનના માધ્યમથી ડિજિટલ લાઇફ સર્ટિફિકેટ બનશે

। અમદાવાદ, તા.૨૫ ।




હવે પેન્શનધારકો ને જીવન પ્રમાણપત્ર રજૂ કરવા માટે કોઈ ટ્રેઝરી, બેંક અથવા અન્ય કોઈ વિભાગમાં જવાની જરૂર નથી. પેન્શન ધારકો તેમના નજીકના ડાકઘરના પોસ્ટમેન અથવા ગ્રામીણ ડાક સેવકની મદદથી ડિજિટલ લાઈફ સર્ટિફિકેટ મેળવી શકે છે. આ માટે માત્ર ૭૦/- રૂપિયા ફી નિર્ધારિત કરવામાં આવી છે. આ પ્રમાણ પત્ર આપમેળે સંબંધિત વિભાગને ઓનલાઈન પહોંચી જશે. આથી પેંશન મળવામાં કોઈ અડચણ નહીં થાય. આ સુવિધા તમામ ડાકઘરોમાં ઈન્ડિયા પોસ્ટ પેમેન્ટ્સ બેંક દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવી રહી છે. ઉપરોક્ત માહિતી ઉત્તર ગુજરાત પરીક્ષેત્ર, અમદાવાદના પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવે આપી.

પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવે જણાવ્યું છે કે, ભારતીય ડાક વિભાગ દ્વારા તમામ વિભાગોના પેન્શનધારકોને ઘરે બેઠા ડિજિટલ લાઈફ સર્ટિફિકેટ પ્રદાન કરવાની સુવિધા આપવામાં આવી રહી છે. ઈન્ડિયા પોસ્ટ પેમેન્ટ્સ બેંકે ૨૦૨૦માં કેન્દ્રિય, રાજ્ય અને કર્મચારી ભવિષ્ય નિધિ સંસ્થાના પેન્શનધારકો માટે જીવન પ્રમાણ જનરેટ કરવા માટે ડિજિટલ લાઈફ સર્ટિફિકેટની ડોરસ્ટેપ સેવા શરૂ કરી હતી, જે પેંશન અને પેંશનરોના કલ્યાણ વિભાગ અને નેશનલ ઈન્ફોર્મેટિક્સ સેન્ટરના સમન્વયમાં છે.આ પહેલનો ઉદ્દેશ ફેસ ઑથેન્ટિકેશન (ચેહરા પુષ્ટિ) ટેકનિક અને ફિંગરપ્રિન્ટ બાયોમેટ્રિક ઑથેન્ટિકેશનની ડિજિટલ પ્રક્રિયાનો ઉપયોગ વધારવો છે, જેથી બધા પેંશનરો, ખાસ કરીને દૂરદૂરના વિસ્તારોમાં રહેતા લોકોને અનુકૂળ સેવાઓ મળી શકે. પેન્શનધારકો આ સુવિધાનો લાભ મેળવવા માટે પોતાના વિસ્તારના પોસ્ટમેન સાથે તેમજ પોસ્ટ ઈન્ફો મોબાઈલ એપ (https://ccc.cept.gov.in/ServiceRequest/request.aspx) દ્વારા ઓનલાઈન અનુરોધ કરી શકે છે.આ માટે, પેંશનરને આધાર નંબર, મોબાઈલ નંબર, બેંક અથવા ડાકઘર બચત ખાતા નંબર અને પીપીઓ નંબર આપવો પડશે. પ્રમાણપત્ર જનરેશન પ્રક્રિયા પૂર્ણ થયા પછી, પેંશનરને તેમના મોબાઈલ નંબર પર એક પુષ્ટિકરણ એસ.એમ.એસ. પ્રાપ્ત થશે અને પ્રમાણપત્રને https://jeevanpramaan.gov.in/ppouser/login પર આગામી દિવસ પછી ઓનલાઈન જોઈ શકાશે.

નોંધનીય છે કે પેન્શનધારકોએ દર વર્ષે સામાન્ય રીતે નવેમ્બર અને ડિસેમ્બર મહિનામાં ટ્રેઝરી, બેંક અથવા સંબંધિત વિભાગમાં જીવન પ્રમાણપત્ર રજૂ કરવાનું હોય છે.આ માટે, દૂરદૂરના વિસ્તારોમાં રહેતા પેંશનરોને ટ્રેઝરીમાં જવા માં ઘણી વખત મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે અને મુસાફરીમાં પણ ઘણો ખર્ચ થતો હોય છે. આવી સ્થિતિમાં, પોસ્ટ વિભાગની આ પહેલ પેન્શનધારકોને ઘણી સુવિધા આપશે.તે સાથે જ, પેન્શનધારક પોસ્ટમેનના માધ્યમથી ઘરે બેઠા પેંશનની રકમ આધાર ઈનેબલ્ડ પેમેન્ટ સિસ્ટમ દ્વારા પોતાના બેંક ખાતાથી મેળવી શકે છે.

# કેન્દ્રિય મંત્રીશ્રી જલ શક્તિ મંત્રાલય શ્રી સી.આર.પાટીલના અધ્યક્ષસ્થાને પ્રાથમિક કન્યાશાળા ગણદેવીના તથા કસ્બાવાડી પ્રાથમિક શાળા ગણદેવીના મકાનોનું લોકાર્પણ કાર્યક્રમ યોજાયો



।(માહિતી) ગાંધીનગર, તા.૨૫।

આજરોજ નવસારી જિલ્લાના ગણદેવી નગર પાલિકાના પ્રાથમિક કન્યાશાળા ખાતે તાલુકા કક્ષાનો ''બાળ વૈજ્ઞાનિક પ્રદર્શન'' તથા સમગ્ર શિક્ષા દ્વારા પ્રાથમિક કન્યાશાળા ગણદેવીના મકાન તથા કસ્બાવાડી પ્રાથમિક શાળા ગણદેવીના મકાનો સહિત વિવિધ રૂ.૭૮.૩૩ લાખના કામોનો લોકાર્પણ તથા ૭૯૦ લાખના વિકાસના કામોનું ખાતમૂહુર્ત કાર્યક્રમ કેન્દ્રિય કેબીનેટ મંત્રીશ્રી જલ શક્તિ મંત્રાલય શ્રી સી.આર.પાટીલના અધ્યક્ષસ્થાને તથા રાજ્યકક્ષા મંત્રીશ્રી પ્રાથમિક, માધ્યમિક અને પ્રોઢ શિક્ષણ, ઉચ્ચ શિક્ષણ અને સંસદીય બાબતો, ગુજરાત સરકારના મંત્રીશ્રી પ્રફુલભાઈ પાનશેરીયા સહિત મહાનુભાવોની ઉપસ્થીતીમાં યોજાયો હતો. લોકાર્પણ પ્રસંગે કેબીનેટ મંત્રીશ્રી સી.આર.પાટીલે પ્રાસંગિક ઉદ્બોધન કરતા જણાવ્યું હતું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રમોદીની દુરંદેશીથી આદિવાસી વિસ્તારમાં પ્રાથમિક થી લઈ કોલજ સુધી સાયન્સ ભણવા માટેની સુચારૂ વ્યવસ્થા વર્તમાન સરકાર દ્વારા ઉભી કરવામાં આવી છે. વધુમાં તેમણે ગુજરાતને રેઈન વોટર હાર્વેસ્ટમાં મોડેલ સ્ટેટ તરીકે વિકસાવવા માટે હાથ ધરનાર કામો અંગે જાણકારી આપી સૌને 'કેચ થ રેઈન'પ્રોજેક્ટમાં સહભાગી થવા ખાસ અનુરોધ કર્યો હતો. તેમણે ઉમેર્યું કે, રેઈન વોટર હાર્વેસ્ટીંગ થકી નવસારી જિલ્લામાં પીવાના પાણીની કોઈ સમસ્યા નહી થાય. મંત્રીશ્રીએ અમલસાડ સહિત આસપાસના ગામોમાં જાગૃત નાગરિકો દ્વારા તથા નવસારી જિલ્લામાં ૮૦૦ જેટલા બોર કર્યાના કામની સરાહના કરી હતી. મંત્રીશ્રીએ આ પ્રોજેટ અંતર્ગત પ્રથમ તબક્કમાં દરેક ગામ કે ખેતરમાં થી વહી જતુ પાણીને બચાવવા તથા બીજા તબક્કામાં દરેક ઘર ઉપર પડતુ પાણીને પણ જમીનમાં ઉતારવાનું સુદ્રઢ આયોજન છે એમ જાણકારી આપી હતી.

# સાબરમતી તથા નારણપુરા ઝોનલ કચેરીનો સરકારી ચાવડી વાડજ ખાતે સ્નેહમિલન અને અભિવાદન કાર્યક્રમ યોજાયો

## ધારાસભ્ય હર્ષદભાઈ પટેલ તેમજ ધારાસભ્ય શ્રી જીતેન્દ્રભાઈ પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં સ્નેહમિલન અને અભિવાદન કાર્યક્રમ યોજાયો

। (માહિતી) અમદાવાદ, તા.૨૫ ।

આજરોજ અન્ન અને નાગરિક પુરવઠા નિયંત્રકના તાબા હેઠળની સાબરમતી તથા નારણપુરા ઝોનલ કચેરીને સરકારી ચાવડી વાડજ ખાતે સ્થળાંતરિત કરવામાં આવી હતી. આ પ્રસંગે સાબરમતીના ધારાસભ્ય શ્રી હર્ષદભાઈ પટેલ તથા નારણપુરાના ધારાસભ્ય શ્રી જીતેન્દ્રભાઈ પટેલે બંને ઝોન સાથે સંકળાયેલ વ્યાજબી ભાવના દુકાનદારો તથા રેશનકાર્ડ ધારકોને બદલાયેલ સ્થળ અંગે અવગત કરાવવાના હેતુથી સ્નેહમિલન કાર્યક્રમનું આયોજન કરાયું હતું. બંને ધારાસભ્યશ્રીએ દુકાનદારો તેમજ રાશનકાર્ડ ધારકો સાથે મુલાકાત કરી હતી અને તેમને શુભેચ્છાઓ પાઠવી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે, અમદાવાદ શહેરના વધતા જતા વ્યાપને કારણે ઝોનલ વિસ્તારોમાં સમાવિષ્ટ વ્યાજબી ભાવની દુકાનો તેમજ કુલ વિસ્તાર અને રેશનકાર્ડ ધારકોની સંખ્યામાં એકસૂત્રતા જળવાઈ રહે તે માટે અન્ન નાગરિક પુરવઠા અને ગ્રા.બા.વિભાગના તારીખ ૩૧/૦૮/૨૦૨૪ના ઠરાવ ક્રમાંક : FCSCAD/e-file/5/2024/0268/Aથી અમદાવાદ શહેરના હાલના ઝોનલ વિસ્તારની વિધાનસભા મતવિસ્તાર મુજબ પુનઃરચના કરવામાં આવેલી છે. ઝોન પુનઃ રચનાની સાથે સાથે નાગરિકોને રાશનકાર્ડ વિષયક સેવાઓ વધુ સુગમતાથી ઉપલબ્ધ થઈ શકે તે માટે અમુક ઝોનલ કચેરીઓને નજીકની સરકારી કચેરીમાં અથવા નવીન કચેરી બનાવી સ્થળાંતરિત કરવાનું આયોજન કરવામાં આવ્યું છે. આ સ્નેહમિલન કાર્યક્રમમાં બંને ઝોનના કોર્પોરેટરશ્રીઓ, અધિકારીશ્રીઓ તેમજ વ્યાજબી ભાવના દુકાનદારો તથા રેશનકાર્ડ ધારકો ઉપસ્થિત રહ્યા હતા.

# એક્તા નગર આંગણે રાષ્ટ્રીય એક્તા પરેડ-૨૦૨૪ની તડામાર તૈયારીઓ શરૂ

## વડાપ્રધાનના આગમન પૂર્વે યુધ્ધના ધોરણે રંગરોગાન-રોશની, રોડ-રસ્તા, સ્વચ્છતાનું કામ પુર જોશમાં

। (માહિતી) નર્મદા, તા.૨૫ ।



નર્મદા જિલ્લામાં આગામી તા.૩૧મી ઓક્ટોમ્બરના રોજ એક્તાનગર ખાતે પૂજ્ય સરદાર સાહેબની જન્મજયંતિ નિમિત્તે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીની ઉપસ્થિતિમાં ૩૦મીએ યોજાનાર આરંભ કાર્યક્રમ, નર્મદા મહાઆરતી દિપોત્સવ, લોકાર્પણ-ખાતમુહૂર્ત અને બીજા દિવસે સરદાર સાહેબની પ્રતિમાની પદપૂજા અને રાષ્ટ્રીય એક્તા પરેડ-૨૦૨૪, વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમ, પરેડ માર્ચપાસ્ટ યોજાશે. આ બે દિવસીય કાર્યક્રમ દરમિયાન એક્તા નગરના આંગણે રાષ્ટ્રીય એક્તા પરેડની તડામાર તૈયારીઓ વિવિધ વિભાગો દ્વારા શરૂ કરી દેવામાં આવી છે. યુધ્ધના ધોરણે રંગરોગાન, રોશની, હોર્ડીંગ્સ-બેનર, રસ્તાની બાજુમાં લગાવી દેવામાં આવ્યા છે અને દિવાળી જેવો માહોલ અત્યારથી જ શરૂ થઈ ગયો છે. રોડ રસ્તા- સર્કલના બ્યુટીફિકેશન, કલાત્મક મૂર્તિઓ અને સુશોભનથી સજાવવામાં આવી રહ્યા છે. રોડ અને આસપાસના વિસ્તારની સ્વચ્છતા સફાઈ પણ પુરજોશમાં કરવામાં આવી રહી છે. કાર્યક્રમ-આયોજનને આખરી ઓપ આપવા વિવિધ સમિતિના અધિકારીશ્રીઓ સૌ તનતોડ રાત દિવસ મહેનત કરી રહ્યા છે. નર્મદા જિલ્લા કલેક્ટરશ્રી સંજય મોદીએ આજે ૨૫મી ઓક્ટોબરે સવારે નર્મદા ઘાટ ગોરા ખાતે દિપોત્સવીપર્વઅનેનર્મદામહાઆરતીસ્થળનીરૂબરૂ મુલાકાત લઈને વ્યવસ્થાનું નિરીક્ષણ કર્યુ હતું. આ મુલાકાત દરમિયાન ઈવેન્ટ એજન્સી અને ફરજ પરના અધિકારીઓ સાથે સુચારૂ આયોજન અમલવારી અંગે ચર્ચા કરી જરૂરી સૂચનો આપી માર્ગદર્શિત કર્યા હતા. અને SOP મુજબની સૂચનાઓનો અમલ કરવા હાકલ કરી હતી. જિલ્લા કલેક્ટરશ્રીએ ગ્રીનરૂમ, બેઠક વ્યવસ્થા, પાર્કિંગ, દિપોત્સવી કાર્યક્રમ, આરતી અંગેની માહિતી SOUADTGAના અધિકારીઓ પાસેથી મેળવી હતી. ચૂંટાયેલા જનપ્રતિનિધિઓની યાદી અને ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહેશે તેના નામ અને યાદી સાથે જરૂરી સૂચનાઓને સમયાંતરે ફોલો કરવા જણાવ્યું હતું. જિલ્લા કલેક્ટરશ્રીએ બાદમાં રાષ્ટ્રીય એક્તા પરેડ ગ્રાઉન્ડની પણ મુલાકાત લીધી હતી. અહીં જરૂરી વ્યવસ્થા અને તૈયારીઓનું પણ નિરીક્ષણ કરી ફરજ પર હાજર અધિકારીઓએ જિલ્લા કલેક્ટરશ્રીને યોજાનાર વિવિધ કાર્યક્રમ અંગે માહિતગાર કર્યા હતા.

# વલસાડ એસટી ડિવિઝન કચેરી ખાતે સ્વચ્છતા હી સેવા અંતર્ગત રક્તદાન કેમ્પ યોજાયો, ૭૧ બોટલ એકત્ર થઈ

। (માહિતી) વલસાડ, તા.૨૫ ।

વલસાડ એસ.ટી.ડિવિઝન કચેરી અબ્રામા ખાતે ''સ્વભાવ સ્વચ્છતા, સંસ્કાર સ્વચ્છતા'' ઝુંબેશ અંતર્ગત વલસાડ વિભાગના વિભાગીય નિયામક એન.એસ. પટેલની આગેવાની હેઠળ યોજાયેલા રક્તદાન કેમ્પમાં ૭૧ બોટલ રક્ત ભેગુ થયું હતું. સરકારના આદેશ મુજબ સ્વચ્છતા હી સેવા અભિયાન કાર્યક્રમ દરમિયાન વલસાડ એસટી ડિવિઝન કચેરી ખાતે બલ્ડ બેંક, જી.એમ.ઈ.આર.એસ. મેડિકલ કોલેજ અને સિવિલ હોસ્પિટલના સહયોગથી રક્તદાન કેમ્પનું આયોજન કરાયું હતું. જેમાં એસટીના અધિકારીઓ, કર્મચારીઓ અને વર્કશોપના સ્ટાફે મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી રક્તદાન કર્યુ હતું. આ પ્રસંગે વિભાગીય નિયામક શ્રી પટેલે જણાવ્યું હતું કે, વર્તમાન સમયે રક્તની વધતી જરૂરિયાતને જોતા રક્તદાન કરવું જોઈએ. રોજિંદા સંચાલનની સાથો સાથ વિભાગના અધિકારી-કર્મીઓએ આજે મોટી સંખ્યામાં હાજર રહી રક્તદાન કર્યુ એ સરાહનીય છે. નોંધનીય છે કે, વલસાડ એસટી વિભાગ હસ્તકના તમામ ડેપો - બસ સ્ટેશન - કંટ્રોલ પોઈન્ટ તથા વિભાગીય યંત્રાલય અને વિભાગીય કચેરી ખાતે અધિકારીઓ - કર્મચારીઓ દ્વારા શ્રમદાન તેમજ સ્વૈચ્છિક સંસ્થાઓ સાથે મળી સ્વચ્છતા અભિયાન પણ હાથ ધરવામાં આવ્યું હતું.

# આજનું રાશિ ભવિષ્ય.....



**મેષ (અ,લ,ઇ) :**

આજના દિવસે તમે પરિસ્થિતિની કમાન સંભાળશો એટલે તમારી બેચેની દૂર થઈ જશે.તમને એ સમજાવાની શક્યતા છે કે બધું સાબુના પરપોટા જેવું ક્ષણભંગુર છે જ હિંમત સાથેના પ્રથમ સંપર્કથી જ ગાયબ થઈ જાય છે. કમિશન,ડિવિડન્ડ અથવા રૉયલ્ટીઝમાંથી તમે લાભ મેળવશો. તમારા નવા પ્રૉજેક્ટ્સ તથા યોજનાઓ વિશે તમારા ભાગીદારને વિશ્વાસમાં લેવા માટે પણ આ સમયગાળો સારો છે.



**વૃષભ (બ,વ,ઉ) :**

આજના દિવસે તમારા વિનમ્ર વર્તનની સરાહના થશે. અનેક લોકો તમારા છુટ્ટા મોંએ વખાણ કરશે. વધારાનાં નાણાં રિયલ એસ્ટેટમાં રોકજો. પરિવારના સભ્યોની માગ ખૂબ વધારે હશે. પ્રિયપાત્રની નફરત છતાં તમારે તમારો પ્રેમ દેખાડવો જોઈએ. કામમાં તમે જે સખત મહેનત કરી રહ્યા છો એનું વળતર તમને આજે મળશે. વ્યસ્ત દિનચર્યા છતાં પણ તમે પોતાના માટે સમય કાઢવા માં સક્ષમ હશો.



**મિથુન (ક,છ,ઘ) :**

આજના દિવસે તમારૂં ઝઘડાખોર વર્તન તમારા શત્રુઓની યાદીમાં વધારો કરશે. કોઈને પણ તમને એટલા ગુસ્સે કરવા ન દો કે જેનો પસ્તાવો તમને પછીથી થાય. જો તમને લાગે છે કે તમારી જોડે પૂરતું ધન નથી તો ઘર ના કોઈ મોટા થી ધન સંચિત કરવા ની સલાહ લો. તમે જો વધારે પડતા દયાળુપણ વર્તશો તો-તમારી નિકટના લોકો તમારો ગેરફાયદો ઉપાડશે.



**કર્ક (ડ,હ) :**

આજના દિવસે તમારૂં સૌથી પ્રિય સપનું સાકાર થશે. પણ તમારો આવેશ કાબૂમાં રાખજો કેમ કે વધુ પડતી ખુશી કેટલીક સમસ્યાઓ સર્જી શકે છે. ઘર ની જરૂરિયાત ને લીધે તમે આજે જીવનસાથી ની જોડે કોઈ મોંઘી વસ્તુ ખરીદી કરી શકો છો જેના લીધે તમારી આર્થિક સ્થિત તંગ હોઈ શકે છે. આજના તમારા વર્તનને કારણે તમારી સાથે રહેતી વ્યક્તિ તમારાથી અત્યંત નારાજ થશે.



**સિંહ (મ,ટ) :**

આજના દિવસે તમારો વિપુલ આત્મવિશ્વાસ તથા કામનું સરળ સમયપત્રક તમને આજે હળવા થવાનો પૂરતો સમય આપશે. તમારા ઘરને લગતું રોકાણ ફાયદાકારક પુરવાર થશે. મિત્રો સાથે તમે સારો સમય પસાર કરશો પણ વાહન ચલાવતી વખતે વધારે તકેદારી રાખજો. આજે તમારા હૃદયના ધબકારા તમારા પ્રિયપાત્રવા લય સાથે તાલ મેળવશે અને પ્રેમનું સંગીત રેલાવશે.



**કન્યા (પ,ઠ,ણ) :**

આજના દિવસે કામના સ્થળનું તથા ઘરનું દબાણ આજે તમને ગુસ્સાહાળા સ્વભાવના બનાવશે. તમારા પિતા ની કોઈ સલાહ તમને કાર્યક્ષેત્ર માં આજે ધનલાભ કરાવી શકે છે. એક જૂનો મિત્ર અણધારી મુલાકાત લેશે અને ખુશીભરી યાદોને પાછી લાવશે. તમારા પ્રિયપાત્રનું વિચિત્ર વર્તન તમારો મૂડ બગાડી મૂકશે. આજે તમને કામના સ્થળે એ જાણવા મળી શકે છે કે જેને તમે તમારો દુશ્મન ગણતા હતા.



**તુલા (ર,ત) :**

આજના દિવસે આજે તમારી પાસે સારો એઅવો સમય હશે આથી,તમારા સારા સ્વાસ્થ્ય માટે લાંબી વૉક પર જાવ. આજ ના દિવસે તમે ધન સંબંધી સમસ્યા ને કારણે પરેશાન રહી શકો છો. આના માટે તમારે પોતાના કોઈ વિશ્વાસ પાત્ર ની સલાહ લેવી જોઈએ? તમારા પરિવારને યોગ્ય સમય આપો. તેમને એ અનુભૂતિ થવા દો કે તમને તેમની પરવા છે.



**વૃશ્ચિક (ન,ય) :**

આજના દિવસે વધુ આશાવાદી બનવા માટે તમારી જાતને પ્રોત્સાહિત કરો. તે તમારો આત્મવિશ્વાસ તથા લવચિકપણું વધારશે પણ તેની સાથે જ ભય, નફરત, ઈર્ષા અને બદલો જેવી નકારાત્મક ભાવનાઓ છોડવા તૈયાર કરો. જે લોકો અત્યાર સુધી પૈસા વગર વિચારે ઉડાડી રહ્યા હતા તેમને પૈસા ની આજે ઘણી જરૂર પડી શકે છે અને તેમને સમજણ આવી શકે છે કે પૈસા નું શું મહત્વ હોય છે.



**ધન (ભ,ધ,ફ) :**

આજના દિવસે ખૂબ જ વગદાર હોય એવા લોકો તરફથી સહકાર તમારા મનોબળને ઓર વધારશે. આજે તમે તમારું ધન ધાર્મિક કાર્યો માં લગાવી શકો છો જેથી તમને માનસિક શાંતિ મળવા ની પુરી શક્યતા છે. તમારૂં મોહિત કરનારો સ્વભાવ તથા ખુશનુમા વ્યક્તિત્વ તમને નવા મિત્રો બનાવવામાં તથા તથા સંપર્કો વધુ ગાઢ બનાવવામાં તમારી મદદ કરશે.



**મકર (ખ,જ) :**

આજના દિવસે કામના સ્થળે વરિષ્ઠો તરફથી દબાણ તથા ઘરે વિસંવાદિતા તાણને આમંત્રણ આપી શકે છે- જે કામમાં તમારા ધ્યાનમાં ખલેલ પહોંચાડી શકે છે. અયોગ્ય આર્થિક સ્થિતિને કારણે કેટલાક મહત્વના કાર્યો અટકી પડશે. સાંજના સમયે એકાએક મળેલા સારા સમાચાર આખા પરિવાર માટે ખુશી તથા હર્ષોલ્લાસ લાવશે. અણધાર્યો રૉમેન્ટિક ઝુકાવ.



**કુંભ (ગ,શ,સ) :**

આજના દિવસે ઑફિસમાંથી વહેલા નીકળવાનો પ્રયાસ કરજો અને તમને ખરેખર આનંદ આપતી પ્રવૃત્તિઓ કરો. લાંબા ગાળાથી આવવાના બાકી નાણાં અથવા કોઈને ઉછીની આપેલી રકમ પરત આખરે પરત મળશે. દીકરીની બીમારી તમારો મિજાજ ખરાબ કરી મુકશે. તેને આ બીમારીમાંથી બહાર નીકળવા માટે તમારો પ્રેમ અને લાગણી આપી તેનો મિજાજ બદલવામાં મદદ કરો પ્રેમમાં લોકોને સાજા કરવાની ગજબની શક્યતા રહેલી છે.



**મીન (દ,ચ,ઝ,થ) :**

આજના દિવસે તમારા દિવસની શરૂઆત થોડાક વ્યાયામ સાથે કરો-તમે તમારી જાત અંગે સારી અનુભૂતિ કરો એ સમય આવી ગયો છે-તેને તમારી દૈનિક ક્રિયાનો નિયમિત હિસ્સો બનાવો અને તેને વળગી રહો. પૈસા કમાવવાની નવી તકો લાભદાયી હશે. તમારૂં ખુશમિજાજ વર્તન પારિવારિક જીવનને પ્રબુદ્ધ બનાવશે. આવું ઈમાનદાર સ્મિત ધરાવનારનો સામનો બહુ ઓછા લોકો કરી શકે છે.

# બાળકોને લઈ જતી સ્કૂલ મીની બસ પર પથ્થરમારો-ગોળીબાર

। (એજન્સી) ગજરૌલા, તા.૨૫ ।

ઉત્તર પ્રદેશના ગજરૌલામાં બાળકોથી ભરેલી સ્કૂલની મિની બસ પર ત્રણ માસ્ક પહેરેલા યુવકોએ હુમલો કર્યો હતો. તેઓએ બસ પર પથ્થરમારો કર્યો અને ગોળીબાર પણ કર્યો. પરંતુ ડ્રાઈવરના ડહાપણથી આ ઘટનામાં કોઈને ઈજા થઈ નથી પરંતુ વિસ્તારમાં ભયનો માહોલ છે. પોલીસ આ મામલે તપાસ કરી રહી છે. ત્રણ માસ્ક પહેરેલા યુવકોએ બાળકોથી ભરેલી સ્કૂલ મિની બસમાં તોડફોડ કરી અને ગોળીબાર કર્યો. આ દરમિયાન બાળકો ગભરાઈ ગયા હતા અને ડ્રાઈવરે બચાવ કરીને ઝડપ થી સ્કૂલબસ શાળાએ પહોંચાડી હતી. આરોપીઓએ લગભગ એક કિલોમીટર સુધી બસનો પીછો પણ કર્યો હતો. આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી પરંતુ વિસ્તારમાં અફરાતફરીનો માહોલ છે. પ્રાથમિક તપાસમાં ત્રણ દિવસ પહેલા બસ ચાલક સાથે અથડામણને લઈને ઝઘડો થયો હોવાનું બહાર આવી રહ્યું છે. ચોકપુરી ગામના રહેવાસી હરપ્રસાદનો પુત્ર મોન્ટી સિંહ એસઆરએસ ઈન્ટરનેશનલ સ્કૂલમાં મિની બસ ડ્રાઈવર તરીકે નોકરી કરે છે. બાળકો સવારે આવે છે અને રિસેસ સમયે નીકળી જાય છે. શુક્રવારે સવારે લગભગ ૭.૫૦ કલાકે તે ૨૮ બાળકો સાથે બસમાં નાગલામાફી ગામથી શાળાએ આવી રહ્યો હતો, જ્યારે બસ ગામની બહાર પહોંચી ત્યારે અચાનક એક બાઈક સવાર યુવક કલ્વર્ટ પાસે આવ્યો અને બાઈકને બસ સાથે પાર્ક કરી દીધું હતું. આ દરમિયાન નજીકના કેરીના બગીચામાંથી બે નકાબધારી યુવકો બહાર આવ્યા હતા અને બસ પર ઈંટો અને પથ્થરમારો કરીને કાચ તોડી ડ્રાઈવર સુધી પહોંચવાનો પ્રયાસ કર્યો હતો. ડ્રાઈવરે બસને આગળ ચલાવવાનો પ્રયાસ કરતાં જ આરોપીઓએ બે રાઉન્ડ ફાયરિંગ કર્યું હતું. જે ડ્રાઈવરની બારી પાસે લાગી હતી. પોલીસે ઘટનાસ્થળે પહોંચી તપાસ શરૂ કરી છે અને વાનને પોલીસ સ્ટેશન લઈ જવામાં આવી છે. કહેવામાં આવી રહ્યું છે કે આ સ્કૂલ બીજેપીના એક નેતાની છે. ઘટના બાદ પોલીસ પ્રશાસનમાં ખળભળાટ મચી ગયો છે અને શાળાની બહાર સુરક્ષા વ્યવસ્થા વધારી દેવામાં આવી છે.

### હોંગકોંગમાં સરકારી ઓફિસોના

# કોમ્પ્યુટર પર વોટ્સએપ, ગૂગલ ડ્રાઇવના ઉપયોગ પર પ્રતિબંધ

## ડિજિટલ પોલિસી ઓફિસની નવી આઈટી સિક્ટોરિટી ગાઈડલાઈન્સની સામે કેટલાક અધિકારીઓએ અગવડ પેદા થઈ રહી હોવાની ફરિયાદ કરી છે

। (એજન્સી) હોંગકોંગ, તા.૨૫ ।


હોંગકોંગની સરકારે સુરક્ષા જોખમોની શંકાને પગલે મોટાભાગની સરકારી ઓફિસોના કોમ્પ્યુટર પર વોટ્સએપ, વી ચેટ અને ગૂગલ ડ્રાઈવ જેવા લોકપ્રિય એપના ઉપયોગ પર પ્રતિબંધ મૂકી દીધો છે. ડિઝિટલ પોલિસી ઓફિસની નવી આઈટી સિક્ટોરિટી ગાઈડલાઈન્સની સામે કેટલાક અધિકારીઓએ અગવડ પેદા થઈ રહી હોવાની ફરિયાદ કરી છે. સરકારી કર્મચારીઓને ઓફિસમાં પોતાના ઉપકરણો(મોબાઈલ, લેપટોપ




વગેરે) પર આ એપના ઉપયોગની છૂટ રહેશે, તથા મેનેજમેન્ટ પાસેથી મંજૂરી લઈને પ્રતિબંધોમાં છૂટછાટ મેળવી શકે છે. બુધવારે હોંગકોંગ સરકારના સંબંધિત વિભાગે સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ ફેસબુક પર એક પોસ્ટ કરીને કહ્યું કે, આ નવી નીતિનો ઉદ્દેશ્ય સંભાવિત રીતે જોખમ પેદા કરતી લિંક અને એટેચમેન્ટથી થનાર નુકસાનથી બચવાનો છે. વિભાગે આ પ્રતિબંધોથી પ્રભાવિત થનાર વિભાગોને વિકલ્પ શોધવા માટે પણ કહ્યું છે.હોંગકોંગના ઈનોવેશન, ટેકનોલોજી એન્ડ ઈન્ડસ્ટ્રીઝના સેક્રેટરી સન ડોંગે મંગળવારે એક રેડિયો કાર્યક્રમમાં કહ્યું કે પ્રતિબંધો જરૂરી છે, કારણ કે હેકિંગ એક ખૂબ જ ગંભીર સમસ્યા બની રહી છે. અમેરિકા અને ચીનની સરકારોએ પણ પોતાની આંતરિક કોમ્પ્યુટર સિસ્ટમ માટે ચુસ્ત ઉપાયો અપનાવ્યા છે.

# બ્લિંકનની મુલાકાત વચ્ચે ઈઝરાયેલનો ગાઝાની શિબિરો ઉપર હુમલો: ૧૭નાં મોત

## આ શિબિરમાં વિસ્થાપિત લોકો આશ્રય લઈ રહ્યા હતા, જેમાં મોટાભાગના બાળકો અને મહિલાઓ હતી







। (એજન્સી) દીર અલ-બલાહ, તા.૨૫ ।

ઈઝરાયેલ અને હમાસ વચ્ચે ભડકેલા યુદ્ધમાં દિન-પ્રતિદિન નિર્દોષ નાગરિકોના મોતની સંખ્યા વધી રહી છે. આ દરમિયાન ઈઝરાયેલે ગુરુવારે મધ્ય ગાઝા પટ્ટીમાં એક શાળામાં બનાવેલી શરણાર્થી શિબિર પર હુમલો કર્યો, જેમાં ૧૭ લોકોના મોત થયા છે. આ શિબિરમાં વિસ્થાપિત લોકો આશ્રય લઈ રહ્યા હતા, જેમાં મોટાભાગના બાળકો અને મહિલાઓ હતી.આ હુમલો એવા સમયે થયો હતો, જ્યારે અમેરિકાના વિદેશમંત્રી એન્ટની બ્લિંકને કહ્યું હતું કે ઈઝરાયેલે હમાસને પ્રભાવી રીતે ખતમ કરવાનો પોતાનો સંકલ્પ પુર્ણ કરી લીધો છે, અને આવનારા દિવસોમાં યુદ્ધવિરામ અને ડઝનો ઈઝરાયેલના બંધકોને મુક્ત કરવાની વાતચીત ફરીથી શરુ થશે. પેલેસ્ટાઈનની અવદા હોસ્પિટલના કહેવા મુજબ, નુસીરાત શરણાર્થી શિબિર પર થયેલા હુમલામાં અન્ય ૪૨ લોકો ઘાયલ થયા છે. હોસ્પિટલના રેકોર્ડ પ્રમામે, મૃતકોમાં ૧૮ વર્ષથી ઓછી વયના ૧૩ બાળકો અને ત્રણ સામેલ હતી. ઈઝરાયેલની સેનાએ કોઈ જ પ્રકારના પુરાવા આપ્યા વિના કહ્યું કે, તેમણે શાળાની શરણાર્થી શિબિર પર આતંકવાદીઓને ટાર્ગેટ બનાવ્યા હતા. ઈઝરાયેલે તાજેતરના મહિનાઓમાં શાળાઓમાં બનેલી શરણાર્થી શિબિરો પર કેટલાય હુમલા કર્યા છે. આ દરમિયાન અમેરિકાના વિદેશ મંત્રી બ્લિંકને મધ્યપૂર્વના દેશ કતારમાં પત્રકારો સાથેની વાતચીતમાં કહ્યું કે, જેમણે ઈઝરાયેલ અને હમાસની વચ્ચે એક પ્રમુખ મધ્યસ્થી તરીકે કામ કર્યુ છે, એ આવનારા દિવસોમાં ફરીથી મળશે. આ સાથે બ્લિંકને પેલેસ્ટાઈનને વધારાની ૧૩૫ મિલિયન ડોલરની આર્થિક સહાયની પણ જાહેરાત કરી છે. યુદ્ધ શરુ થયા પછી ક્ષેત્રમાં પોતાની ૧૧મી યાત્રા પર બ્લિંકને ઉમેર્યુ કે, આપણે હકીકતમાં એ નક્કી કરવાનું છે કે શું હમાસ વાતચીતમાં સામેલ તૈયાર છે. ગત સપ્તાહે ગાઝામાં ઈઝરાયેલની સેના દ્વારા હમાસના નેતા યાહ્યા સિનવારને મારવામાં આવ્યા પછી અમેરિકાને ફરીથી વાતચીત શરુ થવાની આશા છે, પરંતુ કોઈ પણ પક્ષે મહિનાઓની વાતચીતથી પોતાની માંગો ઓછી કરવાના કોઈ જ પ્રકારના સંકેત આપ્યા નથી.

### ત્રણ દિવસમાં જ ૧૯ હજારનો નફો કરાવી આપ્યો

# ગોલ્ડમાં ઇન્વેસ્ટ કરવાનું કહી નિકોલના યુવકને ૩૮.૩૧ લાખનો ચૂનો લગાવ્યો

। (એજન્સી) અમદાવાદ, તા.૨૫ ।

વર્તમાન યુગમાં સાયબર ગઠિયા જુદી જુદી તરકીબથી રૂપિયા પડવતા હોય છે. હવે લોકોને શેરબજારમાં રોકાણ કરાવીને કે પછી જુદા જુદા ટાસ્ક પૂરા કરવાની લાલચ આપી રૂપિયા પડાવવાની મોડેસ ઓપરેન્ડી જૂની થઈ છે ત્યારે સાયબર ગઠિયાઓએ અમદાવાદના યુવકને ગોલ્ડમાં ઈન્વેસ્ટ કરવાનું કહી લોન એપ્રુવ કરાવવાની ખાતરી આપી તેને ૩૮.૩૧ લાખનો ચૂનો લગાવ્યો હતો. યુવકને વિશ્વાસમાં લેવા માટે તેને પહેલાં રોકાણ પર ૧૯ હજારનો નફો કરાવી આપ્યો હતો. યુવકે રૂપિયા વિડ્રો કરવા પ્રયાસ કર્યો ત્યારે તેને ખાતરી થઈ હતી કે તે છેતરાયો છે.નિકોલમાં રહેતો ગૌરાંગ કોરાટ નારાયણ હોસ્પિટલમાં એકાઉન્ટન્ટ તરીકે ફરજ બજાવે છે. ગત મે મહિનામાં તેના પર વોટ્સએપ મેસેજ આવ્યો હતો કે જો શેરબજાર અને ગોલ્ડમાં ઈન્વેસ્ટ કરવામાં આવે કે સારું વળતર મળે તેમ કરી તેને એક ગ્રૂપમાં એડ કરવામાં આવ્યો હતો. આ ગ્રૂપમાં જોડાયા બાદ ગૌરાંગ કોરાટને એક ગોલ્ડ ટ્રેડિંગ સેશનમાં માત્ર ત્રણ દિવસમાં જ ૧૯ હજારનો નફો કરાવી આપવામાં આવ્યો હતો. તેથી ગૌરાંગને ગોલ્ડ ઈન્વેસ્ટ સ્કીમ પર ભરોસો બેઠો હતો. ગૌરાંગનો નફો કરાવી આપી તેને એકાઉન્ટ ખોલાવવાનું કહ્યું હતું. તેનું એકાઉન્ટ ઓપન કરી ૨.૧૮ લાખ રૂપિયા ડિપોઝિટ કરવાયા હતા. તેને આધારે ગોલ્ડનું ટ્રેડિંગ કરવામાં આવ્યું હતું. ગઠિયાએ ગૌરાંગ કોરાટના એકાઉન્ટમાં ઓછા રૂપિયા હોવાથી વધુ બેલેન્સ માટે લોન કરી આપવાનું કહ્યું હતું.

# જર્મની વધુ લોકોને આપશે સ્કિલ્ડ પ્રોફેશનલ વિઝા

। (એજન્સી) જર્મની, તા.૨૫ ।

વિદેશમાં સ્થાયી થવા અને વિદેશી ચલણમાં કમાણી કરવા પ્રચલિત ભારતીયો માટે જર્મનીમાં નોકરી કરવાની તકમાં વધારો કરવામાં આવ્યો છે. જર્મનીએ સ્કિલ્ડ ઈન્ડિયન પ્રોફેશનલ્સને વિઝા આપવાની સંખ્યામાં અનેકગણો વધારો કર્યો છે. બંને દેશો વચ્ચે પ્રોફેશનલ અને આર્થિક સંબંધોને વધુ ગાઢ બનાવવાના ઉદ્દેશ સાથે જર્મનીએ કુશળ ભારતીય કર્મચારીઓ માટે ફાળવવામાં આવતાં વિઝાની મર્યાદા વાર્ષિક ધોરણે ૨૦૦૦૦થી વધારી ૯૦૦૦૦ કરી છે. ૧૮માં એશિયા-પેસિફિક કોન્ફરન્સને સંબોધિત કરતાં વડાપ્રધાન મોદીએ આ જાહેરાત કરી હતી કે, "અમે આવનારા ૨૫ વર્ષોમાં વિકસિત ભારતનો રોડમેપ બનાવ્યો છે.

### ૭૦ દેશ-સંસ્થાઓએ માનવીય, લશ્કરી મદદ માટે કટિબદ્ધતા દર્શાવી

# વૈશ્વિક સમુદાય લેબનોનને એક અબજ ડોલરની સહાય કરવામાં આવશે : ફ્રાન્સ

। (એજન્સી) પેરિસ, તા.૨૫ ।

ફ્રાન્સના વિદેશ મંત્રીએ જણાવ્યું છે કે, લેબનોન માટેની આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સમાં વિવિધ દેશો અને આંતરરાષ્ટ્રીય સંસ્થાઓએ એક અબજ ડોલરની સહાયનું વચન આપ્યું છે. કોફરન્સમાં હિઝબુલ્લાના આતંકવાદીઓ અને ઈઝરાયેલની લડાઈને પગલે બેઘર બનેલા લાખો લોકો માટે લેબનોનને માનવીય અને લશ્કરી સહાયની કટિબદ્ધતા દર્શાવાઈ છે.પેરિસ કોન્ફરન્સની પૂર્ણાહુતિ પ્રસંગે ળાન્સના વિદેશ મંત્રી ઝોં-નોલ બેરટે જણાવ્યું હતું કે, ‘‘અમે સંયુક્ત રીતે માનવીય સહાય માટે ૮૦ કરોડ ડોલર અને સુરક્ષા દળો માટે ૨૦ કરોડ ડોલર એકત્ર કર્યા છે, જે લગભગ એક અબજ ડોલર થાય છે.’’ કોન્ફરન્સમાં ૭૦ દેશ અને આંતરરાષ્ટ્રીય સંસ્થાઓએ ભાગ લીધો હતો. બેરટે કહ્યું હતું કે, ‘‘અમે પડકાર માટે તૈયાર છીએ. અમેરિકાએ લગભગ ૩૦ કરોડ ડોલરની સહાયનું વચન આપ્યું છે.’’ ફ્રેન્ચ પ્રેસિડેન્ટ ઈમેન્યુઅલ મેક્રોને ફ્રાન્સ તરફથી ૧૦ કરોડ ડોલરની સહાય માટે કટિબદ્ધતા દર્શાવી હતી. અગાઉ સંયુક્ત રાષ્ટ્રએ લેબનોનમાં તાત્કાલિક ૪૨.૬ કરોડ ડોલરની માનવીય સહાયની જરૂર જણાવી હતી. ચાલુ સપ્તાહે ઈટલીએ લેબનોન માટે વધુ ૧.૦૮ કરોડ ડોલરની સહાય જાહેર કરી હતી.

### ખ્રિસ્તી ધર્મ વિરુદ્ધ ટિપ્પણી ભારે પડી

# ભાગેડુ મુસ્લિમ કટ્ટરવાદી ઝાકિર નાઈકનો પાકિસ્તાનમાં વિરોધ

। (એજન્સી) લાહોર, તા.૨૫ ।

પાકિસ્તાનના ખ્રિસ્તી નેતાઓએ ખ્રિસ્તી ધર્મ વિરુદ્ધ અયોગ્ય ટીપ્પણી કરવા બદલ મુસ્લિમ કટ્ટરવાદી ઝાકિર નાઈક સામે પગલાં લેવા રાષ્ટ્રપતિ આસિફ અલી ઝરદારી અને વડાપ્રધાન શાહબાઝ શરીફ સમક્ષ માગ કરી છે. પાકિસ્તાનના એક મહિનાના પ્રવાસે આવેલા ઝાકિર નાઈકે કરાચી, ઈસ્લામાબાદ અને લાહોરમાં ‘વિવાદાસ્પદ’ ભાષણો કર્યા છે, જે અંગે તેની ટીકા થઈ રહી છે. મુસ્લિમ કટ્ટરવાદી ઝાકિર નાઈક ત્રણ દાયકામાં પહેલી વખત પાકિસ્તાનના પ્રવાસે પહોંચ્યો છે. આ પહેલાં નાઈક ૧૯૯૨માં પાકિસ્તાન આવ્યો હતો. મનીલોન્ડરિંગ અને નફરતભર્યા ભાષણોથી કટ્ટરવાદ ફેલાવવાના આરોપના પગલે ઝાકિર નાઈકે ૨૦૧૬માં ભારતમાંથી ભાગવું પડયું હતું. ભારત સરકારે નાઈકને ભાગેડૂ જાહેર કર્યો છે. તેને કોઈ દેશે આશરો આપ્યો નહોતો.અંતે મલેશિયામાં મહાથિર મોહમ્મદના નેતૃત્વની અગાઉની સરકારે તેને મલેશિયામાં સ્થાયી નિવાસની મંજૂરી આપી હતી. સાઈનોડ ચર્ચ ઓફ પાકિસ્તાનના મુખ્ય બિશપ ડૉ. આઝાદ માર્શલ અને અન્ય ખ્રિસ્તી નેતાઓએ શાહબાઝ શરીફ તથા ઝરદારીને પત્ર લખીને કહ્યું કે, રાજકીય અતિથિ તરીકે આવેલા નાઈકે ખ્રિસ્તીઓ અને તેમના ધર્મ અંગે કરેલી પ્રતિકૂળ ટીપ્પણીઓ નિંદનીય છે.

### રેલવે પોલીસે ૧૧ ચોરીના ગુનાનો ભેદ ઉકેલી રીઢો ચોર ઝડપી લીધો

# ચોકલેટ ખાવા બાળપણથી ચોરીના રવાડે ચઢેલો યુવક ચોરીના ૨૧ ફોન સાથે ઝબ્બે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૫ ।

બાળપણમાં ચોકલેટ ખાવા માટે મોબાઈલ ચોરીના બે વખત ગુના આચરી ચૂકેલો આરોપી જ્યારે પુખ્ત વયનો થયો ત્યારે પણ મોબાઈલ ચોરીના ગુનાને અંજામ આપતો હતો. કાલુપુર રેલવે પોલીસે સીસીટીવી ફૂટેજના આધારે મૂળ બોરસદનો રહેવાસી સાબિર ઉર્ફે રેહાન શેખને ચોરીના ૨૧ મોબાઈલ સાથે ધરપકડ કરીને રેલવે પોલીસે કુલ ૧૧ ગુનાનો ભેદ ઉકેલીને આરોપીને જેલના સળિયા પાછળ ધકેલી દીધો છે. કાલપુર રેલવે પોલીસ સ્ટેશનના અને તેમની ટીમે રેલવેમાં થતી મોબાઈલ અને પર્સ ચોરીના ૧૧ ગુનાનો ભેદ ઉકેલી ૨૧ મોબાઈલ સાથે રીઢા ચોરની ધરપકડ કરી છે. મૂળ આણંદ તાલુકાના બોરસદ ગામનો વતની સાબિર ઉર્ફે રેહાન શેખ(ઉ.૧૮)ની ધરપકડ કર્યા બાદ હકીકત સામે આવી કે આરોપી જ્યારે જુવેનાઈલ હતો ત્યારે ચોકલેટ ખાવાનો શોખીન હતો માટે ૨ વખત મોબાઈલ ચોરીના ગુનામાં ધરપકડ કરીને બાળસંરક્ષણ ગૃહમાં મોકલાયો હતો. પરંતુ એક વખત બાળસંરક્ષણ ગૃહમાંથી પણ ફરાર થઈ ગયો હતો. આરોપી જુવેનાઈલ હતો ત્યારે ચોકલેટ ખાવાનો શોખ હોવાથી મોટાભાગે લેડીઝના પર્સ ચોરતો હતો.

## વિશેષ

### ગાંધીનગરના મહાત્મા મંદિરમાં ૧૭મી અર્બન મોબિલિટી ઇન્ડિયા કોન્ફરન્સનો પ્રારંભ કરાવતા મુખ્યમંત્રી

# વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વિઝનથી શહેરો લાસ્ટ માઈલ કનેક્ટિવિટીની સુગમ અર્બન મોબિલિટી ધરાવતા શહેરો બની રહ્યા છે : મુખ્યમંત્રી

। (માહિતી) ગાંધીનગર ।

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે સ્પષ્ટપણે જણાવ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ શહેરોના સસ્ટેઈનેબલ ડેવલપમેન્ટથી લોકોનું ઈઝ ઓફ લીવિંગ વધાર્યુ છે. એટલું જ નહીં, શહેરો વર્લ્ડ ક્લાસ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ફેસિલિટીઝ ધરાવતા અને લાસ્ટ માઈલ કનેક્ટિવિટીની સુગમ અર્બન મોબિલિટી ધરાવતા હોય તેવો શહેરી જનજીવન સુખાકારી અભિગમ પણ અપનાવ્યો છે. મુખ્યમંત્રીશ્રી ગાંધીનગરનાં મહાત્મા મંદિરમાં આયોજિત ૧૭મી ‘અર્બન મોબિલિટી ઈન્ડિયા કોન્ફરન્સ’ના ઉદઘાટન અવસરે સંબોધન કરી રહ્યા હતા. ભારત સરકારના આવાસ અને શહેરી બાબતોના મંત્રાલય દ્વારા આ ત્રિ-દિવસીય કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું છે. દેશના વિવિધ રાજ્યોના શહેરી વિકાસ મંત્રાલય અને વિભાગના વરિષ્ઠ અધિકારીઓ, અર્બન ટ્રાન્સપોર્ટ અને મોબિલિટી ક્ષેત્રે કાર્યરત તજજ્ઞો, સંસ્થાઓના પ્રતિનિધિઓ આ કોન્ફરન્સમાં સહભાગી થયા છે.

મુખ્યમંત્રીશ્રીએ એવો પણ વિશ્વાસ વ્યક્ત કર્યો કે, વડાપ્રધાનશ્રીના માર્ગદર્શનમાં દેશના રાજ્યોએ અર્બન મોબિલિટી સેક્ટરમાં અપનાવેલા વિકાસ મોડલ તથા અન્ય પહેલોના પરસ્પર વૈચારિક આદાન-પ્રદાન માટે આ કોન્ફરન્સ ઉપયોગી બનશે. ભારત આજે પાંચમી મોટી અર્થવ્યવસ્થા બન્યું છે, તેમાં પાછલાં ૧૦ વર્ષોમાં થયેલા સામાજિક, આર્થિક, ઔદ્યોગિક વિકાસ સાથે શહેરીકરણનો પણ મહત્વનો ફાળો રહ્યો છે. ગુજરાતે તો પાછલાં ૨૩ વર્ષથી શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શનમાં શહેરી વિકાસ અને શહેરી પરિવહન-અર્બન મોબિલિટીમાં અનેક નવા પરિમાણો મેળવ્યા છે, એમ પણ મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું.

તેમણે ઉમેર્યું કે, વિકાસ કામો નાણાંના અભાવે ક્યારેય અટકે નહીં તે સુનિશ્ચિત કરીને શ્રી નરેન્દ્રભાઈ મોદીએ શહેરી વિકાસ માટે માતબર બજેટ પણ ફાળવવા શરૂ કર્યા છે. ૨૦૦૧-૦૨માં રૂ. ૭૫૦ કરોડનું શહેરી વિકાસ બજેટ હતું તે આજે રૂ. ૨૧,૭૦૦ કરોડને પાર કરી ગયું છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી તરીકે આયોજનબદ્ધ શહેરી વિકાસને નવી દિશા આપતા શહેરી વિકાસ વર્ષ, સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના, સાબરમતી રિવરફ્રન્ટ જેવા વિઝનરી પ્રોજેક્ટ સફળ બનાવ્યા છે તેની પણ



વિસ્તૃત ભૂમિકા આપી હતી. તેમણે કહ્યું કે શહેરોમાં રોજે રોજ અવર-જવર માટે પોતાના વાહનોના ઉપયોગ કરતા લોકોનું સ્ટ્રેસ, સમય અને ઈંધણ બચાવવા શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જાહેર પરિવહન સેવામાં બી.આર.ટી.એસ.નો નવતર અભિગમ અમદાવાદમાં અપનાવ્યો તે ગેઈમ ચેન્જર બન્યો છે. આજે રાજ્યના અન્ય મહાનગરોમાં બી.આર.ટી.એસ. ઝડપી અને સલામત પરિવહનનું માધ્યમ બની છે તેનો ઉલ્લેખ કરતાં મુખ્યમંત્રીએ મેટ્રો સેવા પણ સલામત, સરળ યાતાયાત માટે લાખો લોકોની લાઈફલાઈન બની છે તેમ જણાવ્યું હતું. શ્રી ભૂપેન્દ્ર પટેલે એમ પણ જણાવ્યું કે, વડાપ્રધાનશ્રીએ વિકાસ કામોમાં પર્યાવરણ સુરક્ષા કેન્દ્રિ અભિગમને પ્રાથમિકતા આપી છે અને ૨૦૭૦ સુધીમાં દેશને નેટ ઝીરો કાર્બન કન્ટ્રી બનાવવાનું લક્ષ્ય રાખ્યું છે. ગુજરાતે આ લક્ષ્ય સિદ્ધ કરવામાં ક્લીન એન્ડ ગ્રીન અર્બન મોબિલિટી માટે અનેક કદમ ઉઠાવ્યા છે. મુખ્યમંત્રી શહેરી બસ પરિવહન યોજના અન્વયે પબ્લિક ટ્રાન્સપોર્ટમાં ઈલેક્ટ્રિક અને સી.એન.જી. બસનો ઉપયોગ વ્યાપક બનાવ્યો છે તેની પણ વિગતો મુખ્યમંત્રીશ્રીએ આપી હતી. તેમણે જણાવ્યું કે, હવે દેશમાં પણ પી.એમ. ઈ-બસ સેવા પી.પી.પી. મોડેલ પર શરૂ કરીને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ અર્બન મોબિલિટીમાં સસ્ટેનેબલ ડેવલપમેન્ટ અને ગ્રીન ફ્યુચરની નેમ રાખી છે. મુખ્યમંત્રીશ્રીએ વિકસિત ભારત @ ૨૦૪૭નો વડાપ્રધાનશ્રીનો સંકલ્પ ગ્રીન-ક્લીન, સેઈફ અર્બન મોબિલિટીથી સૌ સાથે મળીને પાર પાડશે તેવો વિશ્વાસ પણ આ કોન્ફરન્સનો પ્રારંભ કરાવતા દર્શાવ્યો હતો. વાહન વ્યવહાર મંત્રી શ્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, આ અર્બન મોબિલિટી અંગેની રાષ્ટ્રીય કક્ષાની કોન્ફરન્સ અને એક્સ્પોના આયોજનથી ગુજરાત સહિત દેશભરના રાજ્યોને તેમની ‘બેસ્ટ પ્રેક્ટિસ’ શેરિંગ કરવાનો લાભ મળશે. આ કોન્ફરન્સ આવનાર સમયમાં ગુજરાત સહિત દેશના જાહેર પરિવહનને નવી દિશા આપશે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ગુજરાતના તમામ વર્ગોના નાગરિકો માટે ૧,૦૬૮ જેટલી CNG અને ૩૮૨ EV બસ કાર્યરત કરીને જાહેર પરિવહનમાં સ્વચ્છ, ઉત્તમ અને સુરક્ષિત સુવિધા ઉપલબ્ધ કરાવી છે. આગામી સમયમાં વધુ ૧,૭૬૮ જેટલી CNG-EV બસો ગુજરાતની જનતા માટે ઉપલબ્ધ કરાવવામાં આવશે. ગુજરાતમાં પરિવહન વ્યવસ્થામાં IT, AI, ડિજિટલ ટેકનોલોજી, સ્માર્ટ કાર્ડ અને ડેટા એનાલિસીસનો મહત્તમ ઉપયોગ કરીને નાગરિકોને સલામત અને સુરક્ષિત પરિવહન સુવિધા આપવામાં આવી રહી છે, તેમ પણ તેમણે ઉમેર્યુ હતું. મંત્રી શ્રી સંઘવીએ કહ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ગુજરાત સહિત દેશભરમાં મેટ્રો રેલનો વિકાસ થઈ રહ્યો છે, ત્યારે અમદાવાદ મેટ્રોમાં દૈનિક એક લાખ જ્યારે ગાંધીનગર મેટ્રોનો અંદાજે ૩૦ હજાર જેટલા મુસાફરો લાભ લઈ રહ્યા છે. અમદાવાદમાં BRTS - મેટ્રો વગેરેમાં મુસાફરી કરતા મુસાફરોને એન્ડ ટુ એન્ડ કનેક્ટીવીટીની સુવિધા આપવાની શરૂઆત કરવામાં આવી છે. ભારતમાં સૌપ્રથમ ભવિષ્યમાં બુલેટ ટ્રેન ગુજરાતમાં શરૂ થવાની છે તે બદલ મંત્રી શ્રી સંઘવીએ સંબંધિત વિભાગોના અધિકારીઓ અભિનંદન પાઠવ્યા હતા.

**ન્યૂઝ બ્રિફ**

## ગેરકાયદેસર રહેતા લગભગ ૫૦ જેટલાં બાંગ્લાદેશીઓની અટકાયત

। (એજન્સી) અમદાવાદ, તા.૨૫ ।

અમદાવાદમાં ક્રાઈમ બ્રાન્ચ દ્વારા એક મોટી કાર્યવાહી કરાઈ હોવાના અહેવાલ સામે આવી રહ્યાં છે. મળતી માહિતી અનુસાર ક્રાઈમ બ્રાન્ચે લગભગ ૫૦ જેટલાં બાંગ્લાદેશીઓની અટકાયત કરી છે. જેઓ અમદાવાદમાં ગેરકાયદે રીતે રહેતા હતા. આ મામલે અમદાવાદના ડીસીપી ક્રાઈમ બ્રાન્ચ અજીત રાજિયને જણાવ્યું હતું કે અમે ૨૦૦થી વધુ લોકોની પૂછપરછ પણ કરી છે. પ્રાપ્ત વિગતો પ્રમાણે અમદાવાદ ક્રાઈમ બ્રાંચના કર્મચારીઓને બાતમી મળી હતી કે, ખોટા દસ્તાવેજો બનાવીને બાંગ્લાદેશી નાગરિકો શહેરમાં વસવાટ કરી રહ્યા છે. ત્યારે લોકલ મળતિયાઓના આધારે ખોટા દસ્તાવેજો ઉભા કરીને આધારકાર્ડ, પાનકાર્ડ જેવા ડોક્યુમેન્ટ તૈયાર કરાવ્યા હોવાની પણ માહિતી મળી છે. દિવાળી ટાળે ક્રાઈમ બ્રાન્ચ મોટી કાર્યવાહીથી ગેરકાયદે વસવાટ કરતા લોકોમાં ફફડાટ વ્યાપી જવા પામ્યો છે.

## ખટોદરા પોલીસે બાળકોના જીવનમાં રોશની પાથરી

। (એજન્સી) સુરત, તા.૨૫ ।

દિવાળીએ રોશનીનો પર્વ છે. સૌ કોઈ આ પર્વની ધામધૂમપર્વક ઉજવણી કરતા હોય છે. ત્યારે ગરીબ અને ઈન્ડસ્ટ્રીયલ વિસ્તારમાં રહેતા બાળકો માટે આ રોશનીનો પર્વ એક સ્વપ્ન સમાન હોય છે. પરંતુ તેમના આ સ્વપ્નને ખટોદરા પોલીસ સ્ટેશનના પી.આઈ અને તેમના સ્ટાફે પૂર્ણ કર્યું છે. આ પરિવારના બાળકોને ખટોદરા પોલીસ દ્વારા નવા કપડાં, મીઠાઈ અને ફટાકડા લઈ આપી ભોજન કરાવી દિવાળીનું પ્રી-સેલિબ્રેશન કર્યું હતું. દિવાળીના તહેવારમાં દરેક વ્યક્તિ નવા કપડાં ફટાકડા વગેરેની ખરીદી કરતા હોય છે પરંતુ ગરીબ અને મજૂર વર્ગના બાળકો માટે આ તહેવાર સ્વપ્ન સમાન હોય છે. કારણ કે તેમના માતા-પિતા પ્રતિદિનના રોજગાર પર જતા હોય છે તેમના માટે આવા તહેવારો પાછળ ખર્ચ કરવો ખૂબ જ અઘરો હોય છે, આવા પરિવારોમાં ખુશી ફેલાવવાનું કામ પોલીસ વિભાગ દ્વારા કરવામાં આવ્યું છે. હાલમાં એક વિડીયો ખૂબ જ વાયરલ થઈ રહ્યો છે. જેમાં ખટોદરા પોલીસ સ્ટેશનના પીઆઈ અને તેમના સ્ટાફ ગરીબ બાળકોને કપડાની ખરીદી કરાવી રહ્યા છે સાથે તેઓ સાથે દિવાળીના ફટાકડા ફોડીને દિવાળી સેલિબ્રેશન કરી રહ્યા છે.





પોલીસ મહાનિદેશકની કચેરી ખાતે ફરજ બજાવતા પોલીસ અધિકારી કર્મચારીઓ માટે પોલીસ ભવન ખાતે બે દિવસીય નિઃશુલ્ક મેડિકલ ચેકઅપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેનું ઉદ્દઘાટન રાજ્યના પોલીસ વડા વિકાસ સહાય દ્વારા કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં ૪૦૦ જેટલા પોલીસ અધિકારી કર્મચારીઓએ પોતાના તંદુરસ્ત સ્વાસ્થ્ય માટે વિવિધ મેડિકલ ટેસ્ટ કરાવ્યા હતા.

### અમદાવાદ પોલીસનો વધુ એક તોડકાંડ ચર્ચાનું કેન્દ્ર બન્યો

## અમદાવાદ પોલીસનો તોડકાંડ, ક્રિપ્ટો કરન્સીના સોદામાં ૨૫ લાખ ચાંઉ કર્યા

### એક મહિના પહેલાં નવરંગપુરામાં જ તોડ અંગે બે કોન્સ્ટેબલને સસ્પેન્ડ કરાયાં હતાં. હવે, ઝોન-૧ સ્કવોડ સામે આક્ષેપો થયાં છે

। (એજન્સી) અમદાવાદ, તા.૨૫ ।

અમદાવાદ પોલીસનો વધુ એક તોડકાંડ ચર્ચાનું કેન્દ્ર બન્યો છે. ક્રિપ્ટો કરન્સીનો એક સોદો થયો અને સીજી રોડ ઉપર આંગડિયા પેઢીમાં ૨૦ લાખ રૂપિયાનું ચૂકવણું થાય ત્યાં ઝોન-૧ સ્કવોડ પોલીસ પહોંચી હતી. આ ૨૦ લાખ રૂપિયા પોલીસે ચાંઉ કર્યાના આક્ષેપ સાથે રજૂઆત કરાતાં પોલીસ કમિશનરે તપાસના આદેશ આપ્યાં છે. ક્રિપ્ટો કરન્સીનો સોદો કરનાર અશોક નામનો શખ્સ અને પોલીસે પાંચ લાખ તેની પાસેથી લીધાનું રહસ્ય પણ ઘેરાયું છે. ચોંકાવનારી બાબત એ છે કે, એક મહિના પહેલાં નવરંગ પુરામાં જ તોડ અંગે બે કોન્સ્ટેબલને સસ્પેન્ડ કરાયાં હતાં. હવે, ઝોન-૧ સ્કવોડ સામે આક્ષેપો થયાં છે. અમદાવાદના અશોક નામના એક શખ્સે છેલ્લા એક-દોઢ વર્ષથી સુદર્શનભાઈ નામના વેપારી સાથે મિત્રતા કેળવી હતી. ૫૦ લાખના રોકાણ સામે અઠવાડિયામાં જ ૬૦ લાખ કમાવાની લાલચ આપી ચૂકેલો અશોકે હવે યુ.એસ.ડી.ટી. એટલે કે ક્રિપ્ટો કરન્સીની લાલચ આપી હતી. એક વ્યક્તિને પૈસાની જરૂરત હોવાથી ૩૦ લાખની ક્રિપ્ટો કરન્સી ૨૦ લાખમાં વેચવાની હોવાની વાત કરાઈ હતી. સુદર્શનભાઈએ પોતાના વોલેટમાં યુ.એસ.ડી.ટી. આવે તે પછી જ ૨૦ લાખ આપશે તેવી વાત કરી હતી. વસ્ત્રાપુર મોલ પાસે મુલાકાત કર્યા પછી પૈસાની ચૂકવણી કરવા માટે સુદર્શનભાઈને સીજી રોડ ઉપર આંગડિયા પેઢીમાં લવાયાં હતાં. વોલેટમાં ક્રિપ્ટો કરન્સી આવે તેની રાહ જોવાઈ રહી હતી ત્યાં મયૂર, અમીત સહિતના પોલીસ કર્મચારીઓ આવ્યાં હતાં. આંગડિયા પેઢીથી ૨૦ લાખ રૂપિયા સાથે સુદર્શનભાઈ અને અશોકને નવરંગપુરા પોલીસ સ્ટેશનના ઉપરના માળે લઈ જવાયાં હતાં.

ઝોન-૧ સ્કવોડની ઓફિસમાં પીએસઆઈ જેવા દેખાતાં એક અધિકારી પાસે બન્નેને ૨૦ લાખ રૂપિયા સાથે રજૂ કરવામાં આવ્યાં હતાં. કંઈક અજૂગતું થશે તેવી આશંકાથી સુદર્શનભાઈએ પોતાના ઓળખિતાઓને ફોન કર્યા હતા. દબાણ સર્જાતાં અશોકે જ ઝોન-૧ સ્કવોડને જવા દેવા માટેની ભલામણ કરવા સાથે સુદર્શનભાઈને ૨૦ લાખ પરત અપાવવા ખાતરી આપી હતી. બદલામાં અશોક રૂ. પાંચ લાખ ચૂકવે તેવી માગણી કરાઈ હતી. અગાઉ નવરંગ પુરામાં કામ કરી ચૂકેલા અને હાલ વેજલપુરમાં કાર્યરત પોલીસ કર્મચારીને મધ્યસ્થી બનાવીને પાંચ લાખ રૂપિયાનો હવાલો અપાયો હતો. આ પ્રકારે અશોક પાસેથી પાંચ લાખ મેળવાયાં હતાં.

## મોઢેરામાં ત્રણ યુવાનોએ બે સગીરાની છેડતી કરવાનો પ્રયાસ કર્યો

। (એજન્સી) મહેસાણા, તા.૨૫ ।

મહેસાણાના બહુચરાજીમાં અજાણ્યા યુવાનોએ સગીરાઓની છેડતી કરવાનો પ્રયાસ કર્યો હતો. સગીરાએ બૂમાબૂમ પાડતા પરિવારજનોએ બચાવી હતી. ત્રણ અજાણ્યા ઈસમોએ છેડતી બાદ મારામારી કરી હોવાની માહિતી મળી છે. મોઢેરા પોલીસ સ્ટેશનમાં યુવાનો સામે ફરિયાદ નોંધવામાં આવી છે. મહેસાણા જીલ્લામાં બહુચરાજીના મોઢેરા ગામમાં રસ્તામાં સ્કૂલેથી પરીક્ષા આપી ઘરે જતી બે સગીરાઓની અજાણ્યા ૩ યુવાનોએ છેડતી કરવાનો પ્રયાસ કર્યો હતો. જોકે, સગીરાઓએ બૂમાબૂમ કરતા પરિવારના લોકો બચાવવા દોડી આવ્યા હતા. સગીરાઓને બચાવવા જતા યુવાનોએ પરિવારના લોકો પર હુમલો કર્યા હતો. અસામાજીક તત્વોએ સગીરાઓ સાથે બિભત્સ વર્તન, ખરાબ ચેનચાળા બાદ છેડતી કરતા ચકચાર મચી ગઈ હતી. ત્રણ અજાણ્યા ઈસમોએ બચાવવા ગયેલી માતા, કાકી અને અન્ય શખ્સ ઉપર હુમલો કરી ફરાર થયા હતા. આ ત્રણ યુવાનો વિરૂદ્ધ મોઢેરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધવામાં આવી છે. ગઈકાલે મહેસાણા જીલ્લામાં વિજાપુરના ગુંદરાસણ ગામમાં રહેતા અનિલ ઠાકોર નામના ઈસમે યુવતીને લગ્નની લાલચ આપી દુષ્કર્મ આચર્યુ હતું. બાદમાં યુવતીને બદનામ કરી ફોટા પાડી સોશિયલ મીડિયા ઈન્સ્ટાગ્રામ પર વાયરલ કર્યા હતા. આ પરિણત યુવાને ૭ મહિનાઓથી અલગ અલગ ગેસ્ટહાઉસમાં લઈ જઈ પોતાની હવસનો શિકાર બનાવી હતી. પોલીસ તપાસમાં ઈન્સ્ટાગ્રામ આઈડી ઉપર વાયરલ કર્યા હોવાનું જાણવા મળ્યું હતું. વડનગર પોલીસ સ્ટેશનમાં ઈસમ વિરૂદ્ધ ગુનો નોંધવામાં આવ્યો છે. સુરતમાં સગીરા પરના દુષ્કર્મના કેસમાં પોલીસે ગોડાદરામાં વીઆર કોફી શોપની આડમાં ગેરકાયદે કપલ બોક્નાસ ચલાવતા કાફે સંચાલકની ધરપકડ કરી છે.

## વાવ વિધાનસભા પેટાચૂંટણીમાં કોંગ્રેસ પક્ષના ઉમેદવારે ગુલાબસિંહ રાજપુતના ઉમેદવારી પત્રક ભરતા પહેલા જંગી જાહેરસભા યોજાઇ





। વાવ, તા.૨૫ ।

વાવ વિધાનસભા પેટાચૂંટણીમાં કોંગ્રેસ પક્ષના ઉમેદવારશ્રી ગુલાબસિંહ રાજપુતના ઉમેદવારી પત્રક ભરતા પહેલા યોજાયેલ જંગી જનસભાને ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી શક્તિસિંહ ગોહિલ, વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતાશ્રી અમિત ચાવડા, ઉપનેતાશ્રી શૈલેષ પરમાર, બનાસકાંઠાના લોકપ્રિય સાંસદ શ્રીમતિ ગેનીબેન ઠાકોર સહિતના આગેવાનોએ જનસભાને સંબોધીને ભાજપાના અહંકારી જનવિરોધી શાસન પર આકરા પ્રહાર કર્યા હતા. વાવ વિધાનસભા કોંગ્રેસ પક્ષના ઉમેદવારશ્રી ગુલાબસિંહ રાજપુતના સમર્થનમાં યોજાયેલ સભામાં ધારાસભ્યશ્રી કાંતિભાઈ ખરાડી, દિનેશભાઈ ઠાકોર, શ્રી અમૃતજી ઠાકોર, પૂર્વ ધારાસભ્યશ્રી રઘુભાઈ દેસાઈ, શ્રી શિવાભાઈ ભૂરીયા, શ્રી નાથાભાઈ પટેલ, શ્રી ઈન્દ્રનીલ રાજ્યગુરુ, યુવક કોંગ્રેસના પ્રમુખશ્રી હરપાલસિંહ ચુડાસમા, શ્રી મહિપાલસિંહ ગઢવી, બનાસકાંઠા જિલ્લા પ્રમુખશ્રી ભરતસિંહ વાઘેલા, બનાસકાંઠા જિલ્લાના આગેવાનશ્રી કે.પી. ગઢવી, ઠાકરશી રબારી, શ્રી રાજુભાઈ જોષી, શ્રી રામજીભાઈ રાઠોડ, શ્રી ડામરાજી, શ્રી શૈલેષભાઈ સહિત હજારોની સંખ્યામાં જનમેદની જનસમર્થન સભામાં જોડાઈ હતી.

## કોંગ્રેસના ગુલાબસિંહ, ભાજપના સ્વરૂપજી ઠાકોર આમને સામને

। વાવ, તા.૨૫ ।

વાવ વિધાનસભા બેઠક માટે ઉમેદવારોના નામને લઈને ખૂબ લાંબી રાહ જોવી પડી છે. છેલ્લી ઘડીએ બંને પક્ષોએ પોતાના ઉમેદવારના નામોની જાહેરાત કરી છે. કોંગ્રેસે વાવ બેઠકના ઉમેદવાર માટે ગુલાબસિંહ રાજપૂતનું નામ કર્યું હતું. ત્યારબાદ હવે ભાજપે પણ પોતાના ઉમેદવાર તરીકે સ્વરૂપજી ઠાકોરના નામ પર મહોર મારતાંની સાથે જ વાવ બેઠકની ચૂંટણીનું ચિત્ર સ્પષ્ટ થઈ ગયું છે.

ભાજપ દ્વારા પહેલા ૯ લોકોને સુચના આપવામાં આવી હતી, મેન્ડેટ છેલ્લી ઘડીએ આપવાની વાત હતી. કોંગ્રેસની રણનિતિ પણ એવી જ હતી. પરંતુ કોંગ્રેસે ઉમેદવાર જાહેર કરતા ભાજપે સ્વરૂપજીને મેદાનમાં ઉતાર્યા તેથી બાકીના કોઈએ ફોર્મ ભરવાનું રહેતુ નથી. નારાજ લોકોને પણ મનાવી લેવાયા હોવાની ચર્ચા છે. ઉલ્લેખનીય છે કે સ્વરૂપજી ઠાકોર ૨૦૨૨માં વાવ બેઠક પરથી ગેનીબેન ઠાકોર સામે ચૂંટણી લડ્યાં હતાં અને ૧૫,૬૦૧ મતથી હારી ગયા હતા. ઠાકોર સેનાના પ્રદેશ ઉપાધ્યક્ષ રહી ચૂકેલા સ્વરૂપજી ઠાકોર વાવ તાલુકાના બીયોક ગામના રહેવાસી છે. તેઓ ૨૦૧૯માં બનાસકાંઠા બેઠક પરથી અપક્ષ ઉમેદવાર તરીકે લોકસભાની ચૂંટણી લડ્યા હતા. તેમને ૪૮,૬૩૪ મત મળ્યા હતા. કોંગ્રેસ જાતિગત સમીકરણોને ધ્યાનમાં રાખીને થરાદના પૂર્વ ધારાસભ્ય ગુલાબસિંહ રાજપૂતને વાવ બેઠકથી ટિકિટ આપી શકે છે. ૨૦૧૯ માં યોજાયેલી પેટા ચૂંટણીમાં તેઓ વિજેતા બન્યા હતા. તેમણે યુવા કોંગ્રેસ અને એનએસયુઆઈમાં ગુજરાત પ્રદેશ પ્રમુખ તરીકે પણ કામ કર્યું છે. ગુલાબસિંહ રાજપૂતને રાજકારણ વારસામાં મળ્યું છે. વાવ-થરાદ વિધાનસભા ભેગી હતી ત્યારે દાદા હેમાભાઈ રાજપૂત ૨૦ વર્ષ સુધી ધારાસભ્ય રહી ચૂક્યા છે.

લોકસભા ચૂંટણી ૨૦૨૪માં રાજ્યમાં કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી વચ્ચે ગઠબંધન થયું હતું. જેમાં ૨૬માંથી બે બેઠક ભરૂચ અને ભાવનગર બેઠક પર આમ આદમી પાર્ટી લડી હતી, જ્યારે બાકીની તમામ ૨૪ બેઠકો પર કોંગ્રેસે ઉમેદવાર ઉતાર્યા હતા. જો કે સુરત બેઠક બિનહરીફ થતા કોંગ્રેસે ૨૩ બેઠકો પર ચૂંટણી લડી હતી. લોકસભા ચૂંટણીમાં બનાસકાંઠા બેઠક પર વાવના ધારાસભ્ય રહેલા ગેનીબેન ઠાકોરની જીત થઈ હતી. ગુજરાતની ૨૬ બેઠકોમાંથી એક બેઠક કોંગ્રેસના ફાળે ગઈ હતી, જે બનાસકાંઠા બેઠક છે.

### મનપામાં ઐતિહાસિક બહુમતી સાથે ભાજપને સત્તા મળેલી છે

## ગાંધીનગરના પૂર્વ ડેપ્યુટી મેયરને ભાજપ પ્રમુખ દ્વારા શિસ્તભંગની નોટિસ અપાઈ

### પક્ષ વિરોધી પ્રવૃત્તિ તથા ગેરશિસ્ત બાબતે સાત દિવસમાં ખુલાસો ન કરે તો બરતરફ કરવાની ચીમકી

। (એજન્સી) ગાંધીનગર, તા.૨૫ ।

ગાંધીનગર મનપામાં ઐતિહાસિક બહુમતી સાથે ભાજપને સત્તા મળેલી છે. કોંગ્રેસમાંથી જીતેલા બંને સભ્યોના પક્ષ પલટા બાદ વિપક્ષમાં માત્ર એક જ સભ્ય છે. ૪૪ કોર્પોરેટરમાંથી ભાજપ પાસે હાલ ૪૩ સભ્યો છે. આવી જંગી બહુમતી છતાં ભાજપમાં આંતરિક જૂથબંધી વકરી રહી છે, જેના પગલે શહેર પ્રમુખે પૂર્વ ડેપ્યુટી મેયર અને વર્તમાન કોર્પોરેટર પ્રેમલજી ગોલને શિસ્ત ભંગની નોટિસ આપી છે.

ગાંધીનગર મહાનગર ભાજપના અધ્યક્ષ ઋચિર ભટ્ટે આપેલી નોટિસમાં જણાવાયું છે કે, પ્રેમલજી ગોલ ભાજપ -ગાંધીનગરના જવાબદાર સભ્ય છે અને ભાજપના ચિહ્ન પર ચૂંટાયેલા ગાંધીનગર મનપાના વર્તમાન સભ્ય છે. છેલ્લા ઘણાં સમયથી તેઓ પક્ષવિરોધી પ્રવૃત્તિઓ તથા અસહ્ય ગેરશિસ્ત આચરી રહ્યા છે. તેમની જાહેરમાં ભાષા તથા જવાબદાર કાર્યકર્તાઓ સાથેનો વ્યવહાર પક્ષના પાયાના સિદ્ધાંતોથી વિપરિત છે. પ્રેમલજીના વ્યવહાર તથા ગેરશિસ્ત માટે સંગઠનના જવાબદાર અધિકારીઓએ વારંવાર ટકોર કરેલી છે, પરંતુ તેમનો દુર્વ્યવહાર, ગેરશિસ્ત અને વાણી-વિલાસ હજુ ચાલુ છે.

પ્રેમલસિંહ ગોલ દ્વારા કથિત ગેરશિસ્ત અને દુર્વ્યવહાર બાબતે પ્રદેશ મહામંત્રી અને પ્રદેશ પ્રમુખ સમક્ષ પુરાવા સાથે રજૂઆત કરવામાં આવી છે. મહાનગર પ્રમુખ તથા સંગઠનના કેટલાક હોદ્દેદારોએ રૂબરૂમાં આ મામલે રજૂઆત કરી હતી. જેના પગલે પ્રદેશ મહામંત્રી અને પ્રદેશ પ્રમુખની સૂચનાથી આ નોટિસ આપવામાં આવી છે. કારણદર્શક નોટિસનો ૭ દિવસમાં ખુલાસો કરવામાંન આવે તો પ્રેમલજીને આ પત્ર બાબતે કંઈ કહેવાનું નથી તેમ માની પક્ષમાંથી તાત્કાલિક અસરથી બરતરફ કરવામાં આવશે.

ગાંધીનગર મ્યુનિ. તંત્રમાં ભાજપને ઐતિહાસિક બહુમતી મળ્યા બાદ આંતરિક જૂથબંધી વકરી રહી છે. ભાજપના સભ્યો અને હોદ્દેદારો અલગ-અલગ જૂથમાં વહેંચાઈ ગયા હોવાની અને પાયાના કાર્યકરોને હાંસિયામાં ધકેલી દેવાયા હોવાની લાગણી વધી રહી છે. ભાજપના અલગ-અલગ જૂથ દ્વારા પક્ષ અને મ્યુનિ. તંત્રમાં ચાલતી વિવિધ પ્રવૃત્તિઓ અંગે અવાર-નવાર પ્રદેશ પ્રમુખ અને મુખ્યમંત્રી સુધી રજૂઆતો કરવામાં આવે છે.

બંને જૂથના સભ્યો એકબીજા સામે સતત શંકાની નજરે જોતા હોય છે ત્યારે પ્રદેશ કક્ષાએ મંજૂરી સાથે લેવાયેલો આ નિર્ણય જૂથબંધી કાબૂમાં લાવશે કે પછી વકરાવશે તે અંગે તર્ક-વિતર્ક ચાલી રહ્યા છે.

### ભાવનગર માર્કેટિંગ યાર્ડમાં ખેડૂતો ઉગ્ર બન્યા

## કપાસની હરાજી મોડી શરૂ થવાના કારણે હોબાળો થયો

### કપાસની સારી આવક છતાં ભાવનગર યાર્ડમાં સમયસર હરાજી ન થતા ખેડૂતોએ વિરોધ નોંધાવ્યો હતો

। (એજન્સી) ભાવનગર, તા.૨૫ ।

ભાવનગર માર્કેટિંગ યાર્ડમાં ખેડૂતો ઉગ્ર બન્યા હતાં. માર્કેટિંગ યાર્ડમાં કપાસની હરાજી મોડી શરૂ થવાના કારણે ખેડૂતોએ હોબાળો કર્યો હતો. કપાસની ખરીદીમાં મોડું થવાના કારણે ખેડૂતોએ હરાજી શરૂ થવા નહતી દીધી. જેના કારણે યાર્ડના ચેરમેન તાત્કાલિક ધોરણે ખેડૂતો પાસે દોડી આવ્યા હતાં. ખેડૂતોનો આરોપ છે કે, ગુરૂવારથી સમયસર હરાજી કરવામાં આવી રહી નથી. આ વખતે કપાસની સારી આવક છતાં યાર્ડમાં સમયસર હરાજી ન થવાના કારણે ખેડૂતોએ વિરોધ નોંધાયો હતો. જે દરમિયાન ઉગ્ર બોલાચાલી થઈ ગઈ હતી. ત્યારબાદ ખેડૂતોએ હરાજી શરૂ કરવાનો ઈનકાર કરી દીધો હતો. આ વિશે ખેડૂતે જણાવ્યું કે, આ વર્ષે કપાસની ભરપૂર આવક હતી. જોકે, ખેડૂતો માર્કેટિંગ યાર્ડમાં હરાજી માટે પહોંચ્યા હતાં, પરંતુ કર્મચારી હાજર ન હતાં. કર્મચારીના મોડા આવવાના કારણે વેપારીઓએ હરાજી બંધ રાખી હતી. જેના કારણે બધાં ખેડૂતોનું ટોળું ઓફિસમાં પહોંચ્યું અને ઓફિસમાં પહોંચીને હરાજી બંધ રાખવાની વાતે વિરોધ કર્યો. તે સમયે વેપારી અને ખેડૂતો વચ્ચે બોલાચાલી થતાં મામલો વકર્યો હતો.

